ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 074 Issue No. 03 Date : 16-10-2026

આ અંકમાં

વિનોબા	૧	શંકરાચાર્યની અપ્રતિમ પ્રતિભા
રામધારી સિંહ 'દિનકર' અનુ. ડૉ.કિરણ શીંગ્લોત	૪	ભારતીય સંસ્કૃતિના ચાર અધ્યાય-૧
યશવન્ત મહેતા	૬	પ્રબુદ્ધ નાગરિક ભોગીલાલ ગાંધીનું પત્રકારત્વ
પ્રવીણ જ. પટેલ	૮	ભારતીય રાજ્ય બંધારણના ઘડતરમાં સરદાર પટેલની ભૂમિકા
ડૉ. કિરણ શીંગ્લોત	૧૨	તબીબી સારવારમાં અતિરેક - સંતુલન જરૂરી છે
ડંકેશ ઓઝા	૧૫	ભારતને ઘડનારા કોણ?
કાન્તિ શાહ	૧૬	આસુરી વૃત્તિનું સાક્ષાત્ સ્વરૂપ અમેરિકાનું આજનું રાજતંત્ર-૨
રેવારજ	૧૯	ડૉ.પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ-૫
રશાંસ	૨૧	વાંચનથાળ
આશા વીરેન્દ્ર	૨૪	બાપ કે દલાલ?

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
Vol.74 Issue No.03 1967 Date : 16-10-2026
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

સંત પરમ હિતકારી : (૨)

શંકરાચાર્યની અપ્રતિમ પ્રતિભા

○ વિનોબા ○

આજથી ૧૨૦૦ વર્ષ પહેલાં કેરલમાં જન્મેલા શંકરાચાર્યે આખા ભારતમાં બે વાર પગપાળા યાત્રા કરી. આ એ જમાનાની વાત છે, જ્યારે આવવા-જવા માટેનાં સાધનો નહોતાં. આપણે ભારતને એક દેશ માની લીધેલો – કાશ્મીરથી લઈને કેરલ સુધી. આજે કયાંક આ અખંડતાને તોડવાના પ્રયત્નો થઈ રહ્યા છે, સંકુચિત ચિત્ત કામ કરી રહ્યું છે. આપણા પૂર્વજોએ આ ભારતભૂમિને અખંડ, એકરસ બનાવી છે, એનું વિસ્મરણ થવા દેતા નહીં.

આજ સુધીનો ઇતિહાસ કહે છે કે હિંદુસ્તાને ક્યારેય બીજા દેશ પર આક્રમણ કર્યું નથી. શંકરાચાર્ય મલબારથી જ્ઞાનનો પ્રચાર કરતાં કરતાં હિમાલય સુધી આવ્યા, પણ એનાથી આગળ ન ગયા. ત્યાં સીમા આવી ગઈ. એમણે વિચારી લીધું કે જો મારા વિચારમાં તાકાત હશે તો એ આપોઆપ ફેલાશે.

શંકરાચાર્યે રાષ્ટ્રભાષાના વિચારથી જ પોતાના બધા ગ્રંથો સંસ્કૃતમાં લખ્યા. એમણે જો મલયાલમમાં લખ્યું હોત તો નજીકના લોકોની કદાચ વધુ સેવા કરી શક્યા હોત. પરંતુ એમને તો આખા ભારતમાં વિચારક્રાંતિ કરવી હતી, આખા હિંદુસ્તાનમાં પ્રચાર કરવો હતો; એટલે એમને સુલભ પદ્ધતિથી સંસ્કૃતમાં જ લખ્યું. મલયાલમ ભાષામાં પણ સંસ્કૃત શબ્દો ઘણા જોવા મળે છે. શંકરાચાર્યના ગ્રંથોના અધ્યયનને લીધે મલયાલમ સંસ્કૃતમય ભાષા થઈ ગઈ.

શંકરાચાર્યની રાષ્ટ્રીય ભાવનાનાં દર્શન એમના જીવન અને લેખન દ્વારા થાય છે.

પંચાયતન પૂજા

શંકરાચાર્યે આપણને અદ્વૈત શીખવાડ્યું. અદ્વૈતમાં મૂર્તિપૂજાને કોઈ સ્થાન નથી. પણ હિંદુધર્મ તો સેંકડો ઉપાસનાપંથ અને મૂર્તિઓથી ભરેલો હતો. એ લોકોના અંદરોઅંદરના ઝઘડા પણ ચાલ્યા કરતા. શંકરાચાર્ય પોતે મૂર્તિમાં નહોતા માનતા. તેમ છતાં પણ ઝઘડા મટાડવા માટે એમણે પંચાયતનની પૂજા શરૂ કરી. 'શં ના ર ગ દે' એટલે કે શંકર (શિવ), નારાયણ (વિષ્ણુ), રવિ (સૂર્ય), ગણપતિ અને દેવી – આ પાંચેયને એકસાથે બેસાડી દીધાં. જોકે આ દેવતાઓને એકસાથે બેસવામાં કોઈ તકલીફ નહોતી, તકલીફ કેવળ એમના ભક્તોને રહેતી. હવે આચાર્યે આ દેવતાઓને જ એકસાથે બેસાડી દીધા તો પછી એમના ભક્તોને પણ સાથે બેસવું જ પડ્યું. શંકરાચાર્યે એ સમયમાં બધા જુદા જુદા પંથોને એકસાથે લાવીને તેમને જોડવાનું કામ કર્યું. પછી તો આગળ જતાં બે દેવતાઓનાં નામ પણ એકસાથે રાખવા લાગ્યા – 'હરિહર' વગેરે.

શંકરાચાર્ય બરાબર જાણતા હતા કે બુદ્ધિની શુદ્ધિ માટે ભગવાનની ભક્તિથી ચઢિયાતું બીજું કોઈ સાધન અનુભવમાં નથી આવ્યું. તેઓ મહાન જ્ઞાની હતા. એમના ભાષ્યમાં અદ્વૈતની ગર્જના હતી. તેમ છતાં મલબારથી હિમાલય જતાં રસ્તામાં જે-જે મોટાં મોટા મંદિરો આવતાં ગયાં તેમની પર સ્તોત્ર રચતા ગયા. એ કેટલા બધા નમ્ર બન્યા ! શું એ નહોતા જાણતા કે આ પત્થરની મૂર્તિ તો માણસે બનાવી છે. એ ભગવાન કેવી રીતે હોઈ શકે ? પણ તેમ છતાં ય એમનું મસ્તક મૂર્તિ આગળ ઝૂકી જતું. એમણે તો નદીઓ પર પણ સુંદર સ્તોત્ર બનાવ્યાં. આનો સાર એ જ કે કોઈ પણ રીતે ભગવાનની ભક્તિ કરો અને ચિત્તશુદ્ધિ કરો. માનવ-દેહનું તો આ જ પ્રયોજન છે. જેણે પણ આ વાત સમજી લીધી છે તેનું જીવન ધન્ય થઈ ગયું.

અપ્રતિમ પ્રતિભા

શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય જે-તે જમાનાના અપ્રતિમ નેતા હતા, જેમણે દેશ આખાને અને હિંદુ ધર્મને આકાર આપેલો. આપણે ત્યાં જેટલી પણ ભક્તિની વિધ-વિધ પરંપરાઓ શરૂ થઈ, તેમાં મોટાભાગની તો આમના દર્શનમાંથી શરૂ થઈ છે. મહારાષ્ટ્રના જ્ઞાનદેવ વગેરે સંતો, બંગાળના રામકૃષ્ણ-વિવેકાનંદ વગેરે – આ બધા રામાનુજના શિષ્ય છે. આમ શંકર-રામાનુજ અને વલ્લભ અસાધારણ નેતા હતા. તેઓ આધ્યાત્મિક અનુભવી તો હતા જ, વિદ્વાન હતા અને સાથેસાથે લોકનેતા પણ હતા.

શંકરાચાર્ય આખી દુનિયાના ગુરુ છે. એમના શિષ્ય થઈ એમના શરણે ગયા વગર આ દુનિયાની બીજી કોઈ ગતિ નથી. શંકરાચાર્ય

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જ્ઞાનદેવની જેમ મા (माउली) નથી બની શક્યા. જ્ઞાનદેવમાં પૂર્ણ બ્રહ્મચર્યનું લક્ષણ એટલે કે સ્ત્રી અને પુરુષ બંનેનું હોવું. આ લક્ષણ જ્ઞાનદેવમાં પૂર્ણરૂપે સ્પષ્ટ પ્રગટ થયેલું જોવા મળે છે, જે શંકરાચાર્યમાં ઢંકાયેલું રહ્યું.

શંકરાચાર્ય ઉત્તમ શિષ્ય હતા. કેમ કે તેઓ એમના ગુરુ ગોવિંદપાદ કરતાં સવાયા સિદ્ધ થયા. આમ શિષ્યના નાતે તેઓ પાસ છે. પણ ગુરુના નાતે નાપાસ છે. કેમ કે એમના પછી કોઈ સવાયા શંકરાચાર્ય આગળ નથી નીકળ્યા.

પંડિત નહેરુએ ઇતિહાસના એક ગ્રંથમાં દક્ષિણ ભારતનાં સામ્રાજ્યોનું વર્ણન કર્યું છે. એ જ પ્રકરણમાં શંકરાચાર્યે કરેલા કાર્યનું પણ વર્ણન કર્યું છે. એમાં તેઓ કહે છે કે દક્ષિણે અનેક રાજ્ય પેદા કર્યાં અને એક મહાપુરુષ પેદા કર્યો. જવાહરલાલજી આપણી જેમ કાંઈ ભાવુક નહોતા. પણ એમણે ગ્રામજનોએ કરેલ આ મૂલ્યાંકનનો – એક મહાપુરુષ અનેક રાજ્યો કરતાં શ્રેષ્ઠ છે – સ્વીકાર કર્યો.

તિલકજીએ 'ગીતા રહસ્ય'માં 'અધ્યાત્મ' પ્રકરણ લખ્યું છે, જે શંકરાચાર્યના વિચાર મુજબ જ લખ્યું છે. એમણે બાકીના વિષયોમાં શંકરાચાર્યનો વિરોધ પણ કર્યો છે. શંકરાચાર્યે સંન્યાસની વાત કરી, તિલકે કર્મયોગની વાત કરી. તિલકજીને બીજી પણ કેટલીક વાતોમાં શંકરાચાર્યના વિચાર માફક નહોતા આવતા. તેમ છતાં એમણે લખ્યું કે આ દુનિયામાં શંકરાચાર્ય જેવો અલૌકિક તત્ત્વજ્ઞાની થયો નથી.

લોકમાનસ પર જેટલી શબ્દોની અસર પડતી હોય છે, એના કરતાં તો ઘણી વધારે જીવનની અસર થતી હોય છે. એટલા માટે નિર્ગુણ દષ્ટિએ યદ્યપિ શબ્દ શ્રેષ્ઠ સાબિત થાય છે તો પણ સમાજમાં વિશિષ્ટ જીવન વધુ અસરકારક સાબિત થતાં હોય છે. ઈશુ ખ્રિસ્તનું જીવન હટાવી દઈએ તો એમણે આપેલા બોધ-ઉપદેશમાં કોઈ સામર્થ્ય દેખાતું નથી. શંકરાચાર્યના શબ્દો પાછળ જે જીવનશક્તિ હતી એને બાજુમાં હટાવી દો તો કેવળ એમના ગ્રંથોમાં એવું કોઈ સામર્થ્ય દેખાતું નથી કે જેની અસર હેઠળ આખું ભારત ૧૨૦૦ વર્ષોથી ચાલી રહ્યું છે.

શંકરાચાર્યના જ્ઞાન-દર્શનમાં સમાજ પરિવર્તનની શાંકર-પ્રક્રિયા પણ સમજવા જેવી છે.

હૃદય-પરિવર્તનની પ્રક્રિયા

શંકરાચાર્યે ગીતાભાષ્યમાં આ મુદ્દો ઉઠાવ્યો છે કે શ્રીકૃષ્ણે કેમ અર્જુનને ગીતા કહી ? સાથે સાથે ઉત્તર પર આપી દીધો કે અર્જુન તે સમયમાં અત્યંત ગુણવાન પુરુષ હતો. જો ધર્મવિચાર કોઈ ગુણીજનને કહેવામાં આવે તો તે વિચાર ફેલાતો હોય છે કેમ કે ગુણવાન માણસ ધર્મ પર આચરણ કરે છે અને એટલે તે ચોક્કસ આપોઆપ ફેલાવા લાગે છે. ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે અર્જુન ગુણવાન તો હતા જ અને એમનામાં શ્રવણ કરેલ ઉપદેશને આચરણમાં મૂકવાની શક્તિ પણ હતી. માટે જ શ્રીકૃષ્ણે ધર્મપ્રચારના સાધનરૂપે અર્જુનને પસંદ કર્યો. શંકરાચાર્યે આ પદ્ધતિ દ્વારા પોતાના વિચારોના પ્રચારની પદ્ધતિ પણ બતાવી દીધી. એમના જમાનામાં બધા લોકોને સંસ્કૃત ભાષા નહોતી આવડતી. ગણ્યા-ગાંઠ્યા મોટા લોકો જાણતા હતા. એટલે એમની પદયાત્રામાં જ્યાં જ્યાં ધાર્મિક અને ગુણવાન વ્યક્તિને મળ્યાં, એમની સાથે ધર્મચર્ચા કરી. આમ, આવા લોકો સાથે ધર્મચર્ચા કરવી, એમના વિચારોમાં પરિવર્તન લાવીને એમના દ્વારા ધર્મનો પ્રચાર કરવો, આવી એમની હૃદય-પરિવર્તનની પ્રક્રિયા હતી.

શંકરાચાર્ય જાણતા હતા કે દુનિયામાં ત્રણ પ્રકારના લોકો હોય છે : સાત્ત્વિક, રાજસ અને તામસ. શંકરાચાર્ય સાત્ત્વિક લોકોને શોધતા અને પછી એમની સાથે જ્ઞાન-ચર્ચા કરતા. એમનું દઢ માનવું હતું કે જો એમના વિચારો એક વાર ગ્રહણ કરી લેશે તો બસ પછી આગળનું કામ એ વિચાર ગ્રહણ કરનારાઓ કરશે.

૩૨ વર્ષની અલ્પાયુમાં શંકરાચાર્યે સંશયાકુલ સમાજને વિચારનિષ્ઠ બનાવ્યો. જ્યારે સમાજમાં લોકોને વિચાર પર નિષ્ઠા નહોતી, અનેક શંકાઓથી મન બેચેન રહેતું હતું, તેવા સમયમાં એમણે વિચારનિષ્ઠા પ્રદાન કરી. આ ઘણું મોટું કામ થયું. એમના પછી આવનારા રામાનુજ, માધવાચાર્ય, વલ્લભાચાર્ય માટે કામ સરળ થઈ ગયું. કેમ કે અગાઉ જ નિષ્ઠા-નિર્માણનું કામ થઈ ચૂક્યું હતું.

કેવળ માર્ગ-દર્શક પાટિયું (Sign-board)

જેમનું હૃદય શુદ્ધ છે તેમની પાસે જવું અને નિષ્ઠા પ્રદાન કરવી, શંકરાચાર્યની હૃદય-પરિવર્તન માટેની આ સર્વોત્તમ પ્રક્રિયા છે. મારી પણ નિષ્ઠા આ વિચાર પર છે. વિચારોમાં જે શક્તિ પડી છે, તે બીજે ક્યાંય નથી. રામદાસ સ્વામી કહે છે કે – जितुकें काहीं आपणासी ठावें, तितुकें हळूहळू शिकवावें । शाहणे करूनि सोडावें, बहुत जन – તમારી પાસે જે કંઈ જ્ઞાન પડ્યું છે, તે ધીરે ધીરે બીજાને આપો. બધાંને જ્ઞાનવાન બનાવી દો અને પછી એમને કહો કે ભાઈઓ, તમે જ્ઞાનવાન થઈ ગયા છો, હવે તમે જાઓ, અને પોતાની બુદ્ધિ અનુસાર કામ કરો. આજકાલ આપણે બધાંને નિયમો અને કાયદાથી જકડી લેવા માંગીએ છીએ. વિચારને

આ અંકમાં

વિનોબા	૧	શંકરાચાર્યની અપ્રતિમ પ્રતિભા
રામધારી સિંહ 'દિનકર' અનુ.ડૉ.કિરણ શીંગ્લોત	૪	ભારતીય સંસ્કૃતિના ચાર અધ્યાય-૧
યશવન્ત મહેતા	૦૬	પ્રબુદ્ધ નાગરિક ભોગીલાલ ગાંધીનું પત્રકારત્વ
પ્રવીણ જ. પટેલ	૦૮	ભારતીય રાજ્ય બંધારણના ઘડતરમાં સરદાર પટેલની ભૂમિકા
ડૉ. કિરણ શીંગ્લોત	૧૨	તબીબી સારવારમાં અતિરેક-સંતુલન જરૂરી છે
ડંકેશ ઓઝા	૧૫	ભારતને ઘડનારા કોણ ?
કાન્તિ શાહ	૧૬	અમેરિકાનું આજનું રાજતંત્ર-૨
રેવારજ	૧૯	ડૉ.પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ-૫
રશાંસ	૨૧	વાંચનથાળ o કબીર ઉપનિષદ o સુભાષચંદ્ર બોઝ o શ્રી નિસર્ગદત્ત મહારાજ o શ્રી શારદામણિદેવી o અંગદનો પત્ર
આશા વીરેન્દ્ર	૨૪	બાપ કે દલાલ ?

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

માટે કોઈ અવકાશ જ બચવા દેતા નથી. પરંતુ શંકરાચાર્ય તો સમજાવવા સિવાય બીજું કંઈ જ નહોતા કરતા. તેઓ કહેતા હતા કે शास्त्रं ज्ञापकं, न तु कारकम् । – આપણે તો બસ સમજાવવાના અધિકારી છીએ, કરાવી લેવાના નહીં.

આપણું કામ તો લોકોને વિચાર સમજાવવો અને પછી એમને એમની ઇચ્છાનુસાર કામ કરવા છોડી દેવાના છે. થવા દો એમના દિમાગમાં કુરુક્ષેત્રનું યુદ્ધ. આ મંથન એમને ચેન નહીં પડવા દે. એ મંથનનો મુકાબલો એ પોતે જાતે જ કરે, આપણે વચમાં ન પડીએ. આ છે શાંકર-પ્રક્રિયા. રસ્તો દેખાડનાર પાટિયાની જેમ કેવળ રસ્તો બતાવી દઈએ. આને બુદ્ધિ-સ્વાતંત્ર્ય કહે છે.

સંઘર્ષ-રહિત પદ્ધતિ

શંકરાચાર્યની આ વિચાર-પ્રચારની પદ્ધતિ હોવાને લીધે હિંદુધર્મમાં ક્યાંય ઘર્ષણ થયું નથી. યૂરોપમાં વિજ્ઞાનના નવા નવા આવિષ્કારોનો ચર્ચની સાથે સંઘર્ષ થયો. વિજ્ઞાન સૃષ્ટિવિષયક નવીન આવિષ્કારોની વાત સમાજ સામે રાખવા લાગ્યું તો ચર્ચે કહ્યું કે આ તો બાઇબલની વિરુદ્ધ છે. વિજ્ઞાનીઓએ કહ્યું કે આ સૃષ્ટિ તો કરોડો વર્ષ જૂની છે, તો ચર્ચ કહેતું હતું કે તે છ હજાર વર્ષ જૂની છે. ગેલેલિયોએ કહ્યું કે પૃથ્વી ફરે છે, તો ધર્મશાસ્ત્રીએ વિરોધ કર્યો અને કહ્યું કે પૃથ્વી સ્થિર છે. આમ વિજ્ઞાન અને ધર્મશાસ્ત્ર વચ્ચે સંઘર્ષ શરૂ થઈ ગયો. આ માટે ગેલેલિયોને સહન પણ ખૂબ કરવું પડ્યું. વિજ્ઞાનીઓ પર આ પ્રકારના અત્યાચાર ભારતમાં પણ થઈ શકત. પણ ન થયા. એનું શ્રેય શંકરાચાર્યને છે. એમણે લખ્યું કે – न हि श्रुतिशतमपि अग्निरनुष्ण इति ब्रुवन प्रामाण्यमुपैति । સો સો વેદ આવીને જો કહે કે અગ્નિ ગરમ નથી હોતો, તો કોઈ એને માનશે નહીં, કેમ કે આ તો વિજ્ઞાનનો, પ્રત્યક્ષનો વિષય છે. આનાથી શ્રુતિવિરોધ – ધર્મવિરોધ થઈ જ ન શકે. આ શંકરાચાર્યનો પ્રતાપ છે. અને એટલા માટે અહીં વિચાર-સ્વાતંત્ર્ય અને બુદ્ધિ-સ્વાતંત્ર્ય રહી શક્યું છે.

વિચાર-નિષ્ઠા

શંકરાચાર્ય કહેતા કે કોઈ પણ મારી સામે આવે, હું એને વિચાર જ સંભળાવીશ અને હું એના વિચારો જ સાંભળીશ. આમ, એમણે ભારતના છિન્નભિન્ન થઈ ગયેલા વિચારને એકદમ યોગ્ય રૂપ આપ્યું અને હિંદુધર્મને મજબૂત વૈચારિક બેઠક આપી. એમની પ્રતિજ્ઞા જ હતી કે મારી પાસે વિચાર સિવાય બીજી કોઈ શક્તિ નથી. એમની જ્ઞાનશક્તિ અને વિચારશક્તિ પર અટલ શ્રદ્ધા હતી. તેઓ કહેતા કે 'કોઈ ન સમજતું હોય તો તે સમજે ત્યાં સુધી હું એને સમજાવ્યા જ કરીશ.'

તેઓ કહેતા કે હું તમારી પાસે કોઈ વસ્તુ કરાવવા માંગતો નથી, બસ કેવળ સમજાવવા માગું છું. પરંતુ આજે એમના મઠાધિપતિ સત્તા ચલાવે છે. એમના નામે આજ્ઞા-પત્ર નીકળે છે, તેઓ કેટલાક લોકોને બહિષ્કૃત કરે છે, કેટલાકને પ્રાયશ્ચિત્ત કરવાનું કહે છે. આ આપણા દેશમાં જ નહીં, પણ યૂરોપાદિ, સર્વત્ર છે. હકીકતમાં તો ધર્મના ક્ષેત્રમાં સત્તાને કોઈ સ્થાન જ ન હોવું જોઈએ. કેમ કે અહીં તો વિચાર સમજાવવાની જ વાત છે.

કોઈ પણ વિચાર જો તત્ત્વજ્ઞાનમૂલક ન હોય તો આપણી વૃત્તિ જ ડામડોળ થઈ જશે. એમણે આપણા સમાજને જે આચરણ – વ્યવહાર શીખવાડ્યો એના મૂળમાં રહેલા તત્ત્વજ્ઞાનને બુદ્ધિપૂર્વક સમજાવ્યું. જે સમાજને યોગ્ય લાગે એ જ લોકો એ વિચારને અપનાવે – એવું તેઓ કહેતા રહ્યા. આ એમની મહાનતા ગણાય. તત્ત્વજ્ઞાન ન સમજાય અને પછી સમજ્યા વગર જ તેનું આચરણ કરતા રહે તેવી એમની ઇચ્છા નહોતી. ઊલટું, તત્ત્વજ્ઞાન ગ્રહણ થતું હોય તો જ આચરણ કરવું – અન્યથા સ્વતંત્રરૂપે મને આચરણની જરૂર લાગતી નથી.

જ્ઞાન એ જ મારું શસ્ત્ર અને અસ્ત્ર

શંકરાચાર્ય એટલા મહાન હોવા છતાં તેઓ પોતાના વિચારોને ઉત્તમ તર્ક દ્વારા રાખતાં પહેલાં પૂર્વનાં વચનોનો આધાર આપતા હતા. કોઈ કહે છે કે, આવા આધાર આપવા એ પંગુતા છે. હું આને પંગુતા નહીં, પણ બુદ્ધિમાની ગણું છું. અનંત અનુભવોથી ભરેલા સમૃદ્ધ, અર્થઘન શક્તિશાળી જૂના શબ્દોનો જે ઉપયોગ કરે છે, તે એનું ઋણ ક્યારેય ભૂલી શકતો નથી.

હું શંકરાચાર્યનાં ચરણ-ચિહ્નો પર ચાલનાર માણસ છું. એમના ગ્રંથોનો અભ્યાસ કરું છું. મારી પાસે વિચાર સમજાવવા સિવાય બીજું કોઈ સાધન નથી. આ વાત જો તમે શીખી લેશો તો આપણા દેશનો વૈભવ વધી જશે.

શંકરાચાર્યની આ જે પ્રતિજ્ઞા છે – જ્ઞાન એ જ મારું શસ્ત્ર છે અને એ જ અસ્ત્ર પણ છે. આ જ્ઞાનના બળે જ દરેક પ્રકારના અજ્ઞાનને પરાસ્ત કરીશ – આવી હિંમત આજે આપણા ભારતને પણ હોય !

હિંદુધર્મના પ્રચારનું કામ શંકરાચાર્યે જેટલું કર્યું છે, ભાગ્યે જ કોઈ હશે જેમણે એમનાથી વધારે ધર્મપ્રચારનું કાર્ય કર્યું હશે. તેઓએ લખ્યું છે કે ''ધર્મતત્ત્વના પ્રચારનું એકમાત્ર સાધન બુદ્ધિ છે. જો કોઈ નથી સમજતું તો એને બુદ્ધિથી સમજાવવાનું છે. તેમ છતાં પણ તે નથી સમજતો, તો ફરીથી સમજાવવાનું છે. આમ બુદ્ધિ સિવાય વિચારપ્રચારનું બીજું કોઈ શસ્ત્ર નથી કેમ કે અજ્ઞાનને દૂર કરવાનું કામ જ્ઞાન જ કરી શકે છે.''

ગાયત્રી મંત્રમાં પ્રાર્થના કરવામાં આવી છે કે અમને બુદ્ધિ આપો. આમ ધર્મપ્રચાર કરવા માટે બુદ્ધિ સિવાય બીજું કોઈ હથિયાર નથી. ઉદાહરણ આપું તો હિંદુધર્મમાં મનુષ્યના પુનર્જન્મનો વિચાર થયો છે. આ જન્મમાં મનુષ્ય જે કાર્ય કરે છે તે જો પૂરાં નથી કરી શકતો તો બીજા જન્મમાં તેને પૂર્ણ કરવાના પ્રયત્ન કરે છે. આમ માણસનો નિરંતર વિકાસ થતો રહે છે. હવે માની લો કે આ વિચારને કોઈ નથી માનતું તો શું તમે એને સત્તા કે કાયદા દ્વારા માનવા માટે લાચાર કરશો ? માની લો કે હિંદુ રાજ્યની સ્થાપના થઈ, તો એમાં એવો કાનૂન બનશે કે જે પુનર્જન્મના વિચારને માનતો હોય એ જ લોકો રાજ્યમાં રહે અને બાકીના બહાર જતા રહે અથવા તેમને જેલભેગા કરવામાં આવશે. પુનર્જન્મનો વિચાર તો બુદ્ધિથી જ સમજવાનો વિચાર છે. મને એવા અનેક હિંદુઓ

(જુઓ પાન નં. ૨૩)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભારતીય સંસ્કૃતિના ચાર અધ્યાય-૧

લેખક પરિચય

ભારતીય રાષ્ટ્રકવિ તરીકે વિખ્યાત અને લોકપ્રિય લેખક શ્રી રામધારી સિંહ દિનકરનો જન્મ ૨૩ સપ્ટેમ્બર ૧૯૦૮ના રોજ બિહારના બેગુસરાય જિલ્લામાં સિમરિયા ગામે એક કૃષિ પરિવારમાં થયેલો. એમનું બાળપણ ઘણું સંઘર્ષમય વીત્યું હતું. એ માંડ બે વર્ષના હતા ત્યારે એમણે એમના પિતાનું છત્ર ગુમાવેલું. એમનું અને એમનાં ભાઈબહેનનું લાલનપાલન એમની વિધવા માતાએ કરેલું. શાળાશિક્ષણ માટે એમને ગંગા નદી પાર કરીને પગપાળા લાંબું અંતર કાપવું પડતું. એમનું બાળપણ ખેતરો, વાંસનાં વન, આમ્રવૃક્ષો, ખુલ્લાં મેદાનો અને ગ્રામીણ વિસ્તારમાં વીતેલું. આથી પ્રકૃતિનો એમના મન પર ખૂબ પ્રભાવ પડ્યો અને એને લીધે એમના જીવનની કઠોરતા હળવી પડી અને એમની કલાત્મકતાનો વિકાસ થયો. પટણા વિશ્વ વિદ્યાલયમાંથી એમણે ઇતિહાસ અને રાજનીતિના વિષય સાથે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી. અભ્યાસ દરમિયાન એમણે સંસ્કૃત, બંગાળી, અંગ્રેજી અને ઉર્દૂ ભાષાનો ઊંડો અભ્યાસ કર્યો હતો. છતાં હિન્દી ભાષા પ્રત્યેના એમના અપાર પ્રેમને કારણે એમણે સાહિત્યનો માર્ગ અપનાવ્યો. એ પછી આજીવિકા માટે આ જ વિશ્વવિદ્યાલયમાં અધ્યાપક તરીકે જોડાયા હતા. પછી ટૂંકા સમય માટે બિહાર સરકારમાં સબ-રજિસ્ટ્રાર તરીકે નોકરી કરેલી. ત્યારબાદ અંગ્રેજ સરકારમાં યુદ્ધ-પ્રચાર વિભાગમાં પણ કામ કરી ચૂકેલા. આ દરમિયાન એમણે અંગ્રેજો વિરુદ્ધ કવિતાઓ પણ લખેલી. આઝાદી બાદ મુઝફ્ફર કૉલેજમાં હિન્દી વિભાગના અધ્યક્ષપદે રહી ચૂકેલા. ઈ.સ. ૧૯૫૨ પછી બે કાર્યકાળ માટે તેઓ રાજ્યસભામાં સંસદ સભ્ય તરીકે પણ નિયુક્ત થયેલા, આ દરમિયાન વર્ષ ૧૯૬૩ થી ૧૯૬૫ દરમિયાન ભાગલપુર વિશ્વવિદ્યાલયમાં ઉપકુલપતિ તરીકે એમની નિમણૂક થયેલી. આ ઉપરાંત ભારત સરકારે એમને સન ૧૯૬૫ થી ૧૯૭૧ દરમિયાન હિંદી ભાષાના સલાહકાર તરીકે નીમ્યા હતા. એમની કવિતાઓમાં ઓજસ્વિતા, વિદ્રોહ, વીરરસ અને આક્રોશ સાથે શૃંગાર રસની પણ ઝલક જોવા મળે છે. એમને આધુનિક યુગના વીરરસના શ્રેષ્ઠ કવિ તરીકેની ઓળખ મળેલી છે. એમણે મુક્તક કાવ્ય અને પ્રબંધ કાવ્ય એમ બન્ને પ્રકારની કાવ્યરચનાઓ પર પોતાનો કસબ અજમાવેલો. એમની કવિતાઓ સાહસ, દેશભક્તિ અને સામાજિક ચેતનાથી ભરપૂર હોય છે. એમની સન ૧૯૨૮માં લખાયેલી સૌથી પહેલી કવિતા 'વિજય સંદેશ' સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વમાં થયેલા બારડોલી સત્યાગ્રહ પર આધારિત હતી. એમનો પહેલો કાવ્યસંગ્રહ પણ ઈ.સ. ૧૯૨૮માં 'બારડોલી વિજય' નામથી પ્રકાશિત થયો હતો. કવિતાઓ ઉપરાંત એમણે નિબંધો, સંસ્મરણ, સાહિત્ય સમીક્ષા, રોજનિશી અને ઇતિહાસ વગેરે સ્વરૂપમાં વિપુલ ગદ્ય સાહિત્યનું ખેડાણ કર્યું છે. એમણે કુરુક્ષેત્ર (૧૯૪૬), રશ્મિરથી (૧૯૫૧), ઉર્વશી (૧૯૬૧) નામથી વિખ્યાત પ્રબંધ કાવ્યો લખેલાં. ઉપરાંત એમનાં મુક્તક કાવ્યોમાં પ્રણભંગ, રેણુકા, હુંકાર, રસવંતી, દ્વંદ્વગીત, સામધેની, બાપૂ, ઇતિહાસ કે આંસુ, નીમ કે પત્તે, રેતી કે ફૂલ, નીલ-કુસુમ, વેણુવન તેમ જ ધૂપ ઔર ધૂઆંનો સમાવેશ થાય છે. દ્વાપર યુગની ઐતિહાસિક ઘટના મહાભારત પર એમણે રચેલા કુરુક્ષેત્ર નામક પ્રબંધ કાવ્યને વિશ્વનાં એક સો જેટલાં સર્વશ્રેષ્ઠ કાવ્યોમાં ૭૪મું સ્થાન આપવામાં આવ્યું છે. ગદ્યસાહિત્ય અને સાહિત્ય આલોચનમાં એમની મિટ્ટી કી ઓર, સાહિત્ય ઔર સમાજ, દિનકર કી ડાયરી, વિવાહ કી મુસીબતેં , હે રામ!, સંસ્મરણ ઔર શ્રદ્ધાંજલિયાં, મેરી યાત્રાએં તથા સંસ્કૃતિ કે ચાર અધ્યાય જેવી લગભગ બે ડઝન જેટલી કૃતિઓનો સમાવેશ થાય છે. એમનો ઉજલી આગ નામનો બોધકથાઓનો એક સંગ્રહ પણ પ્રગટ થયો છે.

શ્રી રામધારી સિંહ સ્વભાવે સૌમ્ય અને મૃદુભાષી હતા, પણ દેશના હિત-અહિતની વાત આવતી ત્યારે તેઓ સ્પષ્ટવક્તા તરીકે ટીકા કરતા રોકાતા નહીં. સન ૧૯૬૨માં ભારતની ચીન સામે યુદ્ધમાં કારમી હાર થઈ ત્યારે રામધારી સિંહે સંસદમાં જવાહરલાલ નહેરુની રાજકીય અને યુદ્ધનીતિનો કઠોર વિરોધ કરતી એક કવિતા લખીને વાંચી સંભળાવી હતી, જે સાંભળીને પ્રધાનમંત્રી નહેરુનું મસ્તક શરમથી નમી ગયું હતું.

શ્રી રામધારી સિંહ દિનકરને એમની 'સંસ્કૃતિ કે ચાર અધ્યાય' પુસ્તક માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર તેમ જ કાવ્યકૃતિ 'ઉર્વશી' માટે જ્ઞાનપીઠ પુરસ્કારથી નવાજિત કરવામાં આવ્યા હતા. સન ૧૯૫૯માં ભારત સરકારે એમને પદ્મભૂષણથી સન્માનિત કર્યા હતા. એમની સ્મૃતિમાં ભારત સરકારે ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી. શ્રી રામધારી સિંહ દિનકર હિંદી ભાષાના એક ઉત્તમ લેખક, કવિ અને નિબંધકાર ઉપરાંત સ્વાતંત્ર્યસેનાની પણ હતા. એમની ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ, વિવિધતા અને સાંસ્કૃતિક સમન્વયની રજૂઆત કરતી વિખ્યાત રચના 'સંસ્કૃતિ કે ચાર અધ્યાય' (૧૯૫૬)નો સાર અત્રે લેખમાળા રૂપે રજૂ કરવામાં આવ્યો છે.

૧. માનવસંસ્કૃતિ

વિશ્વભરમાં વિવિધ માનવીય સંસ્કૃતિઓનો ઇતિહાસ આશરે ૪૦૦૦ થી ૬૦૦૦ વર્ષ જૂનો છે. ઈસવી સનના ૪૦૦૦ થી ૩૦૦૦ વર્ષ પહેલાં માનવી સંસ્કૃત બનતો ગયો. સૌથી પહેલી સંસ્કૃતિ સુમેર (મેસોપોટેમિયા)માં જન્મી. એનો વિકાસ યુફ્રેટિસ અને ટાઇગ્રિસ નદીઓના કાંઠે થયો. એટલે આ બન્ને નદીઓને 'માનવ સંસ્કૃતિનું પારણું' કહેવામાં આવે છે. આ પછી ક્રમશઃ મિસર (ઈજિપ્ત), સિંધુ, ચીન, અમેરિકા અને ભૂમધ્ય પ્રાંતમાં અલગ અલગ સંસ્કૃતિઓ વિકસતી ગઈ. સંસ્કૃતિનો વિકાસ એ કુદરતની દેણગી નથી, પણ મનુષ્યએ પોતે કર્યો છે.



સંસ્કૃતિ એ માનવીની ભીતરમાં પ્રગટેલી અને પ્રકાશિત જ્યોત છે. એ ઘણી પ્રાચીન છે. સંસ્કૃતિ એ કેવળ ભાષા, ધર્મ, કળા, સંગીત અને રીતરિવાજોનો સંગ્રહ નથી. બ્રિટનના

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વિખ્યાત વિજ્ઞાની ચાર્લ્સ ડાર્વિને ઓગણીસમી સદીમાં એવો ક્રાંતિકારી સિદ્ધાંત રજૂ કર્યો હતો કે નીચલા વર્ગનાં પ્રાણીઓમાંથી વાનર સ્વરૂપમાં થઈને ઉત્ક્રાંતિના ક્રમમાં માનવી પેદા થયો. વાનરો આપણા પૂર્વજો છે. પણ પ્રાણીઓ અને વાનરોની પોતાની કોઈ સંસ્કૃતિ નથી. સંસ્કૃતિ એ માનવીની જ આગવી ઓળખ છે. એ માનવીના આત્માનું એવું મૌન સંગીત છે, જે આપણે અનેક યુગોથી સાંભળતા આવ્યા છે. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. એને અન્ય પ્રાણીઓની માફક એક ખોળિયું જરૂર છે, પણ સાથે ઉત્ક્રાંતિમાં એના મસ્તકમાં મગજનો અદ્‌ભુત વિકાસ થયો છે. પ્રાણીઓની પાસે આટલું વિકસિત મગજ નથી. માનવીના વિકસિત મગજમાં મનનો વિકાસ થયો છે. આ મન દ્વારા મનુષ્ય હજારો વર્ષ દરમિયાન જીવનને સુંદર, સાર્થક અને સંતુલિત બનાવવા માટે જ્ઞાન, કળાઓ, ભાષાઓ, સામાજિક વ્યવહાર, મૂલ્યો અને જીવનદૃષ્ટિનો ઉત્તરોત્તર વિકાસ કરતો ગયો છે. માનવીની આ ઉત્તમ રચનાઓમાંથી જ એની સંસ્કૃતિનું સંકલન થયું છે.

સંસ્કૃતિ એટલે સંસ્કાર + કૃતિ, જેનાથી જીવન સંસ્કારિત થાય, ઉન્નત બને, વિશુદ્ધતા ધારણ કરે અને જે જીવનને પ્રાણીઓના સ્તરથી ઊંચે લઈ જાય. સંસ્કૃતિ એટલે જે માનવીને માનવી સાથે જોડે અને માનવીને બ્રહ્માંડ સાથે જોડે તે ઉત્તમ પરંપરા. સંસ્કૃતિ આપણા જીવનને સાર્થકતા અર્પે છે.

સંસ્કૃતિનાં મુખ્ય પાંચ પરિમાણો છે :

- જ્ઞાન - દર્શન, અનુભવ, વિજ્ઞાન
- કળાઓ - સંગીત, ચિત્ર, સાહિત્ય, નૃત્ય, સ્થાપત્ય
- મૂલ્યો - કરુણા, સત્ય, સમન્વય, સહકાર, પરોપકાર, સમભાવ
- વ્યવહાર-જીવન જીવવાની પ્રાણીઓથી તદ્દન અલગ જ શૈલી
- પરંપરા - સ્મૃતિ, ઇતિહાસ, લોકધર્મ

સંસ્કૃતિ અને સભ્યતા વચ્ચે તફાવત

સંસ્કૃતિ અને સભ્યતા એક જ પર્યાયમાં વપરાતા શબ્દો નથી. સભ્યતા માનવીનું શરીર છે, જ્યારે સંસ્કૃતિ એ એનો આત્મા છે. સંસ્કૃતિ માનવીની અંદરની ચેતનાનું સ્વરૂપ છે, જ્યારે સભ્યતા એ એની બાહ્ય જીવનવ્યવસ્થા છે. સંસ્કૃતિ માનવીની અંદરની માનસિક અને આત્મિક ચેતનાનો આવિષ્કાર છે. એ માનવીના આંતરિક જીવનને ધર્મ, દર્શન, કળાઓ, સાહિત્ય, સંગીત, નૈતિકતા અને સૌંદર્યબોધ દ્વારા અર્થપૂર્ણ બનાવે છે, જ્યારે સભ્યતા મનુષ્યની બાહ્ય પ્રગતિ છે. એ સાધનો, જીવનવ્યવસ્થા, ભૌતિક ઉન્નતિ, ટેકનોલોજી અને સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલી છે.

સંસ્કૃતિ માનવીનું ચરિત્ર છે, જ્યારે સભ્યતા એના જીવનમાં સુવિધા ઊભી કરે છે. સંસ્કૃતિ માનવજીવનનું હૃદય છે. સભ્યતા એની જીવવાની રૂપરેખા છે. સંસ્કૃતિ આપણા સૌંદર્ય, સમન્વય, કરુણા અને ભાવો સાથે જોડાયેલી છે, જ્યારે સભ્યતા આપણાં મકાનો, માર્ગો, વાહનો, કાયદા-કાનૂન, અર્થવ્યવસ્થા, શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજીએ ઊભાં કરેલાં સાધનો સાથે સંકળાયેલી છે. સંસ્કૃતિનાં મૂળ માનવજીવનમાં ઘણાં ઊંડાં ઊતરી ચૂક્યાં છે, જ્યારે સભ્યતા નશ્વર છે. એ સમય સાથે બદલાતી રહે છે. સંસ્કૃતિમાં માનવીને માનવી સાથે જોડવાની શક્તિ છે. સભ્યતા કેવળ આપણા સમાજને ચલાવવાની એક ઔપચારિક વ્યવસ્થા માત્ર છે.

ટૂંકમાં, સંસ્કૃતિ મનુષ્યના જીવનને ઉન્નત બનાવે છે, જ્યારે સભ્યતા આપણા જીવનને કેવળ આસાન બનાવે છે.

સાર

દિનકરજીના મંતવ્ય મુજબ સંસ્કૃતિ મનુષ્યની અંતરાત્માની બાહ્ય અભિવ્યક્તિ છે. મનુષ્ય આદિમાનવ અવસ્થામાં શિકાર કરીને અને જમીનમાંથી કંદમૂળ ખોળીને પોતાનું જીવન ગુજારતો હતો. આદિમાનવ અવસ્થામાંથી એણે ખેતીની શરૂઆત કરી એની સાથે એની ભીતરના અનુભવો, સંઘર્ષો, આકાંક્ષાઓ અને મૂલ્યો બદલાતાં ગયાં. આ સાથે એના જીવનમાં જે પરિવર્તન આવતું ગયું એને જ સંસ્કૃતિ કહેવામાં આવે છે.

મનુષ્ય કેવળ જીવ નથી, એ પોતાના જીવનનો અર્થ ખોળે છે. એ પ્રાણીઓની માફક કેવળ પ્રકૃતિ સાથે અનુકૂલન કરીને નિષ્ક્રિયપણે જીવતો નથી, પણ પ્રકૃતિને અને પોતાના જીવનને સાર્થકતા અને સ્વરૂપ આપે છે. આ રીતે એ પોતાની અલગ ઓળખ બનાવી ચૂક્યો છે. એની આ સંઘર્ષયાત્રામાંથી જ સંસ્કૃતિનો વિકાસ થયો છે.

આ અર્થમાં સંસ્કૃતિ મનુષ્યની આત્મ-વ્યાખ્યા છે, જે એની સ્મૃતિ, કલ્પના, આસ્થા, ચિંતા અને આશાઓ ઉપરાંત અમર બનવાની ઇચ્છાનું સંયુક્ત સ્વરૂપ છે.

દિનકરજી લખે છે કે સંસ્કૃતિ માનવીના આત્માનું મહાકાવ્ય છે. એવું મહાકાવ્ય, જે હજારો સૈકાઓ અને અનેક પેઢીઓના એના અનુભવથી લખાયેલું છે. એનો પ્રત્યેક અધ્યાય સંઘર્ષ, સમન્વય અને સર્જનાત્મકતાથી ઘડાયેલો છે.

(ક્રમશઃ)

– રામધારી સિંહ 'દિનકર'

અનુ. કિરણ ન. શીંગ્લોત

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પ્રબુદ્ધ નાગરિક ભોગીલાલનું પત્રકારત્વ



હવે જે કદાચ 'વિશ્વમાનવ' માસિકપત્ર અને જ્ઞાનગંગોત્રી ગ્રંથ-શ્રેણીના સંપાદન માટે યાદ રહેવાના છે એવા ભોગીલાલ ગાંધી વિશે વિદ્વાન જયંત પંડ્યાએ કહ્યું છે કે ભોગીલાલ ગાંધી વ્યવસાયે પત્રકાર નથી પણ એમના દીર્ઘ જીવન દરમ્યાન એમણે ઓછામાં ઓછાં પાંચ સામયિકોનું તંત્રીપદ/સંપાદકપદ સંભાળ્યું હતું, એ ભૂલવા જેવું નથી. એમ તો ભોગીલાલ ગાંધી વ્યવસાયે લેખક પણ નહોતા પરંતુ કાવ્યસંગ્રહ, પ્રવાસ-કથા, જીવનચરિત્ર, વાર્તાઓ, ઇતિહાસ-ગ્રંથો વગેરે ૨૫ જેટલાં પુસ્તકો લખ્યાં હતાં, એમાંથી કેટલાંકને ઇનામ પણ મળ્યાં હતાં. ગુજરાત સાહિત્ય પરિષદે એમને 'સાહિત્ય સર્જન દ્વારા મૂલ્યનિષ્ઠાની કેળવણી સંદર્ભે સત્ત્વશીલ પ્રદાન' બદલ ૧૯૯૭નું સચ્ચિદાનંદ સન્માન એનાયત કર્યું હતું. આમ એ સાહિત્યસર્જક અને પત્રકાર પણ હતા.

૧૯૧૧માં ૨૬ જાન્યુઆરીને દિવસે જન્મેલા અને ૯-૬-૨૦૦૧ના દિવસે અવસાન પામેલા, મૂળ મોડાસાના વતની ભોગીલાલ ગાંધી ઓગણીસ વર્ષની વયે ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં ભણવા આવ્યા. એ વર્ષોમાં રાજકીય સભાનતાવાળા સૌ આદર્શવાદીઓ વિદ્યાપીઠ ભણી આકર્ષાતા અને અહીં માત્ર રાષ્ટ્રીય કેળવણી જ નહિ, ઊંચા પ્રકારની સાહિત્યિક કેળવણી પામતા. કાકા સાહેબ, મશરૂવાળા, પંડિત સુખલાલજી, મુનિ જિનવિજયજી વગેરે જેવા ભાષાસાહિત્યના પ્રખર જ્ઞાતાઓ એ વેળા વિદ્યાપીઠ સાથે સંકળાયેલા હતા. ખુદ ગાંધીજી સાહિત્ય, ભાષા અને પત્રકારત્વ વિશે નૈતિક નવા વિચાર ધરાવતા હતા. એટલે સ્તો ૧૯૩૪ની ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને ગાંધીજી હતા.

જેમને સાહિત્યના સંસ્કાર મળ્યા હોય અને લોકલક્ષી આદર્શવાદ જેમની વિચારસરણી હોય તે સ્વયં પત્રકારત્વ ભણી આકર્ષાય અને ઉત્તમ પત્રકાર બને, એ પણ સ્વાભાવિક છે. ભોગીલાલ ગાંધીએ વિદ્યાપીઠના ભણતર પછી આજીવિકા માટે શું કર્યું એની મને ખબર નથી પણ ૧૯૩૯ની સાલથી તેઓ એક સાપ્તાહિક અખબાર સાથે સંકળાયેલા જણાય છે. ૧૯૩૪ થી ૧૯૩૯-૪૦નાં વર્ષો ભારતના સામ્યવાદીઓનાં સોનેરી વર્ષો હતાં ત્યારે અમદાવાદમાં પણ એમનું પ્રકાશન ગૃહ 'નવી દુનિયા કાર્યાલય' નામે ૧૯૩૪થી ચાલતું હતું. ૧૯૩૯માં 'આઝાદ હિંદ' નામનું સાપ્તાહિક શરૂ કર્યું. આ અંગે ભોગીલાલ ગાંધીએ તો એમ લખ્યું છે કે આ છાપાનો હું સહ-સંપાદક હતો, પણ સંપાદનની જવાબદારી મારે ઉપાડવી પડી હતી. ('કારાવાસની કથની' પૃ. ૭૦) જોકે એમના હમઉમ્ર સામ્યવાદી નેતા દિનકર મહેતાએ આ વાત જરા જુદી રીતે રજૂ કરી છે :

આ જ અરસામાં અમે 'આઝાદ હિંદ' નામનું રાજકીય અઠવાડિક શરૂ કર્યું. ડૉ. સુમંત મહેતા એના તંત્રીમંડળમાં હતા. ભોગીલાલ ગાંધીને તંત્રીસ્થાને મૂક્યા હતા. વજુભાઈ શુકલ અને હું પણ તંત્રીમંડળમાં હતા. અમે એ દિવસોમાં ભદ્રમાં રહેતા હતા. (દિનકર મહેતાની આત્મકથા 'પરિવર્તન' ભાગ-૧, પૃષ્ઠ-૨૪૦) વાસ્તવમાં આ તંત્રીમંડળમાં અબ્દુલ હઈ નામના એક બિરાદર પણ હતા. ભોગીલાલ ગાંધી 'આઝાદ હિંદ'ના તંત્રી હતા કે સહસંપાદક એ વિષે આ બંને દોસ્તોની નોંધમાં ફરક હોવાનું કારણ એ છે કે ભોગીલાલ ગાંધીએ 'કારાવાસની કથની' છેક ૧૯૯૨માં 'આઝાદ હિંદ' શરૂ થયા પછી ૫૪ વર્ષે લખી છે. દિનકરભાઈએ પણ આત્મકથા ૧૯૬૮માં 'આઝાદ હિંદ' પછી ત્રીસ વર્ષે લખી છે. આને કારણે સ્મૃતિફેર હોઈ શકે પરંતુ ભોગીલાલ ગાંધી 'આઝાદ હિંદ'ના સંપાદનની મુખ્ય જવાબદારી સંભાળતા એ સાચું. શંકર પંડ્યાએ ભોગીલાલ ગાંધીની કલમલક્ષી કારકિર્દીની સાલવારી આપી છે તેમાં 'આઝાદ હિંદ' ૧૯૩૯માં જાન્યુઆરીથી સપ્ટેમ્બર ચાલ્યું એમ જણાવાયું છે.

૧૯૩૯માં વિશ્વની લૂંટ માટેની ઝૂંટાઝૂંટમાંથી બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું, અને ભારતના સામ્યવાદીઓની કઠણાઈ શરૂ થઈ. ખાસ કરીને ૧૯૪૧થી એમણે વિશ્વયુદ્ધ તરફનું વલણ બદલ્યું. એમણે નાઝીઓ સામેના યુદ્ધને લોકયુદ્ધ (પીપલ્સ વૉર) જાહેર કર્યું. એ સમયના સામ્યવાદી પક્ષના મહામંત્રી પી.સી. જોષીએ પક્ષનું અંગ્રેજી મુખપત્ર શરૂ કર્યું, જેનું નામ રાખ્યું 'પીપલ્સ વૉર'. બહુ જલદીથી એની હિંદી અને ઉર્દૂ અને ગુજરાતી આવૃત્તિઓ પણ શરૂ થઈ. ગુજરાતી આવૃત્તિનું નામ 'લોક યુદ્ધ' હતું. એના પ્રથમ સંપાદક તરીકે ભોગીલાલ નિમાયા હતા. ૧૯૪૫માં બીજું વિશ્વ યુદ્ધ પૂરું થયું એ પછી 'પીપલ્સ વૉર'નું નામ 'પીપલ્સ એજ' કરાયું અને એને અનુસરીને ગુજરાતી 'લોક યુદ્ધ'નું નામ પણ 'લોકયુગ' થયું. તેના સંપાદનની જવાબદારી પણ ભોગીલાલ ગાંધીને સોંપાઈ હતી.

આ દિવસોના ભોગીલાલ ગાંધી ઉગ્રતમ સમતાવાદી વિચારસરણીના માણસ હતા. સામ્યવાદી પક્ષમાં પી.સી. જોષી પછી મહામંત્રી પદે બી.ટી. રણદીવે આવ્યા હતા, જેમણે ભારતની તત્કાલીન પરિસ્થિતિ ક્રાંતિ માટે પરિપક્વ હોવાનું નિદાન કર્યું અને એક જબરદસ્ત દુસ્સાહસમાં પક્ષે ઝુકાવી દીધું. એના સશસ્ત્ર ક્રાન્તિના એલાનને તેલંગણા જેવા કેટલાક નાના મોટા પ્રદેશો સિવાય ક્યાંય બહુ પ્રોત્સાહક પ્રત્યુત્તર ન સાંપડ્યો. એ વખતે કેન્દ્ર સરકારે સામ્યવાદીઓને વીણી વીણીને જેલમાં પૂરી દીધા ત્યારે ભોગીલાલ પણ ઝપટે ચડી ગયા અને પૂના પાસેની યરવડા જેલમાં પહોંચ્યા. આ વાતો ૧૯૪૯-૫૦-૫૧ની છે.

આમ, ૧૯૩૯ થી ૧૯૪૯ સુધીના દાયકામાં ભોગીલાલ ગાંધીએ 'આઝાદ હિંદ', 'લોક યુદ્ધ' અને 'લોક યુગ'ના તંત્રી તરીકે પત્રકારત્વ ખેડ્યું. એ સામયિકોના અંકો તો ક્યાંક કદાચ સચવાયા હશે અથવા ન પણ સચવાયા હોય, પરંતુ એમના સમકાલીનોનો મત છે કે ત્યારે એ ચુસ્ત ઉદ્દામવાદી હતા. એ સમયના અન્ય ઉદ્દામવાદી વિચારક તથા સાહિત્યકાર ચન્દ્રભાઈ ભટ્ટના એ ખાસ મિત્ર હતા. એમના પત્રકારત્વની ભાષા ખૂબ જોમવંતી હતી. આ મિત્રો સાથે નવયુગ ગ્રંથમાળા, ચાલો પલટીએ ગ્રંથમાળા જેવાં સમકાલીન વિષયો પરનાં પુસ્તકો પ્રગટ કરતાં, જે પણ એક પ્રકારનું પત્રકારત્વ જ હતું. આ બધાં પ્રકાશનોની ભાષાશૈલી તથા વિષયવસ્તુની અસરકારકતાનો

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એ પરથી ખ્યાલ આવશે કે એ જમાનામાં એકલા રાજકોટમાં એના ૧૮૦૦ વાર્ષિક ગ્રાહકો નોંધાયા હતા.

૧૯૪૯માં 'લોક્યુગ'નું પ્રકાશન બંધ થયું. એ પછી તરત જ સામ્યવાદી પક્ષે 'જય ગુજરાત' નામનું સાપ્તાહિક શરૂ કર્યું, પરંતુ એમાં ભોગીલાલ ગાંધી ન હતા. વાસ્તવમાં ૧૯૪૯માં જેલમાંથી છૂટ્યા પછી એમણે મુંબઈમાં નરોત્તમ શાહ વગેરે મિત્રો તથા પત્ની સુભદ્રાબહેન ગાંધીના સહયોગમાં 'ચેતન પ્રકાશન ગૃહ' શરૂ કર્યું. આ સંસ્થાને ઉપક્રમે એમણે વૈજ્ઞાનિક વિચારસરણીને પોષક એવું ઘણું સાહિત્ય પ્રગટ કર્યું, પરંતુ એ સમયગાળો એમના વિચાર પરિવર્તનનો હતો. ધીમે ધીમે સામ્યવાદી વિચારસરણીમાંથી એમનો વિશ્વાસ ઊઠવા લાગ્યો. માણસનો અમુક વિચારસરણી પરથી વિશ્વાસ ડગી જાય, તે એનો અંગત પ્રશ્ન છે. જોકે એ પ્રક્રિયા જાહેર બની જાય છે.

ભોગીલાલ ગાંધીએ પચાસના 'દાયકા'ની અધવચ્ચે 'સંદેશ' દૈનિકમાં 'લાલ પીળા પડછાયા' શીર્ષકથી એક લેખમાળા લખી. એમાં સામ્યવાદી પક્ષની નીતિ અને કાર્યક્રમોની ઝાટકણી કાઢી. આમ તેઓ પત્રકારત્વના એક પ્રકાર એવા 'કોલમ-લેખન'માં પરોવાયા. પછીથી ૧૯૯૧માં એમણે 'જન્મભૂમિ' દૈનિકમાં સોળ હપ્તામાં 'કારાવાસની કથની' નામે આત્મકથનાત્મક કોલમ લખેલી. આ જ કોલમના લેખો પછીથી વલ્લભ વિદ્યાનગરના ક્રેસ્ટ એસોસીએશન દ્વારા ૧૯૯૨માં પુસ્તિકારૂપે પ્રગટ થયા.

ભોગીલાલ ગાંધીએ ૧૯૫૫માં મુંબઈ છોડ્યું અને વડોદરા આવ્યા. સંસ્કાર નગરી વડોદરામાં બુદ્ધિનિષ્ઠ નાગરિકોની ખોટ નહોતી. એ સૌની સાથે ગોષ્ઠિઓ શરૂ થઈ. કશુંક કામ પણ કરવું જોઈએ. કયું કામ સૌથી વધુ ફાવે ? આ પ્રશ્નનો જવાબ સરળ હતો : પત્રકારત્વ ! પૂરા સમયના પત્રકાર નહિ, છતાં સામ્યવાદી પક્ષના પત્રકારત્વના કામ પછી, થોડોક સમય પ્રકાશક રહ્યા. પરંતુ પછી એ વળ્યા તો પત્રકારત્વ ભણી જ. અને ૧૯૫૮ના જાન્યુઆરીમાં 'માનવ' નામથી એક માસિક પત્ર પ્રગટ કર્યું. પરંતુ અખબારો માટેના પંજીકરણ માટેનું નિર્દેશાલય જણાવે છે કે આ નામનું તો એક ગુજરાતી અખબાર નીકળે જ છે. માટે નામ બદલો. ભોગીલાલ 'માનવ'ને 'વિશ્વ માનવ' બનાવે છે. આમ એક સંસ્કાર સાહિત્ય કળા અને સ્વચ્છ જાહેર જીવનને લક્ષતું માસિક શરૂ થાય છે. તેમાં આદર્શવાદ તો રહે જ છે. પરંતુ રણદીવને છાપના આદર્શવાદને સ્થાને વધુ મુલાયમ માનવીય મૂલ્યો રજૂ કરવાની ઝંખના જાગે છે. માસિકના પ્રારંભના અંકમાં એમણે આ પ્રકાશન પાછળની યોજના અંગે મનીષા સ્પષ્ટ કરી છે ! ''વરસો થયાં એક નવા માસિકની યોજના હું ઘૂંટતો રહ્યો છું. પ્રવૃત્તિ, માંદગી અને અર્ધનિવૃત્તિ – કોઈ પણ એવો કાલખંડ નથી જ્યારે એ કલ્પના મારાથી દૂર થઈ હોય... આ બધા સમય દરમ્યાન આજે ય મેં મારી જાતને ઓછા સવાલ પૂછ્યા નથી : તારું એવું તે શું વહી જાય છે કે પાગલની જેમ માસિક માસિક કરી રહ્યો છે, જે તને ક્ષણભર જંપીને જીવવા દેતું નથી ?''

જે માસિકનો ખ્યાલ, જેનો ઉદ્દેશ, જેના દ્વારા તાકેલી સિદ્ધિ આટલી બળવત્તર હોય કે માણસને ક્ષણભર જંપવા ન દે તે નોખું-અનોખું તો બની જ રહે અને 'વિશ્વમાનવ' ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં નોંધપાત્ર બન્યું જ છે. સામયિક પ્રગટ કરવા માટેના એમના કેટલાક સ્પષ્ટ સુરેખ સંકલ્પો હતા : ''માનવીની યુગોયુગની સાધના અને સિદ્ધિઓનો પરિચય આપવો છે, માનવીની ગુલામ અને લાચારીને પરિહરનારી બંધુતા, સમાનતા, સ્વતંત્રતાના પુરુષાર્થનો પડઘો પાડવો છે. સાહિત્ય સંસ્કાર, કળા આદિ ક્ષેત્રે રસાસ્વાદો ઘડવા છે, તથા તેમાં ઊંડાણ અને વિસ્તાર સાધવાં છે; ગુજરાત અને ભારતનો સુયોગ્ય પરિચય આપી ભારતીય રાષ્ટ્રની એકાત્મતાનો અને ગૂર્જર વિશિષ્ટતાનો થાળ ધરવો છે.'' એમના માસિકપત્રના બધા અંકોમાં આ સંકલ્પોની પૂર્તિ લક્ષતી સામગ્રીએ પીરસતા રહ્યા. કેટલાક વિશિષ્ટ થાળ રૂપે અમુક વિશેષાંકો પ્રગટ કર્યા તે ઘણા સુહૃદયોએ કદાચ સંઘર્યા હશે. આવા કેટલાક વિશેષાંકો જોઈએ –

૦ સર્વોદય (૧૯૫૮) ૦ ગુજરાત દર્શન (૧૯૬૦) ૦ નવી નવલિકા (૧૯૬૦-ખાસ સંપાદક સુરેશ જોશી) ૦ અદ્યતન રશિયન સાહિત્ય (૧૯૬૩) ૦ ભારત-પાક સંઘર્ષ (૧૯૬૫) સોલ્ઝેનિત્સિન (૧૯૭૫) ૦ માર્ટિન લ્યુથર કિંગ (૧૯૭૫) ૦ કટોકટી (૧૯૭૭) ફાસીવાદી તાનાશાહી (૧૯૭૯) ૦ ઇન્દિરાજી – ઉદય – અસ્ત (૧૯૮૫).

'વિશ્વમાનવ' આમ ૧૯૮૫ સુધી ચાલ્યું હોય તેમ લાગે છે, પરંતુ એના પ્રકાશક અને પછી તો સંપાદક પણ બદલાય છે. ૧૯૭૬માં કટોકટી લદાયા પછી ભોગીલાલ ગાંધીએ તે છોડી દીધું છે. એમ તો છેક ૧૯૭૦માં એ વિશ્વમાનવ ટ્રસ્ટ અમદાવાદને સોંપાયું તે પછી મુખ્યત્વે એનું સંપાદન પ્રકાશ ન. શાહ કરતા રહ્યા હતા. કટોકટી દરમિયાન ભોગીલાલ બીમાર હતા અને પ્રકાશભાઈ કારાવાસમાં હતા, એથી માર્ચથી મે ૧૯૭૬ના અંકો બંધ રહ્યા હતા. જૂનનો અંક નીકળ્યો અને પછી પ્રકાશભાઈ અને ટ્રસ્ટી ભાઈદાસભાઈ પરીખની પણ ધરપકડ થવાથી નિયમત પ્રકાશન બંધ રહ્યું.

'વિશ્વમાનવ' ગુજરાતી બુદ્ધિજીવીઓ માટેના એક અચ્છા મંચ રૂપ હતું. એમાં સુરેશ જોષી, ગુલામ મોહમ્મદ શેખ, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, લાભશંકર ઠાકર, રાધેશ્યામ શર્મા, સુમન શાહ, મુકુંદરાય મુનિ, રવિશંકર રાવળ વગેરેએ પોતાની કૃતિઓ આપવા ઉપરાંત કેટલાકે સંપાદકીય સૂઝનો પણ લાભ આપીને આ માસિકપત્રને ધબકતું રાખવામાં યોગદાન આપ્યું છે.

વિશ્વમાનવ પુખ્ત બન્યું હતું અને ભોગીલાલ ગાંધી તેસઠ વર્ષના પાકટ બન્યા હતા ત્યારે ૧૯૭૪માં ગુજરાતમાં એક જુદી જ તરાહના આંદોલનનો પ્રારંભ થયો. નવનિર્માણ આંદોલન તરીકે જાણીતા આ આંદોલનના પ્રારંભ-કર્તાઓ વિદ્યાર્થીઓ હતા. તેઓ રાજકારણના કાદવથી ખરડાયેલા નહિ માટે શુદ્ધ હતા. એમની મુખ્ય લડાઈ ભ્રષ્ટાચાર સામે અને શાસનના અન્ય અવગુણો સામે હતી. એ આંદોલને મજબૂત ગણાતા કેટલાય ગઢોને ધરાશયી કરી નાખ્યા. આ ઘટનાએ પૂરા દેશમાં પડઘા પાડ્યા. ગાંધીજનો અને સર્વોદયપંથીઓ જાગી ઊઠ્યા. એક સમયના સમાજવાદી અને પછી લાંબો વૈચારિક પ્રવાસ કરીને મુખ્યત્વે ગાંધીવિચારમાં ઠરેલા જયપ્રકાશ નારાયણે આ આંદોલનમાં દેશ માટે નવી આશા દીઠી.

'સંપૂર્ણ ક્રાંતિ' અને 'સિંહાસન ખાલી કરો કે જનતા આતી હૈ' જેવા નારાઓ સાથે જયપ્રકાશે વિદ્યાર્થીઓના આ આંદોલનમાં ઝુકાવ્યું. એમની જેમ જ લાંબી વિચારયાત્રા કરીને આખરે ગાંધીવિચારમાં પલટાયેલા ભોગીલાલ

(જુઓ પાન નં. ૧૧)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભારતીય રાજ્ય બંધારણના ઘડતરમાં સરદાર પટેલની ભૂમિકા



(ભારતના ભાગ્યવિધાતાઓ અંગેની પ્રચલિત માન્યતાઓમાં નહેરુને સ્વપ્નદષ્ટા, આંબેડકરને બંધારણીય શિલ્પી અને સરદાર પટેલને એક વ્યાવહારિક વહીવટકર્તા તરીકે ઓળખવામાં આવે છે. આ છબી ઐતિહાસિક રીતે સાચી હોવા છતાં, તેના કારણે ભારતના જાહેર જીવનમાં એક પ્રબુદ્ધ વિચારક તરીકેની સરદાર પટેલની ભૂમિકા હાંસિયામાં ધકેલાઈ જાય છે. પરંતુ આપણે ભૂલવું ન જોઈએ કે તેમના સમગ્ર જીવનમાં અને ખાસ કરીને ભારતીય બંધારણસભામાં, સરદાર પટેલના તર્કસંગત હસ્તક્ષેપોએ ભારતીય પ્રજાસત્તાકના ઘડતરમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. જોકે બંધારણ-નિર્માણ અંગેના વિદ્વત્તાપૂર્ણ અભ્યાસોએ સરદાર પટેલની આ ભૂમિકાની કેટલીક નોંધ લીધી છે. પરંતુ આ બધા અભ્યાસોમાં તેમના યોગદાનનું બૌદ્ધિક દષ્ટિકોણથી વિસ્તૃત અર્થઘટન ભાગ્યે જ કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે આ અભ્યાસોમાં સરદાર પટેલને એક રાજકીય વાસ્તવવાદી કે વ્યવહારુ મુત્સદ્દી તરીકે રજૂ કરવામાં આવે છે. તેથી આ લેખમાં ભારતના બંધારણ-નિર્માણમાં એમના બૌદ્ધિક ફાળા વિશે ચર્ચા કરવાનો હેતુ છે.)

ભારતીય રાજ્યબંધારણના ઘડતરમાં સરદાર પટેલની ભૂમિકા

ભારતીય બંધારણસભા (૧૯૪૬-૫૦)માં તેમની ભૂમિકા થકી સરદાર પટેલનું એક પ્રબુદ્ધ બૌદ્ધિક તરીકેનું વ્યક્તિત્વ સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે. સરદાર પટેલ બંધારણસભાની કેટલીક સમિતિઓના સભ્ય હોવા ઉપરાંત ત્રણ અગત્યની સમતિઓના અધ્યક્ષ હતા :

(૧) મૂળભૂત અધિકારો, લઘુમતીઓ અને આદિવાસી અને બાકાત વિસ્તારો પર સલાહકાર સમિતિ (Advisory Committee on Fundamental Rights, Minorities, and Tribal and Excluded Areas).

આ સૌથી અગત્યની સમિતિઓમાંની એક હતી, જેને નાગરિક સ્વતંત્રતાઓ, ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારો, લઘુમતીઓનાં સંરક્ષણ અને માર્ગદર્શક સિદ્ધાંતો માટેના માળખાને ઘડવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

(૨) રજવાડાંઓના એકીકરણ પરની સમિતિ (Committee on Integration of States).

આ પણ એક અગત્યની સમિતિ હતી, જેનું કામ નવા ભારતીય સંઘમાં રજવાડાંઓને કેવી રીતે એકીકૃત કરવાં, તે અંગે વાટાઘાટો અને ભલામણ કરવા માટેની.

(૩) પ્રાંતીય બંધારણ સમિતિ (Provincial Constitution Committee).

આ સમિતિની જવાબદારી પ્રાંતીય (રાજ્ય) સરકારો માટે બંધારણીય માળખું ઘડવાની હતી. આ સમિતિઓની ભલામણો અને તે અંગે બંધારણસભામાં થયેલ ચર્ચાઓ થકી સરદાર પટેલના આગ્રહથી ભારતીય બંધારણમાં જે કેટલીક ખૂબ જ મહત્ત્વની બાબતો સમાવિષ્ટ કરવામાં આવી છે તેમાં 'શિસ્તબદ્ધ લોકશાહી' (disciplined democracy) અંગેની તેમની ફિલસૂફી ખૂબ જ સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે, જે તેમની પ્રબુદ્ધતા અને વિચક્ષણતા પણ દર્શાવે છે.

૧. મૂળભૂત અધિકારો, સમાન નાગરિકત્વ અને બિનસાંપ્રદાયિકતા

'મૂળભૂત અધિકારો, લઘુમતીઓ તથા આદિવાસી અને બાકાત વિસ્તારો સંબંધિત સલાહકાર સમિતિ'ના અધ્યક્ષ તરીકે સરદાર પટેલે ભારતીય બંધારણના ભાગ ત્રણ (III) માં સમાવિષ્ટ ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારોના માળખાની રૂપરેખા ઘડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. વિશેષ કરીને, સમાનતાની જોગવાઈઓ (કલમ ૧૪-૧૮), નાગરિક સ્વતંત્રતાઓ (કલમ ૧૯-૨૨) તથા લઘુમતીઓના સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો (કલમ ૨૯-૩૦) ઘડવામાં તેમની કામગીરી નોંધપાત્ર હતી.

વધુમાં, તેમણે સમગ્ર દેશ માટે એક જ નાગરિકત્વના સિદ્ધાંતને મજબૂત ટેકો આપ્યો હતો અને પ્રાંતીય રાજ્યોના અલગ નાગરિકત્વની સંભાવનાને નકારી કાઢી હતી. તેમનું માનવું હતું કે એક જ નાગરિકત્વ રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવશે અને સ્વતંત્ર રાષ્ટ્રની એકતાને નબળી પાડતી પ્રાદેશિક વફાદારીઓનો છેદ ઉડાડશે. બંધારણમાં અંતે સ્વીકારવામાં આવેલી જોગવાઈઓ (કલમ ૫-૧૧) પ્રદેશ, ધર્મ અથવા જાતિથી પર એવી એક સામાન્ય રાષ્ટ્રીય નાગરિકત્વની વ્યાખ્યા સ્પષ્ટ રીતે દેખાય છે. આપણા બંધારણે ભેદભાવના નિષેધ અને સમાનતાની જે ખાતરી આપી છે (કલમ ૧૪ અને ૧૫) તે નાગરિક સમાનતાના આ સિદ્ધાંત પર આધારિત છે અને સરદાર પટેલે આ સિદ્ધાંતનો દઢતાપૂર્વક બચાવ કર્યો હતો.

તદુપરાંત તેમણે અસ્પૃશ્યતાના ઉચ્છેદ તરફ દોરી જતા બંધારણીય નિર્દેશો (કલમ ૧૭)ની રચનામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જોકે આ જોગવાઈઓનું વિગતવાર સંવૈધાનિક સ્વરૂપ ડૉ. બી. આર. આંબેડકરની અધ્યક્ષતાવાળી મુસદ્દા સમિતિ તથા અન્ય પેટા-સમિતિઓમાંથી વિકસ્યું હતું, તેમ છતાં આ જોગવાઈઓને બંધારણીય સ્વીકૃતિ અપાવવામાં સરદાર પટેલનું નેતૃત્વ અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થયું હતું.

આમ, સરદાર પટેલનો અભિગમ સમાન નાગરિકત્વ અને જૂથ-વિશિષ્ટ સુરક્ષાઓ વચ્ચે સંતુલન સ્થાપિત કરવાનો હતો. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું :

''આપણે શક્ય હોય ત્યાં સુધી વ્યક્તિના અધિકારો તથા સમુદાયનાં હિતો અને રાજ્યની સુરક્ષા વચ્ચે મેળ બેસાડવાનો પ્રયત્ન કર્યો છે.'' (CAD - Constituent Assembly Debates, ભાગ III, ૨૯ એપ્રિલ, ૧૯૪૭, પૃ. ૪૭૧-૭૨.)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વધુમાં ભારતીય નાગરિકોની સ્વતંત્રતાઓ અને સ્વચ્છંદતા વચ્ચે ભેદ પાડતાં તેમણે તાકીદ કરી હતી :

''સ્વતંત્રતા સંપૂર્ણ હોઈ શકે નહીં; રાજ્યની સુરક્ષા અને જાહેર વ્યવસ્થાના હિતમાં જરૂરી મર્યાદાઆને તે આધીન હોવી જ જોઈએ.'' (CAD, ભાગ III, ૨૯ એપ્રિલ, ૧૯૪૭, પૃ. ૪૭૧-૭૨.)

વિશેષમાં ભારતીય બંધારણના બિનસાંપ્રદાયિક સ્વરૂપનું સમર્થન કરતાં તેમણે ધાર્મિક આધાર પર રાજકીય અધિકારો મેળવવાની માગને સખત શબ્દોમાં નકારી કાઢી હતી અને સ્પષ્ટ ચેતવણી આપતાં કહ્યું હતું :

''જો ધાર્મિક આધાર પર રાજકીય અધિકારોનો દાવો કરવામાં આવશે, તો હું મારી જાતને તે સમુદાયનો સૌથી મોટો દુશ્મન માનીશ, કારણ કે તે રાજ્યના બિનસાંપ્રદાયિક પાયાને નબળો પાડશે.'' (CAD, ભાગ IV, ૨૭ ઑગસ્ટ, ૧૯૪૭, પૃ. ૯૫૧.)

આમ તેમને માટે લોકશાહી માત્ર અધિકારોની જ વ્યવસ્થા નહોતી; તે નિયમ-બંધિત 'શિસ્તબદ્ધ લોકશાહી' વ્યવસ્થા હતી.

૨. અલગ મતદાર મંડળોનો વિરોધ

અંગ્રેજોના શાસન દરમિયાન ઊભા કરવામાં આવેલ સાંપ્રદાયિક મતદાર મંડળોએ ધાર્મિક વિભાજનને સંસ્થાકીય સ્વરૂપ આપ્યું હતું અને ભારતના ભાગલા પાડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ અંગે બંધારણસભામાં બોલતાં સરદાર પટેલે આવાં અલગ મતદાર મંડળોની વ્યવસ્થાનો સખત વિરોધ કરતાં કહ્યું હતું :

''હું અલગ મતદાર મંડળોનો વિરોધ કરું છું. જો દેશના વિભાજન પછી પણ આ ઝેર ચાલુ રહેશે, તો દેશને તેનો અફસોસ કરવો પડશે.'' (CAD, ભાગ V, ૨૭ ઑગસ્ટ, ૧૯૪૭, પૃ. ૯૫૨-૫૩.)

આ અંગે તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું :

''આપણે એક ધર્મનિરપેક્ષ રાજ્ય રચવા માંગીએ છીએ. જો અલગ મતદારમંડળો રહેશે, તો આપણે ધર્મનિરપેક્ષ રાજ્ય જાળવી શકીશું નહીં.'' (CAD, ભાગ V, ૨૭ ઑગસ્ટ, ૧૯૪૭, પૃ. ૯૫૩.)

તેમના આવા વલણે ભારતીય બંધારણની સાંપ્રદાયિક મતદાર મંડળોને નાબૂદ કરતી કલમ ૩૨૫ અને સાર્વત્રિક પુખ્ત મતાધિકાર આપતી કલમ ૩૨૬ને નક્કર સ્વરૂપ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

સરદાર પટેલના મત મુજબ સાંપ્રદાયિક પ્રતિનિધિત્વ લાંબા ગાળે સામાજિક વિભાજનને જ મજબૂત બનાવે છે. આથી તેમણે ઓળખ (identity) આધારિત રાજકારણને બદલે નાગરિકત્વ આધારિત લોકશાહીને મજબૂત બનાવવાનો પ્રયત્ન કર્યો.

છતાં સરદાર પટેલે સાંસ્કૃતિક એકરૂપતા (assimilation)નો આગ્રહ નહોતો રાખ્યો. બંધારણસભામાં તેમણે કહ્યું હતું કે ધર્મનિરપેક્ષ રાજ્યના નિર્માણ માટે બહુમતી સમુદાયમાં જવાબદારીની અને લઘુમતીઓમાં સુરક્ષાની ભાવના - બંને જરૂરી છે (CAD, ભાગ VIII, ૨૬ મે, ૧૯૪૯). આમ, સરદાર પટેલે બહુમતીના સાંપ્રદાયિક વલણને સ્પષ્ટપણે નકારી કાઢ્યું હતું અને લઘુમતી સુરક્ષાનું સમર્થન કર્યું હતું. તેથી કલમ ૨૯ અને ૩૦ દ્વારા લઘુમતીઓના સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારોને બંધારણીય માળખાની અંદર સુરક્ષિત રાખવામાં આવ્યા હતા.

૩. ભારતીય સંઘનો વિચાર

સરદાર પટેલ જેના અધ્યક્ષ હતા તે 'પ્રાંતીય બંધારણ સમિતિ'ની જવાબદારી ભારતના સંઘીય માળખાને સુનિશ્ચિત કરવાનું હતું. તેના અહેવાલ અંગેની ચર્ચા દરમિયાન સરદાર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું :

''દેશને એકત્રિત અને સુરક્ષિત રાખવા માટે કેન્દ્ર સરકાર પૂરતી મજબૂત હોવી જોઈએ.'' (CAD, ભાગ VIII, ૧૩ મે, ૧૯૪૯, પૃ. ૪૪-૪૫).

મજબૂત કેન્દ્ર માટેનો તેમનો આગ્રહ કોઈ એકહથ્થુ સરમુખત્યાર-શાહી સ્થાપવા માટે નહોતો. હકીકતમાં તે ભારતના ભાગલા પછી ઊભી થયેલ નાજુક પરિસ્થિતિમાં વધુ વિભાજનની સંભાવનાઓને ટાળવા માટે ગંભીરતાથી લેવામાં આવેલ એક સમજપૂર્વકનો અભિગમ હતો. તેમના મતે ભારત જેવા વૈવિધ્યસભર અને વિભાજનથી ઘેરાયેલા દેશમાં રાષ્ટ્રીય એકતા અને રાજ્યસુરક્ષા માટે મજૂબત કેન્દ્ર સરકાર અનિવાર્ય હતી. આ જ તર્કના આધારે પાછળથી રાજ્યોની પ્રાદેશિક સ્વાયત્તતા અને કેન્દ્રીય હસ્તક્ષેપ વચ્ચે સંતુલન સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો - જેનું એક સંસ્થાકીય સ્વરૂપ આગળ ચાલીને બંધારણની કલમ ૩૫૬માં જોવા મળે છે. આ કલમ જે પ્રાંતીય રાજ્યમાં બંધારણીય તંત્ર નિષ્ફળ ગયું હોય ત્યાં ભારતના રાષ્ટ્રપતિને રાષ્ટ્રપતિ શાસન લાદવાની સત્તા સોંપે છે.

'રજવાડાંઓના એકીકરણ પરની સમિતિ'ના અધ્યક્ષ તરીકે સરદાર પટેલે ભારતીય સંઘ અને રજવાડાંઓ વચ્ચેના બંધારણીય સંબંધોને નિર્ધારિત કરવામાં પણ અતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે રજવાડાંઓના એકીકરણને માત્ર વહીવટી સફળતા તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રીય એકતાની ઐતિહાસિક સિદ્ધિ તરીકે રજૂ કર્યું હતું. આ સંદર્ભમાં તેમણે ઘોષણા કરી હતી :

''આપણે ભારતીય લોકોનો એક વાસ્તવિક સંઘ (union) રચ્યો છે.'' (CAD, ભાગ II, ૨૦ ફેબ્રુઆરી, ૧૯૪૭, પૃ. ૧૨૮-૧૨૯).

આ દૃષ્ટિ અંતે બંધારણની કલમ ૧ અને અનુસૂચિ ૧માં સંસ્થાકીય સ્વરૂપ પામે છે, જેમાં ભારતને 'રાજ્યોના સંઘ' (Union of States) તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. આમ 'પ્રાંતીય બંધારણ સમિતિ' અને 'રજવાડાંઓના એકીકરણ પરની સમિતિ' - બંનેના અધ્યક્ષ તરીકે સરદાર પટેલે ભારતીય સંઘીય વ્યવસ્થાને આકાર આપ્યો હતો. પરિણામે જે સંઘીય માળખું ઊભું થયું તેમાં પ્રાંતીય સ્વાયત્તતા અને રાષ્ટ્રીય અખંડિતતા વચ્ચે સંતુલન સ્થાપિત કરવાનો પ્રયત્ન દેખાય છે. તેઓ માનતા હતા કે અતિ પ્રાદેશિકતાવાદ નવા પ્રજાસત્તાકના અસ્તિત્વને જ જોખમમાં મૂકી શકે છે તેથી તેમણે મજબૂત કેન્દ્રવાળા સંઘીય બંધારણનું મક્કમતાથી સમર્થન કર્યું હતું.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૪. ગવર્નર (રાજ્યપાલ)ના વિવેકાધિકાર પર નિયંત્રણ

'પ્રાંતીય બંધારણ સમિતિ'ના અધ્યક્ષ તરીકે તેમણે રાજ્યપાલની બંધારણીય સ્થિતિને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. અંગ્રેજોના શાસન હેઠળ ગવર્નરને વ્યાપક સત્તાઓ આપવામાં આવી હતી. પરંતુ સરદાર પટેલના મતે આવી વ્યવસ્થા સંસદીય લોકશાહીના સિદ્ધાંતો સાથે સુસંગત નથી. તેઓ માનતા હતા કે સ્વતંત્ર ભારતમાં રાજ્યપાલે બંધારણીય વડા તરીકે લોકશાહી જવાબદારીના માળખામાં રહીને કામ કરવાનું હતું. તેથી રાજ્યપાલનું મુખ્ય કામ રાજ્યની મંત્રીપરિષદની સલાહને અનુસરવાનું હતું. આમ તેમની સત્તા નિયંત્રિત કરવામાં આવી હતી.

પ્રાંતીય બંધારણ અંગેની ચર્ચા દરમિયાન સરદાર પટેલે આ સ્થિતિ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું :

''નવા બંધારણ હેઠળ રાજ્યપાલ એક બંધારણીય રાજ્યપાલ હશે. તે સામાન્ય રીતે પોતાના મંત્રીઓની સલાહ પર કાર્ય કરશે.'' (CAD, ભાગ IV, ૩૦ જુલાઈ, ૧૯૪૭, પૃ. ૭૮૦-૭૮૧)

સરદાર પટેલે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યપાલને મળતી વિવેકાધીન સત્તાઓ અત્યંત મર્યાદિત અને સ્પષ્ટ રીતે નિર્ધારિત કરવામાં આવી છેઃ

''આપણે એવી જોગવાઈ કરી છે કે જ્યાં તેમને (રાજ્યપાલને) પોતાના વિવેકનો ઉપયોગ કરવો જરૂરી લાગે, ત્યાં તે સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે. અન્યથા તેમને પોતાના મંત્રીપરિષદની સલાહ પર જ કામ કરવું પડશે.'' (CAD, ભાગ IV, ૩૦ જુલાઈ, ૧૯૪૭, પૃ. ૭૮૧-૭૮૨).

આ હકીકતનો ઉલ્લેખ ભારતીય બંધારણની કલમ ૧૫૩, ૧૬૩, અને ૧૬૪માં કરવામાં આવ્યો છે. યદ્યપિ કલમ ૧૬૩ રાજ્યપાલને કેટલીક મર્યાદિત વિવેકાધીન સત્તાઓ આપે છે, પરંતુ બંધારણસભામાં સરદાર પટેલે કરેલી સ્પષ્ટતા પ્રમાણે આવા વિવેકાધિકારનો હેતુ ક્યારેય સામાન્ય રાજકીય સત્તા તરીકે કરવાનો નહોતો.

૫. વહીવટી વ્યવસાયીકરણ અને લોકશાહી સ્થિરતા

સરદાર પટેલના મત મુજબ ભારતીય નાગરિકોને મળેલા અધિકારોનો અસરકારક અમલ કરવા વાસ્તે સક્ષમ વહીવટી તંત્ર જરૂરી છે. આ કારણસર તેમણે અખિલ ભારતીય સેવાઓ (All India Civil Services)નો આગ્રહ રાખ્યો હતો. બંધારણસભાની ચર્ચા દરમિયાન અખિલ ભારતીય સેવાઓના સમર્થનમાં તેમણે જણાવ્યું હતું :

''જો તમારી પાસે જેને પોતાનો વિચાર નિર્ભયતાથી વ્યક્ત કરવાની સ્વતંત્રતા હોય, એવી મજબૂત અખિલ ભારતીય સેવા નહીં હોય તો તમે એક સંયુક્ત ભારત જાળવી શકશો નહીં.'' (CAD, ભાગ X, ૧૦ ઑક્ટોબર, ૧૯૪૯, પૃ. ૪૭-૪૮).

સરદાર પટેલના મતે લોકશાહી શાસનની રક્ષા માટે પક્ષપાતથી અળગું, નિષ્પક્ષ અને વ્યાવસાયિક વહીવટી તંત્ર અનિવાર્ય છે. બંધારણની કલમ ૩૧૧ અને ૩૧૨ દ્વારા નાગરિક સેવાઓને આપવામાં આવેલાં બંધારણીય રક્ષણોમાં તેમનો આ વિચાર વ્યક્ત થાય છે.

એ જ રીતે નિવારક અટકાયત (preventive detention) અંગેની ચર્ચામાં પણ સરદાર પટેલે સ્વતંત્રતા અને જાહેર વ્યવસ્થા વચ્ચેના સંબંધને સ્પષ્ટ કર્યો હતો. તેમના શબ્દોમાં :

''સ્વતંત્રતાનો અર્થ દેશની શાંતિને ખલેલ પહોંચાડવાનું લાઇસન્સ નથી.'' (CAD, ભાગ III, ૨૯ એપ્રિલ, ૧૯૪૭, પૃ. ૪૭૨).

તેમને માટે કાયદો અને વ્યવસ્થા (public order) સ્વતંત્રતાનાં વિરોધી નહોતાં, પરંતુ સ્વતંત્રતાની જાળવણી માટે અનિવાર્ય હતાં. આમ, સરદાર વલ્લભભાઈ પટેલની દૃષ્ટિએ જ્યારે સત્તા સંસ્થાકીય નિયમોથી બંધાયેલી રહે છે ત્યારે તે લોકશાહીને મજૂબત બનાવે છે; પરંતુ જ્યારે તે વ્યક્તિગત અથવા અનિયંત્રિત સ્વરૂપ ધારણ કરે છે ત્યારે લોકશાહી નબળી પડે છે.

૬. ન્યાયતંત્ર અને બંધારણીય સર્વોચ્ચતા

સરદાર પટેલની 'શિસ્તબદ્ધ લોકશાહી'ની બંધારણીય કલ્પના માત્ર અધિકારો, સંઘીય વ્યવસ્થા કે વહીવટી તંત્ર પૂરતી મર્યાદિત નહોતી; તે ન્યાયતંત્રના માળખા અને તેની સ્વતંત્રતા સુધી વિસ્તરતી હતી. ભારતીય ન્યાયતંત્ર સંબંધિત ચર્ચાઓ દરમિયાન તેમણે ન્યાયિક સ્વતંત્રતાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમના મત મુજબ ન્યાયતંત્ર એવી સંસ્થા હોવી જોઈએ જે સૌથી પ્રતિભાશાળી કાનૂનવિદોને આકર્ષે અને રાજકીય દબાણોથી સંપૂર્ણપણે મુક્ત રહે. (CAD, ભાગ VII, ૩૦ મે,, ૧૯૪૯).

ન્યાય તંત્રને કારોબારીના હસ્તક્ષેપથી દૂર રાખીને ભારતીય બંધારણે આ સિદ્ધાંતને સ્વીકાર્યો છે. તેથી જ ન્યાયાધીશોના કાર્યકાળની સુરક્ષા તથા તેમની નિમણૂક અને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયાને ખાસ સુરક્ષા આપતી બંધારણની કલમ ૧૨૪ અને ૨૧૭ ઘડવામાં આવી હતી.

આમ, સરદાર પટેલના મત મુજબ લોકશાહીને અસરકારક બનાવવા વાસ્તે, રાજકીય દબાણોમાં આવ્યા વિના, બંધારણીય મર્યાદાઓ લાગુ કરી શકે તેવા સ્વતંત્ર ન્યાયતંત્રની પણ આવશ્યકતા છે. તેમની આ દૃષ્ટિ મજબૂત બંધારણીય સંસ્થાઓથી રક્ષાયેલી 'શિસ્તબદ્ધ લોકશાહી' અંગેની તેમની વ્યાપક કલ્પનાનો અભિન્ન ભાગ હતી.

૭. સામાજિક ન્યાય અને સમાનતા

સરદાર પટેલ ભારતની સામાજિક અને માળખાકીય અસમાનતા પ્રત્યે પણ ઉદાસીન નહોતા. તેથી ધાર્મિક ક્વોટા અને અલગ મતદાર મંડળોની વ્યવસ્થાનો તેમણે દૃઢતાપૂર્વક વિરોધ કર્યો હોવા છતાં ઐતિહાસિક રીતે પછાત સમુદાયો, ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે લક્ષિત બંધારણીય સુરક્ષાઓને પણ સમર્થન આપ્યું હતું. તેમના બંધારણીય તર્કમાં માત્ર ઔપચારિક સમાનતા ઐતિહાસિક ગેરલભોને દૂર કરવા માટે પૂરતી નથી. તેથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે કરવામાં આવેલ અનામતની જોગવાઈઓનું સમર્થન કરતાં તેમણે જણાવ્યું હતું :

''આ સાંપ્રદાયિક અનામત નથી; તે ઐતિહાસિક અન્યાયના નિવારણ માટેનું પગલું છે.'' (CAD, ભાગ V, ૨૭ ઑગસ્ટ, ૧૯૪૭, પૃ. ૯૫૪-૯૫૫).

તેમના મતે ધાર્મિક ક્વોટા રાજકીય વિભાજનને સંસ્થાકીય સ્વરૂપ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપે છે, જ્યારે ઐતિહાસિક રીતે પછાત સમુદ્દાયો માટેની સુરક્ષાઓ માળખાકીય અસમાનતાને સુધારવાનો પ્રયાસ કરે છે. તેમના આ અભિગમે આગળ જઈને કલમ ૩૩૦ અને ૩૩૨ને આકાર આપ્યો હતો.

૮. માર્ગદર્શક સિદ્ધાંતો અને ક્રમિક સુધારા

ભારતના બંધારણમાં જેનો ઉલ્લેખ છે તેવા માર્ગદર્શક સિદ્ધાંતોને બંધારણીય માળખામાં સ્થાપિત કરવાની પ્રક્રિયામાં પણ સરદાર પટેલની વિચારસરણીનો મહત્ત્વપૂર્ણ પ્રભાવ હતો. સામાજિક પરિવર્તન માટે પ્રતિબદ્ધ હોવા છતાં, સરદાર પટેલે તાત્કાલિક અને ક્રાંતિકારી પરિવર્તનોને અટકાવે તેવા બંધારણનો આગ્રહ રાખ્યો હતો. તેઓ માનતા હતા કે બંધારણમાં અમલમાં મૂકી શકાય તેવા અધિકારો અને દિશાદર્શક સામાજિક લક્ષ્યો વચ્ચે સ્પષ્ટ ભેદ જાળવવો જરૂરી હતો. સામાજિક અને આર્થિક સુધારાના વ્યાપક હેતુઓને તેઓ સમર્થન આપતા હતા, પરંતુ તે સાથે તેમણે એવા અભિગમોનો વિરોધ કર્યો હતો જે રાજ્યના સંસ્થાકીય પાયાને અસ્થિર બનાવી શકે. રાજમોહન ગાંધી જેવા વિચારકો માને છે કે તેમના પ્રભાવને કારણે સામાજિક-આર્થિક પરિવર્તન તાત્કાલિક બંધારણીય આદેશો દ્વારા નહીં, પરંતુ કાયદાકીય પ્રક્રિયાઓ દ્વારા ધીમેધીમે આગળ વધે તે સુનિશ્ચિત થયું હતું.

સમાપન

બંધારણસભામાં સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકાથી સ્પષ્ટ થાય છે કે તેમની ઓળખને માત્ર 'લોખંડી પુરુષ' તરીકે સીમિત કરવાથી તેમના બૌદ્ધિક યોગદાનને સંપૂર્ણ ન્યાય નથી મળતો. તેઓ માત્ર પ્રશાસકીય દઢતા ધરાવનાર નેતા નહોતા; તેઓ એવા અભ્યાસુ વિચારક હતા જેમણે ભારતીય પ્રજાસત્તાકના સંસ્થાકીય અને બંધારણીય આધારને આકાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. બંધારણીય સભામાં સરદાર પટેલના હસ્તક્ષેપો તેમની 'શિસ્તબદ્ધ લોકશાહી'ની એક સુસંગત ફિલસૂફીને વ્યક્ત કરે છે અને તેમને એક પ્રબુદ્ધ બૌદ્ધિક તરીકે પણ સ્થાપિત કરે છે.

સાભાર : નવનીત સમર્પણ — **- પ્રવીણ જ. પટેલ**

પ્રબુદ્ધ નાગરિક... (પાન ૭નું ચાલુ)

ગાંધી પણ મેદાનમાં આવ્યા અને આ વેળા પણ એમણે મુખ્ય કામગીરી પત્રકારત્વની કરી. ૧૯૭૪ના જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધી એમણે નવનિર્માણ આંદોલનના મુખપત્ર બેએ 'લોકસ્વરાજ' ચલાવ્યું. એ પછી લોકસમિતિની રચના કરાઈ. છાપું 'લોકસ્વરાજ' એને સોંપાયું, અને ભોગીલાલે છોડ્યું પરંતુ ૧૯૭૭માં વળી એક સાહસી પત્રકારત્વના ખેડાણની તક મળી. ૧૯૭૪થી ભોગીલાલ ગાંધીએ અર્ધોપર્ધો નિવાસ અમદાવાદમાં રાખ્યો હતો. એ દરમ્યાન ૧૯૭૫માં કટોકટી આવી. ઇન્દિરા સરકારે ધરપકડો કરવા માંડી. ત્યારે મિત્રોએ ભોગીલાલને સૂચવ્યું કે તમારી તબિયત સારી નથી રહેતી. તમે ધરપકડ વહોરશો નહિ. ભોમ ભીતર ચાલ્યા જાવ અને ગુપ્ત રીતે થાય એટલી સહાય આંદોલનને કરજો. અને ભોગીલાલે સહાય કઈ રીતે કરી ? એમણે 'જનતા છાપું' નામે અનિયતકાલિન ગુપ્ત પત્રકાઓ શરૂ કરી. ગુપ્ત રીતે નીકળતી આ પત્રિકાઓમાં આંદોલન સમાચાર છપાતા, જેનું વિતરણ કેટલાક જુવાનો કરતા હતા. પત્રિકામાં તંત્રી તરીકે 'અભય આઝાદ'નું નામ આવતું હતું. પરંતુ જગત જાણે છે કે અભય આઝાદ એ ભોગીલાલ ગાંધીનું ઉપનામ હતું ! સાહિત્ય પરિષદે તેમના 'ઉપવાસી' તખલ્લુસનો ઉલ્લેખ કર્યો છે પણ 'અભય આઝાદ'નો ઉલ્લેખ રહી ગયો છે.

આ 'જનતા છાપું' કદાચ બહુ ગુપ્ત પણ નહોતું. એ વખતે ગુજરાતમાં જયપ્રકાશ આંદોલનની તરફદાર એવી જનતાપક્ષની સંયુક્ત સરકાર હતી એટલે એ ચાલ્યું. આઠ-દસ માસ પછી સંઘ સરકારે બાબુભાઈ જશભાઈ પટેલની આગેવાનીવાળી એ સરકારને બરતરફ કરી ત્યારે 'જનતા છાપું' પણ બંધ થઈ ગયું. એક જમાનાના ક્રાંતિકાર ભોગીલાલ ગાંધી અંતે પણ એક ક્રાંતિ પ્રકારના છાપાના જ તંત્રી બન્યા, એ કાંઈ જેવો તેવો જોગાનુજોગ છે?

જોકે કરુણતા એ છે કે આ પછીનાં ભોગીલાલ ગાંધીનાં પુસ્તકોનાં નામ 'ચમત્કારોનું વિજ્ઞાન (૧૯૮૨) અને 'ચમત્કારિક શક્તિની શોધમાં (૧૯૮૩)' મળે છે. આ માનસપરિવર્તનનાં મૂળમાં શું હશે, એ પ્રશ્ન છે. કદાચ આવા જ કશાક કારણસર ૧૯૯૭માં એમને સચ્ચિદાનંદ સન્માન ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા અપાયું હતું. આ સન્માન માટેનું ભંડોળ દંતાલી પેટલાદના સ્વામી સચ્ચિદાનંદ દ્વારા આપવામાં આવ્યું હતું.

- યશવન્ત મહેતા

તબીબી સારવારમાં.... (પાન ૧૪નું ચાલુ)

કમનસીબે ડૉક્ટરો અને કોર્પોરેટ હૉસ્પિટલોમાં ભ્રષ્ટાચાર પોષ્યો છે. સરકારની આરોગ્ય નીતિ અને આરોગ્ય વીમા કંપનીઓ ડૉક્ટરોને લલચાવે છે. આરોગ્ય વીમો હોય એટલે ડૉક્ટરો બિનજરૂરી પરીક્ષણો કરાવે અને નાહકની દવાઓ લખી આપે. જરૂર ન હોય તો પણ દર્દીને દવાખાનામાં દાખલ કરી દેવામાં આવે. સો રૂપિયાની સારવારના એક લાખ રૂપિયા થઈ જાય. સારવાર મોંઘી થાય. વીમાકંપનીઓ પણ નફાખોર છે, એ દર્દીનું ભલું વિચારતી નથી. આવી નીતિઓને કારણે તબીબી સારવારની ગુણવત્તા કથળી છે. તબીબી શિક્ષણમાં વિદ્યાર્થીઓને સારવારની સાચી રાહ શીખવવી જોઈએ. દરેક બીમારીની વૈજ્ઞાનિક ઢબની સારવાર થવી જોઈએ. તબીબી શિક્ષણ પણ આજકાલ ખાડે ગયું છે. મોંઘીદાટ અને જાતજાતની દવાઓથી રોગ જલદી મટતો નથી. દવાઓ દર્દીને જોખીને આપવી જોઈએ.

દેશે એની આરોગ્યનીતિ બાબતમાં પુનર્વિચાર કરવાની આવશ્યકતા છે. દર્દીને ઘરઆંગણે સારવાર મળી રહેવી જોઈએ. સાદી બીમારીઓની જીવનઆવશ્યક સારવાર થવી જોઈએ. દર્દી ગરીબ હોય તો પણ સારવારથી વંચિત ન રહેવો જોઈએ. કોઈ વ્યક્તિ પાસે આરોગ્ય વીમો ન હોય તો પણ એને સારવાર મળવી જ જોઈએ. પ્રશ્ન એ પૂછવો જરૂરી છે કે દર્દીને સાચી અને તર્કસંગત સારવાર અને આરોગ્યસેવા મળે છે? એ ખરેખર એના લાભમાં છે? ઓછી દવાઓ ગરીબોને હાનિકારક છે. ખૂબ વધારે દવાઓ ધનવાનોને તકલીફમાં મૂકે છે. આપણી આરોગ્ય નીતિએ આ વિરોધાભાસ પારખીને એનો ત્વરિત ઉપાય કરવો જોઈએ.

('આપણું સ્વાસ્થ્ય'માંથી સાભાર) — **- ડૉ. કિરણ શીંગ્લોત**

('રીડર્સ ડાઇજેસ્ટ'ના જુલાઈ ૨૦૨૬ના અંકમાં પ્રકાશિત લેખમાંથી સારવીને આ લખાણ તૈયાર કરવામાં આવ્યું છે તે સાભાર.)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તબીબી સારવારમાં અતિરેક - સંતુલન જરૂરી છે

છેલ્લાં થોડાં વર્ષોમાં આધુનિક તબીબી સારવાર અવૈજ્ઞાનિક, અચોક્કસ અને બિનતાર્કિક બનતી ગઈ છે. દર્દીઓના રોગનું ચોક્કસ નિદાન થતું નથી. એની તકલીફને સમજવા માટે પૂરતી વિગતો પૂછવામાં કે મેળવવામાં આવતી નથી. સારવાર શરૂ કરતાં પહેલાં દર્દીઓને લેબોરેટરી પરીક્ષણોની લાંબીલચક યાદી ઉતારી આપવામાં આવે છે. અગાઉ દર્દીને પૂછવામાં આવતી વિગતો અને એના વર્ણન પરથી મોટા ભાગે નિદાનો થતાં. એવું કહી શકાય છે કે ૯૦% નિદાન માત્ર દર્દીની વિગત પરથી થતાં, બાકી રહે તો એની શારીરિક તપાસ પરથી નિદાન કરવામાં આવતું. અગાઉના ડૉક્ટરો દર્દીના રોગના નિદાન માટે પોતાના નૈદાનિક કૌશલ્ય (clinical skills) પર આધાર રાખતા. હવે તબીબી સેવાઓ કોર્પોરેટ એટલે કે ધંધાદારી બની ગઈ છે. બાકી હતું તે મેડિકલ ઇન્સ્યોરન્સે દાટ વાળ્યો છે. અલગ અલગ સ્પેશ્યાલિટીના તબીબો વચ્ચે દર્દીઓને લૂંટવાની સાંઠગાંઠો બની છે. એક નાનકડી શારીરિક તકલીફ માટે દર્દીઓ અનેક ડૉક્ટરો અને હૉસ્પિટલોનાં પગથિયાં ઘસતા રહે છે અને એમની મેડિકલ ફાઇલોના થોકડા થતા રહે છે. સો રૂપિયાની સારવાર હવે દર્દીને દસ લાખ રૂપિયાના ખાડામાં ઉતારી મૂકે છે. ડૉક્ટરોની અપ્રમાણિકતાએ માઝા મૂકી છે. બાકી હતું તે હવે કોર્પોરેટ તબીબી સેવાઓને રાજ્યાશ્રય મળ્યો છે.

એંસીના દાયકા સુધી તબીબી સેવાઓ તર્કસંગત (rational) હતી તે નેવુંના દસકા પછી ઉઘાડેચોક લૂંટફાટના માર્ગે ચડી ચૂકી છે. પહેલાં દર્દીના રોગનું સ્પષ્ટ નિદાન થવું જોઈએ. પછી એક રોગના ઇલાજ માટે શક્ય હોય ત્યાં સુધી એક કે બે, એટલે કે ઓછામાં ઓછી દવાઓનો પ્રયોગ થવો જોઈએ. દર્દીની બીમારી પર સીધી અસર કરે તેવી ઓછામાં ઓછી અને ચોક્કસ દવા લખાવી જોઈએ. વળી દવાઓ જેનેરિક અને વૈજ્ઞાનિક હોવી જોઈએ. તેને બદલે આજે ઔષધ ઉદ્યોગ પણ વેપારી બની ચૂક્યો છે. અતર્કસંગત અને અવૈજ્ઞાનિક દવાઓથી બજારો ઊભરાય છે. એક દવાથી કામ ચાલતું હોય ત્યાં ડૉક્ટરો દવાની લાંબીલચક યાદીઓ ઉતારી આપે છે. આને 'કોકટેલ (ખીચડી) સારવાર' કહેવામાં આવે છે. ઔષધ કંપનીઓ સાથે પણ ડૉક્ટરોનો મેળ છે. એમને લાંચ અને મોંઘીદાટ ભેટો આપીને દવાકંપનીઓ સોદાબાજી કરે છે. મેડિકલ કાઉન્સિલની આના પર કોઈ લગામ નથી.

આધુનિક તબીબી વિજ્ઞાન બીમારીઓનો ઇલાજ ઔષધો, શસ્ત્રક્રિયાઓ અને વિકિરણ ચિકિત્સાથી કરે છે. દવાઓ ખૂબ જ શક્તિશાળી હથિયાર છે, જેનાથી મોટા ભાગના રોગો કાબૂમાં આવી શકે છે. તર્કસંગત દવાઓથી દર્દીઓની પીડા ઓછી થાય છે. અનેક બીમારીઓ એવી છે કે જે આપમેળે જ થોડા દિવસોમાં કાબૂમાં આવી જાય છે. જેમ કે શરદી વાઈરસથી થતી બીમારી છે. એ અમુક દિવસોમાં આરામ અને દર્દીનાં ચિહ્નોમાં રાહત આપે તેવી દવાઓથી મટી શકે છે. છતાં સાદી શરદીની બીમારીમાં ડૉક્ટરો દર્દીઓને એન્ટિબાયોટિક સહિત જાતજાતની દવાઓ લખી આપતા હોય છે. બિનજરૂરી દવાઓ દર્દીને હાનિ કરી શકે છે. આજની તબીબી સંભાળ એટલી હદે ધંધાદારી બની ગઈ છે કે ડૉક્ટરો તબીબી નીતિમત્તા (medical ethics)નું પાલન કરતા નથી. સરકારી મેડિકલ કૉલેજોનું અને સરકારી હૉસ્પિટલોનું ચલણ ઘટતું ગયું છે, એને બદલે ધંધાદારી (સેલ્ફ-ફાઇનાન્સ) મેડિકલ કૉલેજો અને એમની સાથે સંકળાયેલી ખાનગી હૉસ્પિટલોનું ચલણ વધ્યું છે. આનો માર સામાન્ય પ્રજાએ ભોગવવો પડે છે.

નવી તબીબી સેવાનો વિરોધાભાસ

આઝાદી પછીના તરતના ગાળામાં ભારતની હાલત એવી હતી કે આપણે ત્યાં ડૉક્ટરોની, હૉસ્પિટલોની, તબીબી સારવાર માટેની સુવિધાઓની અને જીવનઆવશ્યક દવાઓની ભારે અછત હતી. આજે પણ આ પરિસ્થિતિમાં ઝાઝો ફેર પડ્યો નથી. ભારતીય તબીબી સેવાઓ શહેરો અને મહાનગરો પૂરતી ફેલાવો ધરાવે છે. ગામડાઓ એનાથી વંચિત છે. દેશની મોટા ભાગની વસતિ આજે પણ કટોકટીની સારવાર મેળવવા માટે ફાંફાં મારે છે. ક્ષય, રક્તપિત્ત, પાંડુરોગ, હાઇ બ્લડ પ્રેશર અને ડાયાબિટીઝની આરોગ્ય સમસ્યાઓ પ્રજાને પીડે છે. બાકી હતું તે હવે કેન્સરની સમસ્યા વિકરાળ બની રહી છે. ગામડાંગામોમાં ગર્ભાવસ્થા અને પ્રસૂતિઓની સુવિધાઓ હજુ પણ ઉપલબ્ધ નથી. ગર્ભાવસ્થા અને પ્રસૂતિમાં કોઈ ગૂંચ ઊભી થાય તો એની ત્વરિત સારવાર મળતી નથી. દવાઓથી તો બજારો ઊભરાય છે પણ બજારમાં મળતી ૭૦% દવાઓ વાહિયાત, નફાકારક, મોંઘી, અવૈજ્ઞાનિક અને અતર્કસંગત છે. દર્દીઓનું એનાથી કંઈ ભલું થાય એમ નથી. સવાલ એ છે કે પાયાની તબીબી સુવિધાઓની ખોટ છે અને મોંઘીદાટ તબીબી સારવારનો વ્યાપ વધ્યો છે. મોંઘી તબીબી સારવાર માત્ર શહેરી અને અર્ધશહેરી વિસ્તારોમાં જ ઉપલબ્ધ છે. ગામડાઓ રહેંસાય છે. દેશમાં તબીબી સેવાઓનું વિષમ વિતરણ છે.

આધુનિક દવાઓ વિજ્ઞાનની મોટી સિદ્ધિ છે. પણ ડૉક્ટરો એનો દુરુપયોગ કરે છે. મનુષ્યનું સમાજજીવન અટપટું બન્યું છે. માનવીની અનેક તબીબી વિટંબણાઓ એના સામાજિક જીવન, સંબંધોનો તણાવ, કામકાજના ભારણ ઉપરાંત અનિયમિત જીવનશૈલી, બેઠાડુ જીવન તેમ જ કામકાજ કરતી વખતે ભૂલભરેલી અંગસ્થિતિ સાથે સંબંધ ધરાવે છે. આ બધી તકલીફોનો રામબાણ ઇલાજ દવાઓથી થાય નહીં. ઘણી વાર એમના નિદાન માટે લાંબાંલચક પરીક્ષણોની પણ કોઈ આવશ્યકતા હોતી નથી. તેમ છતાં દર્દીઓ ડૉક્ટરોની મોંઘીદાટ કન્સલ્ટેશન ફી, જાતજાતનાં પરીક્ષણો, મોંઘીદાટ દવાઓ તેમ જ અટપટી તબીબી વિધિઓની જંજાળમાં સપડાય છે.

અનેક બીમારીઓનાં કારણમાં અમુક જોખમી પરિસ્થિતિઓ જવાબદાર હોય છે. જેમ કે હાઇ બ્લડ પ્રેશર, ડાયાબિટીઝ, હાર્ટ ઍટેક અને કેન્સર જેવા રોગો માટે કસરતનો અભાવ, બિનસ્વાસ્થ્યપ્રદ આહાર, ધૂમ્રપાન, તણાવયુક્ત જીવન, અતિશય ભાગદોડવાળી જિંદગી અને અપૂરતી ઊંઘ ભાગ ભજવે છે. પણ ડૉક્ટરો હવે દર્દીઓને સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલીની સલાહ આપવાને બદલે તબીબી સારવાર અને પરીક્ષણોની જંજાળમાં ફસાવે છે. ડૉક્ટરો કોર્પોરેટ હૉસ્પિટલોને વફાદાર છે. જાતે ધીકતી કમાણી કરવી છે. સેલ્ફ ફાઇનાન્સ મેડિકલ કોલેજમાં ભણવા માટે ખર્ચેલી તગડી ફી વસૂલ કરવાની પેરવીમાં મશગૂલ છે. તબીબી વ્યવસાય સ્વાર્થી અને આપખુદ બની ચૂક્યો છે.

આધુનિક તબીબી સેવાનો વિરોધાભાસ એ છે કે નાની બીમારીની સરળ અને સસ્તી સારવાર ઉપલબ્ધ નથી. હાર્ટ ઍટેક કે સ્ટ્રોક માટે લોકોએ મોટી હૉસ્પિટલોની જાળમાં સપડાવું પડે છે. બીજી બાજુ ઍક્ઝિક્યુટિવ ચેકઅપ અને ફ્રેન્ચાઇઝીવાળી પેથોલોજિકલ લેબોરેટરીઓ દર્દીઓને પેકેજ આપીને ઉઘાડેછોગ લૂંટે છે. આવો ચેકઅપ બિનજરૂરી છે. એ દર્દીઓમાં અને વ્યક્તિઓમાં ખોટી ચિંતા ઊભી કરે છે. વળી પરીક્ષણોની આખી યાદીમાં એકાદ પરિણામ આડુંઅવળું નીકળે એટલે ડૉક્ટર એનું અટપટું કારણ આપીને અતર્કસંગત દવાઓનો ખોટો ખર્ચ કરાવે. પણ કોઈ દર્દીને સ્વસ્થ જીવન જીવવાની સાચી સલાહ આપવામાં ન આવે. વિચિત્રતા એ છે કે મેલેરિયા, ટાઇફોઇડ, શરદી, ફ્લુ, એનિમિયા જેવી સાદી બીમારીઓમાં દર્દીઓને તર્કસંગત સારવાર ન મળે, જ્યારે જીવનશૈલી સંબંધિત બીમારીઓમાં અનેક દર્દીઓ નકામી દવાઓના ડુંગર નીચે દબાઈ જાય. બધી જ દવાઓ કામની નથી. અનેક દવાઓ દર્દીઓને શંકાસ્પદ ફાયદાઓના ઓઠા હેઠળ લખીને છેતરવામાં આવે. ભોળા દર્દીઓ ડૉક્ટરોને એક સવાલ પૂછી ન શકે. કારણ કે, ડૉક્ટર એને કહેશે, ડૉક્ટર તમે છો કે હું છું?

'અતિ સર્વત્ર વર્જયેત્' આ નિયમ તબીબી વ્યવસાયને પણ લાગુ પડે છે. દર્દીને નાની તકલીફ હોય, જેમ કે કમરદર્દ. છતાં ડૉક્ટરને ધીરજ રહેતી નથી. તરત જ દર્દીને ઍમ.આર.આઇ. કરાવવા દોડાવવામાં આવે છે. પહેલી અગ્રતા કસરત (ફિઝિયોથેરાપી) અને અનુકૂળ દવાઓને આપવી જોઈએ. બીજું, થોડી રાહ જોવી જરૂરી છે. મોટા ભાગની બીમારીઓ અમુક સમય પછી આપોઆપ હળવી થઈ જાય છે અને મટી પણ જાય છે. છતાં ડૉક્ટરો રાહ જોવા તૈયાર નથી. એમને જોખમ લેવું નથી. વાઇરસનો તાવ હોય છતાં દર્દીને જરૂર ન હોવા છતાં ઍન્ટિબાયોટિક દવાઓ લખવામાં આવે જ છે. શરદીની સારવાર ન કરો તો સાત દિવસમાં મટે, અને દવાઓનો થોકડો લખી આપો તો એક અઠવાડિયામાં મટે એવી ડૉક્ટરોમાં કહેણી છે. બહુ તો દર્દીને શરદીનાં માઠાં ચિહ્નોમાં થોડી રાહત મળે તેવી એકાદ દવા લખી શકાય. પણ ડૉક્ટરોમાં આજકાલ મલ્ટિવિટામિન સપ્લીમેન્ટ્સ, વૃદ્ધાવસ્થાને ટાળતી (anti-aging) ગોળીઓ, રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરતી (immune boosters) દવાઓ, યકૃતમાંથી ઝેરી પદાર્થોનો નિકાલ કરતી દવાઓ (liver detox), મગજની શક્તિમાં વધારો કરનારી દવાઓ (brain tonics), વગેરે વાહિયાત દવાઓ લખી આપવાનું ચલણ ખૂબ છે. ડૉક્ટરો અને દવાકંપનીઓ એવો દાવો કરે છે કે એમનાં સાનુકૂળ પરિણામો અંગે અનેક સંશોધનો થયેલાં છે અને વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલાં છે.

હા, તબીબી વિજ્ઞાનમાં અમુક પ્રગતિઓ દર્દીઓને ગંભીર માંદગીમાંથી સાજા કરવામાં અને જીવલેણ તકલીફોમાંથી ઉગારવામાં ઉપયોગી જરૂર છે. જેમ કે, સગર્ભા માતાઓમાં સિઝેરિયન ઑપરેશન માતા અને બાળકનો જીવ બચાવી શકે છે. ઘૂંટણ બદલવાની શસ્ત્રક્રિયા દર્દીની હલનચલનની શક્તિ પાછી આપી શકે છે. ઍન્જિયોપ્લાસ્ટી હૃદયરોગના દર્દીઓનું જીવન બચાવી શકે છે. પિત્તાશયની પથરીઓમાં આ અંગ કાઢી નાખવાની શસ્ત્રક્રિયા દર્દીઓની પીડા દૂર કરી શકે છે. કેન્સરની સારવાર પણ દર્દીને રાહત આપીને એનો જીવ બચાવી શકે છે. પણ અગત્યનું એ છે કે જરૂરી હોય તો જ આ શસ્ત્રક્રિયાઓ થવી જોઈએ. એને બદલે ડૉક્ટરો દર્દીઓને ગભરાવીને અને અનિશ્ચિતતા ('આ ઑપરેશન ન કરાવો તો શું થશે એ અમે ન કહી શકીએ') ઊભી કરીને દર્દીઓને બાટલામાં ઉતારે છે. ડૉક્ટરો પર કમાણીનું આર્થિક દબાણ સવાર હોય છે. વળી દર્દીઓની અપેક્ષામાં વધારો કરવામાં આવે છે. સરવાળે આ અતિશયોક્તિ દર્દીઓને આર્થિક અને માનસિક રીતે ભારે પડી જાય છે.

નુકસાનની વણઝાર

દરેક તબીબી પરીક્ષણ સાચું જ પરિણામ આપે તેવું જરૂરી નથી. એ ખોટું અને ગેરમાર્ગે દોરનારું પણ હોઈ શકે. આને તબીબી ભાષામાં False Positive કહેવામાં આવે છે. એ માત્ર દર્દીને જ ચિંતામાં નાખી દે એવું નથી, પણ ડૉક્ટરને પણ ભુલાવામાં નાખી દે. દર્દીને આપવામાં આવતી દરેક દવાની કોઈ ને કોઈ આડઅસર હોય જ. શરીરમાં દાખલ થતી દરેક દવાનું રાસાયણિક રીતે વિઘટન કરીને એને શરીરમાંથી નિકાલ કરવાનું કામ યકૃત અને મૂત્રપિંડ સંભાળે છે. જેટલી દવાઓ દર્દીને વધારે આપવામાં આવે તેટલો આ બે અવયવો પરનો કાર્યબોજ વધે. ચેપી રોગોમાં દર્દીને આપવામાં આવતી બિનજરૂરી ઍન્ટિબાયોટિક દવાઓ સામે સૂક્ષ્મ જીવાણુઓ પ્રતિકારશક્તિ કેળવીને એમને બિનઅસરકારક બનાવી દે. પછી જ્યારે એમની ખરી જરૂર પડે ત્યારે એ નકામી સાબિત થાય. ન્યુમોનિયા, ટાઇફોઇડ અને ક્ષય જેવી બીમારીઓમાં વપરાતી અનેક દવાઓ આજે બિનઅસરકારક બની ચૂકી છે. આ દોષ એમનો દુરુપયોગ કરનારા તબીબોનો છે.

ઉપરાંત બિનજરૂરી પરીક્ષણો અને દવાઓનો આર્થિક ભાર દર્દીઓના ખિસ્સા પર પડે છે. દિવસે દિવસે તબીબી સારવાર ખર્ચાળ બનતી ચાલી છે. દવાઓનું ઉત્પાદન ખૂબ વધ્યું છે, તબીબી સુવિધાઓ

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

વધી છે, હૉસ્પિટલો અને ડૉક્ટરોનો રાફડો ફાટી ચૂક્યો છે. અર્થશાસ્ત્રના નિયમ મુજબ તો આટઆટલી વિપુલતા અને પુરવઠા વચ્ચે દવાઓનો અને તબીબી સારવારનો ભાવ ઘટવો જોઈએ. પણ ખર્ચાળ તબીબી સારવાર અને મોંઘીદાટ દવાઓ માટે ઔષધઉદ્યોગ, તબીબી વ્યવસાયની અપ્રમાણિકતા અને દેશની રાજનીતિ જવાબદાર છે. લાખો કુટુંબો મોંઘીદાટ તબીબી સારવારના પગલે ગરીબીની ખાઈમાં અને દેવાંમાં ગરકાવ થઈ જાય છે. આરોગ્ય વીમા કંપનીઓ પણ નફાખોર છે. દર્દીઓને અને કુટુંબોને સારવાર માટે ઋણ લેવું પડે. પોતાની પાંખી બચતનું બલિદાન દેવું પડે. ઘરવખરી વેચવી પડે. સોનુંચાંદી વેચવાં પડે. આપણા દેશમાં ખર્ચાળ તબીબી સારવારને કારણે અસંખ્ય કુટુંબો ગરીબીની રેખામાં ધકેલાઈ જાય છે.

માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં આ હાલત પ્રવર્તે છે. પ્રતિષ્ઠિત તબીબી સામયિક 'બ્રિટિશ મેડિકલ જર્નલ'નો અહેવાલ જણાવે છે કે દવાઓનો અતિરેક થાય છે. તબીબી નિદાનમાં ભારોભાર અતિશયોશક્તિ છે. તબીબી સારવાર ખર્ચાળ બનતી ચાલી છે. ડૉક્ટરો અને તબીબી સેવાઓ સામાન્ય માનવીની જિંદગી પર રાક્ષસ બનીને સવાર થઈ ચૂક્યા છે.

ભારત માટે તો આ સમસ્યા ઘણી વિકરાળ છે. ગરીબ કુટુંબોને જીવનઆવશ્યક સારવાર મળતી નથી અને જે લોકો ધનવાન છે તેમને બિનઆવશ્યક સારવાર મળે છે. તબીબી તંત્રની આ ધરાર નિષ્ફળતા છે. દરેક બીમારીનો ઇલાજ તબીબો પાસે નથી. અમુક જ બીમારીઓમાં સાચી સારવાર આપી શકાય. પણ ડૉક્ટરોએ અતિશયોક્તિથી દૂર થવું જોઈએ. સાચી દવા અને સાચી સારવાર (rational medicine and rational treatment), એ તબીબી સેવાનો મંત્ર રહેવો જોઈએ.

તબીબી સારવારમાં સંતુલન જરૂરી છે

ખોટે માર્ગે આગળ વધી રહેલા તબીબી વ્યવસાયને સાચા માર્ગે આણવા માટે દેશની રાજનીતિ, તબીબી વ્યવસાય અને ડૉક્ટરો પર લગામ લગાડનારી મેડિકલ કાઉન્સિલ – આ બધાંએ ભેગાં મળીને અંદરોઅંદર સંવાદ કરીને નિયમો બનાવવા જરૂરી છે. તબીબી સંગઠનો (મેડિકલ ઍસોસિયેશનો)ની પણ આમાં મોટી ભૂમિકા છે. તબીબી વ્યવસાયે શાણપણ વાપરવું જોઈએ. કેન્સરની સારવારમાં આ પ્રક્રિયાની શરૂઆત થઈ ચૂકી છે. પણ એનો વિસ્તાર જનરલ પ્રેક્ટિસ, ઑર્થોપેડિક્સ, કાર્ડિયોલોજી, પ્રસૂતિવિજ્ઞાન, બાળરોગચિકિત્સા, રેડિયોલોજી અને ઍન્ડોક્રાઇનોલોજી ક્ષેત્રમાં પણ થવો જોઈએ.

આધુનિક તબીબી વ્યવસાય માત્ર સારવાર પર જ ભાર મૂકે છે. પણ રોગનિવારણ માટે પણ લોકોને સજાગ કરવા જરૂરી છે. દર્દીઓ ડૉક્ટરો માટે માછલીઓ છે. જાળ નાખીને એમને પકડવી છે. પણ આ માછલીઓ જો પોતાના આરોગ્યની અને સ્વાસ્થ્યની સંભાળ લેતી થાય તો એમને તબીબી સારવારની જરૂર ઓછી પડે.

આધુનિક તબીબી વિજ્ઞાન અમુક રોગોના આગોતરા નિદાન માટે સ્ક્રીનિંગ ટેસ્ટ્સ કરે છે. જેમ કે સ્તન કેન્સરના નિદાન માટે મેમોગ્રાફી કરવામાં આવે છે. ગર્ભાશય મુખના કેન્સરના વેળાસર નિદાન માટે પેપ સ્મીયર ટેસ્ટ થાય છે. હાર્ટ ઍટેકના જોખમ માટે પણ જોખમી પરિબળોનું પરીક્ષણ કરવામાં આવે છે. જો આ સ્ક્રીનિંગ ટેસ્ટ્સનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો અનેક જીવ બચાવી શકાય. પણ એમનો દુરુપયોગ દર્દીઓ અને એમનાં સ્વજનોમાં અતિશય ચિંતા, માનસિક ગૂંચ અને આર્થિક વ્યય ઊભાં કરે છે.

ડૉક્ટરોએ અને હૉસ્પિટલોએ દર્દીઓને અને તેમનાં સગાંને રોગના નિદાન માટે જે પરીક્ષણો કરાવવાં જરૂરી હોય અને નિદાન પછી દર્દીને જે સારવારની ભલામણ કરવાની હોય તે તર્કબદ્ધ રીતે સમજાવવી જરૂરી છે. દર્દી કે તેનાં સગાં તબીબી વિજ્ઞાન બાબતમાં અજ્ઞાન છે એવી માન્યતા એમણે દૂર કરવી જોઈએ. ઉપરાંત સારવારમાં પણ જીવનશૈલી સંબંધી ફેરફારો પહેલાં સમજાવવા જોઈએ. સીધી દવાઓની લાંબીલચક યાદી ઉતારી ન આપવી જોઈએ. દર્દીના રોગના નિદાન બાબતમાં ડૉક્ટર સ્પષ્ટ હોવા જોઈએ, નહીં તો દર્દીને દવાઓની ભેળ લખી આપે. ઉપરાંત ડૉક્ટરની બીજી ફરજ એ છે કે એમણે દર્દીને એના રોગને અટકાવવા માટે શું ઉપાયો કરવા જોઈએ તેની સમજ આપવી જોઈએ. દર્દીને ઍનિમિયા (પાંડુરોગ) હોય તો ડૉક્ટરો મોંઘીદાટ આયર્નની ગોળીઓ અને જાતજાતના મલ્ટિવિટામિન સપ્લીમેન્ટ્સ લખી આપે, પણ આહારમાં લોહતત્ત્વ પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે કેવો ખોરાક લેવો જોઈએ તેની બિલકુલ જાણકારી આપવામાં આવે નહીં. આ બરાબર નથી.

ડૉક્ટર જે પ્રીસ્ક્રિપ્શન લખી આપે તે પારદર્શક હોવું જોઈએ. એમાંની દરેક દવા દર્દીએ લેવી કેમ જરૂરી છે અને એનાથી એના રોગમાં શી રીતે રાહત થશે એની પૂરેપૂરી સમજ આપવી જોઈએ. પણ આજના ડૉક્ટરો આવું કરતા નથી. કઈ દવા રોગમાંથી સાજા થવામાં ઉપયોગી છે અને કઈ દવા માત્ર દર્દીને એના રોગનાં ચિહ્નોમાં રાહત આપવા (symptomatic relief) માટે છે તેની એને જાણકારી આપવી જોઈએ. કઈ દવા માત્ર પ્રયોગ ખાતર લખી આપવામાં આવી છે અને એની અસરો બાબતમાં વૈજ્ઞાનિક પુરાવાઓ નથી એની પણ દર્દી સાથે ચર્ચા કરવી જોઈએ. ડૉક્ટરની પારદર્શકતા અને પ્રમાણિકતા દર્દીને ભરોસો આપે છે.

દર્દીએ પણ નિખાલસતાથી ડૉક્ટરને પાંચ પ્રશ્નો પૂછવા જોઈએ : મારે આ પરીક્ષણ કરાવવું જરૂરી છે અને આ સારવાર ખરેખર ઉપયોગી છે? પરીક્ષણ અને સારવારનાં જોખમો કયાં છે? જો હું રાહ જોઉં તો શું ફેર પડે? બીજો કોઈ સાદો વિકલ્પ છે? આ પરીક્ષણનો અને સારવારનો મારે કેટલો ખર્ચ કરવો પડશે? અ તમામ પ્રશ્નો ડૉક્ટર કે તબીબી વિજ્ઞાન પર અશ્રદ્ધા પેદા નથી કરતા. એ ખરેખર તો દર્દીના હિતમાં છે. સાચા ડૉક્ટરે દર્દીના આવા સવાલોને પ્રોત્સાહન આપવું જોઈએ.

મેડિકલ ઈન્સ્યોરન્સ કંપનીઓ અને સરકારી આરોગ્ય યોજનાઓએ પણ પ્રજાભિમુખ નીતિ અપનાવવી જોઈએ. સરકારી આયુષમાન યોજનાએ

(જુઓ પાન નં. ૧૧)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભારતને ઘડનારા કોણ ?

પ્રાચીન ભારત અને આધુનિક ભારત એવા બે વિભાગો દ્વારા સામાન્યપણે આપણે દેશના વિકાસને સમજવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ. આઝાદી પૂર્વે ભારત એક દેશ નહોતો પણ અનેક દેશી રજવાડાંઓમાં વહેંચાયેલો હતો. દેશ એક બન્યો એનું બંધારણ લાંબી ચર્ચાના અંતે તૈયાર કરવામાં આવ્યું. આવા આધુનિક ભારતના ઘડતરનું કામ ક્યારથી શરૂ થયું અને કોણે તેમાં યોગદાન આપ્યું એના વિશે અનેક પ્રકારનાં પુસ્તકો લખાતાં રહ્યાં છે, એની ચર્ચા-વિચારણાઓ ચાલતી જ રહી છે.

આ સંદર્ભમાં આપણા સમકાલીન ઇતિહાસકાર રામચંદ્ર ગુહાનું અંગ્રેજી પુસ્તક જેનું શીર્ષક 'Makers of Modern India (2010) છે તે અત્યંત મહત્ત્વનું છે. ભારતીય માનસ રાજા રામમોહન રાયના સમયથી ઘડાવા લાગ્યું એમ લેખકનું માનવું છે. રાજા પહેલી એવી વ્યક્તિ છે જેમણે આ દિશામાં ગંભીરપણે અને વિકાસશીલ સમાજની વિચારણા હાથ ધરી હતી. બીજી એવી વ્યક્તિ છે – સૈયદ અહેમદ ખાન, જેઓ આધુનિકતાવાદી મુસલમાન છે, તેઓ શિક્ષણનું મહત્ત્વ પિછાને છે. હિંદુ-મુસ્લિમ ભારતની બે આંખો છે એવું એમને સમજાયું છે. ત્રીજા છે જોતિરાવ ફૂલે. જે પણ ખેડૂતોના પ્રશ્નો વિશે વિચારે છે અને સમાજ શિક્ષિત હોવો જોઈએ તે માટે પત્ની સાવિત્રીબાઈ સાથે પ્રયાસો આરંભે છે. ચોથા છે ગોપાલકૃષ્ણ ગોખલે. દેશની સેવા એટલે દેશના લોકોની સેવા, મુખ્ય બે કોમો વચ્ચે સહકાર અને સદ્‌ભાવ તથા પાછળ રહી ગયેલા લોકોને ઊંચે લાવવા જેવી બાબતો એમને બરાબર સમજાય છે. તેઓ બહુ લાંબું જીવ્યા નથી પણ દેશસેવાની સાચી દિશા કઈ હોઈ શકે એનું માર્ગદર્શન ગાંધીજીને પણ આપી શક્યા છે. (ગોખલે – ૧૮૬૬-૧૯૧૫)

તે પછી આવે છે બાલ ગંગાધાર ટિળક, જેઓ જહાલપંથી રાષ્ટ્ર-સેવક છે. ઉત્સવો દ્વારા લોકોને સંગઠિત કરી રાષ્ટ્રિયતાની સમજ આપવાનું કામ તેમણે સફળતાપૂર્વક આદર્યું અને સિદ્ધ કર્યું. ૧૮૩૦માં જન્મેલાં તારાબાઈ શિન્દે એવાં પહેલાં મહિલા છે જેમણે સાવિત્રીબાઈની માફક મહિલા કેળવણી ક્ષેત્રે મહત્ત્વનું કામ હાથ ધર્યું. હિંદુ ધર્મશાસ્ત્રોનું અર્થઘટન મહિલાની દૃષ્ટિથી કર્યું, જે આજે પણ ક્રાંતિકારી લાગે એવું છે. આપણા દેવતાઓ અને ત્યાગીઓ સૌંદર્યવાન સ્ત્રીઓ પાછળ પડ્યા છે, એમનો દૃષ્ટિકોણ મોટેભાગે વિલાસી રહ્યો છે, એવું શાસ્ત્રોનું અર્થઘટન કરતી બાવન પાનાંની પુસ્તિકા તેમણે ૧૮૮૨માં પ્રગટ કરેલી. તે પછી આખા સમાજને બેઠો કરનાર અને સ્વરાજની વાત કરતા મોહનદાસ કરમચંદ ગાંધી આવે છે જેમના વિશે પ્રમાણમાં આપણે ઘણુંબધું જાણીએ છીએ. તે પછી છે વિશ્વબંધુત્વની વાત કરનારા બંગાળી કવિ રવીન્દ્રનાથ ટાગોર. પૂર્વ-પશ્ચિમ મળી શકે તેમ છે, રાષ્ટ્રવાદની મર્યાદા સમજવી જોઈએ – એ વિચારણા ટાગોરની છે.



એવા જ ઘડવૈયા ડૉ. બી.આર.આંબેડકર છે, જેઓ ભેદભાવ ભરેલા ભારતીય સમાજમાંથી જ્ઞાતિનો અને જ્ઞાતિવાદી માનસિકતાનો ઉચ્છેદ કરવા તાકે છે. ઘણાને માફક ન પણ આવે તેવા વિભાજનવાદી અને મુસ્લિમ રાષ્ટ્રના આગ્રહી એવા મુહમ્મદ અલી જિન્નાહને પણ લેખકે ઘડવૈયાની યાદીમાં સ્થાન આપ્યું છે. તેવા જ બીજા છે ઈ.વી. રામાસ્વામી નાઈકર 'પેરિયાર', જેઓ અતિશય સુધારાવાદી છે. એમને પણ દ્રવિડો માટે અલગ પ્રદેશ જોઈતો હતો. દલિતો અને સ્ત્રીઓ બંનેનો ઉદ્ધાર એમનું સ્વાભિમાન જીવનધ્યેય હતું. આંબેડકર જ્ઞાતિને દોષી માને છે, તો પેરિયાર ધર્મને દોષી ગણે છે. આમ તેઓ નાસ્તિકવાદના પુરસ્કર્તા છે. હવે આવે છે બીજાં મહિલા જેમની વિચારધારા સમાજવાદી છે. તેમનું નામ છે કમલાદેવી ચટ્ટોપાધ્યાય.

આ પછી આવે છે આઝાદ ભારતનો પાયો નાંખનાર જવાહરલાલ નહેરુ, હિંદુ રાષ્ટ્રવાદની વિચારણા ધરાવતા એમ.એસ. ગોળવલકર, દેશી સમાજવાદી અને અંગ્રેજી ભાષાના વિરોધી રામમનોહર લોહિયા. એવા જ સંપૂર્ણ ક્રાંતિના પ્રણેતા લોકનાયક જયપ્રકાશ નારાયણ, તે પછી રાજાજી એટલે કે સી. રાજગોપાલાચારી. તેઓ સ્વતંત્ર વિચારણાના ચાહક છે. પોતાના વિચારો પ્રગટ કરતી વખતે ગાંધીની શેહશરમ પણ રાખતા નથી. આઝાદી પછી તેઓ સ્વતંત્ર પક્ષની રચના કરે છે.

અનેક અંગ્રેજોએ ભારતની આઝાદીની તરફેણ કરી છે અને તે અર્થમાં ભારતીય બની ગયા હોય એવા અંગ્રેજ વેરિયર એલ્વિનની ભારતના ઘડવૈયા તરીકે ગુહાએ સામેલગીરી કરી છે. ગુહાની યાદીમાં છેલ્લા અને ત્રીજા મુસ્લિમ એવા હમીદ દલવાઈ છે, જેઓ બિનસાંપ્રદાયિકતાનો પડકાર ઝીલનારા આધુનિક મુસ્લિમ છે.

પુસ્તકનું આયોજન એવું છે કે તેના મુખ્ય પાંચ વિભાગો છે. પ્રત્યેક ઘડવૈયા વિશે અત્યંત ટૂંકી નોંધ લેખક કરે છે. પરંતુ તે સાથે એ ઘડવૈયાના મહત્ત્વના વિચારો જે લખાણોમાં જોવા મળતાં હોય તેનું પસંદગીપૂર્વક ચયન કરીને તેની સાથે મૂકે છે. એ રીતે જોઈએ તો લખાણોની પસંદગી અત્યંત મહત્ત્વની બની જાય છે. ગુહાનો પરિચયલેખ વાંચો પછી ઘડવૈયાનો વિચારઆલેખ વાંચો એટલે એમનું સમગ્ર પ્રદાન સ્પષ્ટ થયા વિના ન રહે.

પુસ્તકનો પ્રવેશક લેખ અને દુનિયામાં ભારતનું સ્થાન એ મુદ્દા અંગેનો સમાપન લેખ અત્યંત મહત્ત્વના છે. આટલું ઓછું હોય તેમ પ્રત્યેક પાંચ ભાગની અલગ પ્રસ્તાવના લખીને ગુહા એ વિભાગમાં મૂકેલા ઘડવૈયાનું પ્રદાન એના સમય સંદર્ભે સમીક્ષાની રીતે મૂકી આપે છે.

ભારતીય નાગરિકનું ઘડતર બરાબર થતું નથી,

(જુઓ પાન નં. ૨૦)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કાન્તિ શાહ

આસુરી વૃત્તિનું સાક્ષાત્ સ્વરૂપ

અમેરિકાનું આજનું રાજતંત્ર-૨

પર્વતસિંહે પોતાના પુસ્તકમાં અનેક દાખલાઓ આપીને અમેરિકાના આજના રાજકર્તાઓને માથે આખી દુનિયા ઉપર પોતાની આણ વર્તાવી દેવાનું આસુરી ઝનૂન કેવું સવાર થઈ ગયું છે, તેનો તાદૃશ ચિતાર આપ્યો છે. ૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધના અંત સાથે જ આની શરૂઆત થઈ ગઈ હતી. વિશ્વયુદ્ધમાં જર્મની ને જાપાન તો સજ્જડ હાર પામીને તદ્દન ખોખલા થઈ ગયા હતા, પણ યુરોપના અન્ય વિજેતા દેશો પણ યુદ્ધમાં સારી પેઠે ખુવાર થઈ ચૂક્યા હતા. અત્યાર સુધી એ દેશો એશિયા-આફ્રિકા-દક્ષિણ અમેરિકામાંનાં પોતાનાં સંસ્થાનોનું ભરપેટ શોષણ કરીને ભારે ધનવાન અને શક્તિશાળી બન્યા હતા. પરંતુ હવે એ સંસ્થાનોને પોતાના તાબામાં રાખવાની શક્તિ એમનામાં રહી નહોતી. આ સંજોગોમાં અમેરિકા હવે દુનિયામાં મહાસત્તા તરીકે ઊભરી આવ્યું હતું. આમ તો એ સ્વતંત્રતા ને મુક્ત સમાજનો ઝંડો લઈને નીકળેલું. હાથમાં મશાલ સાથેનું સ્વાતંત્ર્ય-દેવીનું પૂતળું એનું પ્રતીક હતું. પરંતુ એ ભારે મોટી ટ્રેજેડી છે કે આ જ અમેરિકા દુનિયાભરના દેશોની સ્વતંત્રતાને રૂંધવા માટે તેમ જ કચડી નાખવા માટે કારણભૂત બન્યું ! એશિયાના દેશો તેનો સૌથી વધુ ભોગ બન્યા.

અમેરિકાના રાજકર્તાઓનું માનસ બે રીતે કામ કરવા લાગ્યું કે દુનિયામાં હવે અમેરિકા જ મહાસત્તા છે અને અમેરિકાની સભ્યતા જ સૌથી ચડિયાતી છે. એટલે દુનિયા આખી ઉપર તે છવાઈ જવી જોઈએ. દુનિયા આખીની સાધન-સંપત્તિ પર અમેરિકાનું આધિપત્ય રહેવું જોઈએ. તે માટે બધી સત્તા અમારા હાથમાં હોવી જોઈએ. તમામ દુનિયા અમારા નિયંત્રણ હેઠળ રહે. અને આ માટે અમેરિકાની લશ્કરી તાકાતનું અબાધિત વર્ચસ્વ દુનિયામાં સ્થપાઈ જવું જોઈએ.

આવું વર્ચસ્વ સ્થાપવા માટે જ વિશ્વયુદ્ધમાં છેલ્લે છેલ્લે હિરોશીમા ને નાગાસાકી ઉપર અણુબૉમ્બ ઝીંકાયા. બાકી, ત્યારે અણુબૉમ્બ વાપરવાની કશી જરૂર નહોતી. યુદ્ધ પૂરું થવામાં જ હતું. એશિયાના મોરચેથી અમેરિકન સેનાપતિ મેક આર્થરે પ્રમુખ ટ્રુમેનને છેલ્લી પરિસ્થિતિની જાણ કરતાં જણાવ્યું હતું કે જાપાન હવે ગણતરીના દિવસોમાં આપણા શરણે આવી જશે. આ અંગેનાં ચક્રો ગતિમાન થઈ ગયાં છે. અને તેમ છતાં પ્રમુખ ટ્રુમેને પ્રત્યક્ષ મોરચા ઉપરના પોતાના સેનાપતિનો આ અહેવાલ દબાવી રાખ્યો અને પોતાની પ્રજાને તેમ જ દુનિયા આખીને ગેરમાર્ગે દોરી. એમણે નર્યું જુઠ્ઠાણું ફેલાવ્યું કે યુદ્ધ લાંબું ન ચાલે અને વધુ ખુવારી થતી અટકે તે માટે આપણે જાપાન ઉપર અમોઘ અણુ શસ્ત્રાસ્ત્રોનો પ્રયોગ કરવો પડે છે. આ હડાહડ જુઠ્ઠાણું હતું. અમેરિકાના પ્રમુખનો આશય એ હતો કે યુદ્ધ પૂરું થઈ જાય તે પહેલાં જ દુનિયાને એમ દેખાડી દઈએ કે અમારી પાસે હવે આવાં મહા ભયાનક શસ્ત્રાસ્ત્રો આવી ગયાં છે. એટલે અમારી મહાસત્તાને હવે કોઈ પડકારે નહીં. અણુબૉમ્બની સંહારલીલા બતાવી દઈને તેઓ દુનિયા ઉપર આવો કડપ બેસાડી દેવા માગતા હતા. અને આજ સુધી અમેરિકાના બધા ધમપછાડા આવો કડપ બેસાડી દેવા માટે જ ચાલી રહ્યા છે.



જોકે થોડાં જ વરસોમાં અણુ શસ્ત્રાસ્ત્રો ઉપર એક માત્ર અમેરિકાનો જ ઇજારો ન રહ્યો, રશિયાએ પણ અણુ શસ્ત્રાસ્ત્રો બનાવવા માંડ્યાં. અને એમ દુનિયામાં એકને બદલે બે મહાસત્તા ઊભી થઈ અને બંને વચ્ચે શસ્ત્રાસ્ત્રોની તેમ જ દુનિયા ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપવાની ભીષણ સ્પર્ધા શરૂ થઈ. 'બે આખલે આખલા બાઝે તેમાં ઝાડનો ખો' - એમ આ સ્પર્ધાનાં ભયાનક પરિણામો અન્ય દેશોએ, અને તેમાંય ખાસ કરીને એશિયાના દેશોએ ભોગવવાં પડ્યાં. આ પરિણામોનું ધ્રૂજાવી મૂકે એવું વર્ણન પર્વતસિંહે પોતાના પુસ્તકમાં કર્યું છે.

એક વાર યુદ્ધનું ઝનૂન માથે સવાર થઈ જાય છે, પછી માણસને નીતિધર્મનો કે માનવતાનો કશો ખ્યાલ રહેતો નથી. લેખકે આવા આંધળાભીંત યુદ્ધખોર માનસના કેટલાક દાખલા આપ્યા છે, તે માન્યામાં ન આવે એવા છે. માણસ આટલો બધો હૃદયહીન, સંવેદનહીન બની જતો હશે !

કોરિયાના યુદ્ધ વખતે અમેરિકાના પાંચમા વાયુદળના એક ઉચ્ચ અધિકારીએ યુદ્ધનાદ ગજવતાં કહ્યું હતું કે, ''અમે બૉમ્બમારો શરૂ કરીશું પછી ઉત્તર કોરિયામાં એક ઉત્તર કોરિયન નહીં બચ્યો હોય !'' અને વિયેતનામમાં વાયુદળના જનરલ કૃર્તિસ લિમેએ યુદ્ધભેરી વગાડી હતી : ''અમે બૉમ્બમારો કરીને એમને ફરી પાષાણયુગમાં ધકેલી દઈશું !'' પાછળથી અમેરિકાનાં વિમાનો ને હેલિકોપ્ટરોએ વિયેતનામમાં જે બૉમ્બવર્ષા કરી, તેનું વર્ણન કરતાં પશ્ચિમના જ એક ખબરપત્રીએ છાપામાં લખ્યું : ''તેઓ આડેધડ પોતાની ધૂન પ્રમાણે બૉમ્બમારો કરતા રહેતા. અને ક્યારેક તો રમત ખાતર, પોતાની મોજ ખાતર ! નીચે નાગરિકોને અને ખેડૂતોને પોતાનું નિશાન બનાવતા. તેઓ જાણે શિકારના મૂડમાં-મિજાજમાં હતા! તેઓ કાળી ચામડીવાળા એશિયાવાસીઓનો શિકાર કરતા હતા !''

વ્હાઈટ હાઉસ અને પેન્ટેગોનના 'સંરક્ષણ નિષ્ણાત' એવા હાર્લન ઉલમેનએ ૨૦૦૩માં ઈરાક ઉપરના આક્રમણ વખતે યુદ્ધની વ્યૂહરચના દોરી આપતાં કહેલું : ''૧૯૪૫માં હિરોશીમામાં આપણે કેવું કરેલું ? દિવસો ને અઠવાડિયામાં નહીં, મિનિટોમાં બધું પતી જવું જોઈએ. દુશ્મનના મનમાં એકદમ ધ્રાસકો લાગી જવો જોઈએ, ધાક બેસી જવો જોઈએ અને દુશ્મન એકદમ વિસ્મિત ને ભયભીત થઈ જવો જોઈએ. આપણે અજેય છીએ અને આપણી સામે પોતે ટકી શકે તેમ નથી, એવો કડપ તેના ઉપર બેસી જવો જોઈએ. તો તે તુરત શરણે આવશે. માટે બગદાદ ઉપર તૂટી જ પડો. બે જ દિવસની અંદર તેના ઉપર ૮૦૦ ક્રુઝ મિસાઈલનો મારો કરી દો. એટલે કે દર ચાલિસ મિનિટે એક મિસાઈલ, રાત ને દિવસ, લાગલાગટ ૪૮

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કલાક સુધી. ત્યાં જીવવાનું હરામ કરી નાખો. દુશ્મન લડવાનો વિચાર જ ન કરે, ઝટ આપણું શરણ સ્વીકારી લે, એવું આપણે કરવું છે.''

અને આ બધું સ્વતંત્રતાની, મુક્ત સમાજની, લોકશાહીની રક્ષા કાજે ! ઇસવીસનની પહેલી સદીમાં રોમન સામ્રાજ્યે સ્કોટલેન્ડ ઉપર આક્રમણ કરીને જે તબાહી કરેલી તેનું પ્રસિદ્ધ ઇતિહાસકાર ટેસિટસે એક વાક્યમાં તારણ આપ્યું : ''એમણે વેરાન વગડો સરજી દીધો, અને તેને એમણે કહી, શાંતિ !'' આ તારણ ટાંકીને લેખક કહે છે કે બુશના રાજ્યતંત્રે અફઘાનિસ્તાન અને ઇરાકમાં જે કાંઈ કર્યું, તેનેય આ આબાદ લાગુ પડે છે.

લેખક કહે છે કે અમુક સંજોગોને કારણે તેમ જ અમુક વિચારસરણીને કારણે અમેરિકા રશિયા સાથેના ઠંડા યુદ્ધમાં વરસો સુધી ફસાઈ ગયું હતું, તેમ આજે હવે આતંકવાદ સામેના યુદ્ધમાં ફસાઈ ગયું છે. આતંકવાદ સામેની લડાઈ એ રશિયા સામેના ઠંડા યુદ્ધનું નવસંસ્કરણ છે. આતંકવાદનો સવાલ અત્યંત પેચીદો છે. અને તેમાં યે જ્યારે આતંકવાદી અમુક વિચારધારાને કારણે લડતો હોય અને તેને ખાતર પોતાનો જાન આપવા પણ તૈયાર થયો હોય, ત્યારે તો આવા આતંકવાદનો સામનો કરવાનું અત્યંત અઘરું થઈ પડે છે. અને તેમ છતાં આતંકવાદની પ્રતિક્રિયા રૂપે આખાં ને આખાં રાષ્ટ્રો ઉપર અંધાધૂંધ, વેરીલો ને સંપૂર્ણ સફાયો કરી નાખનારો બૉમ્બમારો કરવો, એ તો કાંઈ ઉપાય નથી. આતંકવાદ સામે લડવા રાજ્યતંત્ર દ્વારા આવો આતંક ફેલાવાશે, તો તેનાથી આતંકના બળતામાં જ ઘી હોમાશે.

લેખક મેરિયો પુઝોની આતંકવાદને કેન્દ્રમાં રાખીને લખાયેલી નવલકથામાંથી એક સંવાદ ટાંકે છે. એક આરબ આતંકવાદી અમેરિકાના પ્રમુખને કહે છે : ''હું જો કોઈ વિમાનનું અપહરણ કરું, તો હું એક રાક્ષસ ઠરું. પરંતુ ઇઝરાઇલો આરબોના પ્રદેશ ઉપર આડેધડ બૉમ્બમારો કરીને સેંકડો નિર્દોષ માણસોને મારી નાખે, તો તે એમણે સ્વતંત્રતા ખાતર કરેલ ઉમદા કૃત્ય ગણાય. ...આવા સંજોગોમાં દુનિયા અમારી પાસે શું એવી આશા રાખે છે કે અમે આની સામે લડીએ નહીં ? આની સામે અમે આતંકનો આશરો ન લઈએ, તો બીજું કરીએ શું ? ....તમારા બૉમ્બર પાયલોટો નીચેના માણસો જાણે કીડી-મકોડા હોય એમ એમના ઉપર વિનાશ વેરે છે, તેનું શું ? ....મને લાગે છે કે આપણે બેઉ કાંઈ જુદા નથી. મિ.પ્રમુખ, તમે મારા સહ-આતંકવાદી છો.''

૧૧ સપ્ટેમ્બરના અમેરિકા ઉપરના આતંકવાદી હુમલાનો બદલો લેવા અને ઓસામા બિન લાદેનને જીવતો કે મરેલો પકડી પાડવા અમેરિકાએ અફઘાનિસ્તાન ઉપર જે કાંઈ કર્યું, તે ભયાનક છે. તેણે તે દેશના વર્તમાનને જ નહીં, ભવિષ્યને ધૂળધાણી કરી મૂક્યું છે. આખી પ્રજા ઉપર કાળો કેર વર્ત્યો છે. ૧૧ સપ્ટેમ્બરના હુમલાથી મરાયેલા અમેરિકાના નિર્દોષ નાગરિકોને યાદ કરીએ, ત્યારે આ બધું પણ યાદ કરીએ.

જોકે લેખક ખેદપૂર્વક નોંધે છે કે અમેરિકાની જનતા પોતાના રાજકર્તાઓનાં આવાં બધાં કાળાં કરતૂતોથી લગભગ અજાણ છે. કેમ કે અમેરિકાનાં છાપાં ને ટીવી વગેરે સરકારના હાથમાં વેચાઈ ગયાં છે કે સરકારથી દબાઈ ગયાં છે કે પછી રાષ્ટ્રગૌરવ ને રાષ્ટ્ર-ભક્તિના ખોટા ખ્યાલોમાં સરકારના આ આસુરી અભિયાનમાં પોતે પણ સામેલ થઈ ગયાં છે અને સરકારના વકીલ થઈ બેઠાં છે. અમેરિકન મીડિયાએ આ બધું અમેરિકાની જનતાને જણાવ્યું જ નથી. કેટલીયે વાતો તેણે લોકોથી છુપાવી રાખી છે અને કેટલીયે વાતો સરકારનું જ સમર્થન કરે એવી ખોટી ને વિકૃત રીતે રજૂ કરી છે. જેણે એક વખત સરકારનાં જુઠાણાંઓનો પર્દાફાશ કરતા 'પેન્ટેગોન પેપર્સ'નું બેધડક પ્રકાશન કરેલું અને વૉટરગેટ કૌભાંડ વખતે લગીરે મચક આપ્યા વિના દેશના પ્રમુખનેય પોતાના પદ પરથી ઊતરી જવાની ફરજ પાડેલી, તે અમેરિકન મીડિયા આજે સરકારનું દાસ અને ભાટ-ચારણ બની ગયું છે. પુસ્તકમાં એક આખા પ્રકરણમાં લેખકે આના અનેક દાખલા વિગતવાર આપ્યા છે. આને લીધે એક સ્વસ્થ ને પ્રબુદ્ધ લોકમત કેળવાતો નથી, બલ્કે સાવ વિકૃત ને વિપરીત લોકમત કેળવાતો રહે છે, તે વસ્તુ લોકશાહીના પાયામાં લૂણો લગાવી રહી છે.

આમ, અમેરિકાના રાજકર્તાઓ ઉપર આજે કશો અંકુશ રહ્યો નથી. તેમ છતાં ત્યાં પણ કેટલાક જાણકાર, પ્રબુદ્ધ ને જાગરૂક એવા નાગરિકોનો અંતરાત્મા પોતાના રાજકર્તાઓનાં કરતૂતો સામે અવશ્ય વિદ્રોહ પોકારતો રહે છે. એવા એક લેખક ને ઇતિહાસકાર હાવર્ડ ઝીન પોકારી ઊઠે છે : ''આપણી સરકારે ઈરાકમાં આપણા લશ્કરી વિજયની જાહેરાત કરી છે. પરંતુ એક દેશભક્ત તરીકે હું તેની ઉજવણી નહીં કરું. હું તો આ યુદ્ધમાં માર્યા ગયેલાઓને યાદ કરીને દુઃખી હૃદયે મારો શોક પ્રદર્શિત કરીશ – માર્યા ગયેલા અમેરિકન સૈનિકો માટે તેમ જ ઈરાકી નાગરિકો માટે પણ, કે જેમની સંખ્યા ઘણી બધી વધારે છે. એક દેશભક્ત તરીકે શું હું એવું આશ્વાસન લઈ શકીશ કે માર્યા ગયેલા અમેરિકન સૈનિકોએ પોતાના દેશ માટે જાન આપ્યો છે ? ના. હરગિજ નહીં. જો હું એમ કરું તો હું મારી જાત સાથે ખોટો ઠરું. આ યુદ્ધમાં જે માર્યા જશે, તેઓ પોતાના દેશ માટે નહીં, પણ બુશ ને ચેની ને રુમ્સફેલ્ડ માટે પોતાનો જાન ગુમાવશે. અને હા, તેઓ મોટી મોટી તેલ કંપનીઓની ધનલાલસા માટે જાન ગુમાવશે, અમેરિકન સામ્રાજ્યના વિસ્તાર માટે જાન ગુમાવશે, રાષ્ટ્ર-પ્રમુખની રાજકીય સત્તાખોરી માટે જાન ગુમાવશે. આપણા રાજકર્તાઓ આ બધા નવલોહિયાઓનું લોહી વહેવડાવી રહ્યા છે, વેપાર માટે, દુનિયાના બજારનો કબજો કરવા માટે. આપણે એમને 'ના' પાડી દઈએ, એમને રોકીએ. આપણે એમને કહી દઈએ કે, અમારે બુશ માટે, તેલ માટે, રાજકીય મહત્ત્વાકાંક્ષા માટે, અમેરિકન સામ્રાજ્યના ભવ્ય મનસૂબા માટે અમારું લોહી રેડવું નથી, નથી ને નથી જ.''

અમેરિકાના રાજકર્તાઓ દુનિયાભરના દેશો ઉપર પોતાનું રાજકીય પ્રભુત્વ સ્થાપવા માંગે છે, દુનિયાભરની સાધનસંપત્તિ ઉપર પોતાનું આધિપત્ય જમાવવા માગે છે, દુનિયાભરનું બજાર કબજે કરીને દુનિયાના અર્થતંત્ર ઉપર પોતાનો કાબૂ મેળવવા માગે છે. બીજા વિશ્વયુદ્ધ પછી તુરતનાં જ વરસોમાં અમેરિકાના વિદેશમંત્રી જોહ્ન ફોસ્ટર ડલેસે કહેલું : ''કોઈ પણ દેશને બે રીતે જીતી શકાય. એક તો તેના ઉપર લશ્કર દ્વારા કબજો જમાવીને, અને બીજી રીતે નાણાંકીય સાધનોથી તેના અર્થતંત્ર ઉપર કબજો જમાવીને.'' આ જ વાતને એમના એક ઉચ્ચ અધિકારી જ્યોર્જ કેનને વધુ ફોડ પાડીને કહી દીધી : ''દુનિયાની ૫૦ ટકા જેટલી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સાધનસંપત્તિ આજે આપણા હાથમાં છે, પણ આપણી વસ્તી દુનિયાની વસ્તીના માત્ર ૬.૩ ટકા જેટલી જ છે. આવા સંજોગોમાં આવતાં વરસોમાં આપણું મુખ્ય કામ આવી વિષમતા છતાં આપણી સ્થિતિને જાળવી રાખવાનું છે. આમ કરવા માટે આપણે બધી લાગણીવશતાને ને ભાવુકતાને ખંખેરી નાખવી પડશે. બીજા દેશોના માનવઅધિકારો, જીવનધોરણ, લોકશાહી તંત્ર વગેરે જાળવવાની ચિંતા કરવાનું છોડી દેવું પડશે, અને આપણી આ લાભકારી સ્થિતિ જાળવવા ઉપર જ આપણું ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.''

છેલ્લાં ૫૦ વરસમાં અમેરિકાના રાજકર્તાઓ બસ આ રીતે જ વર્ત્યા છે. પોતાનો આર્થિક-રાજકીય સ્વાર્થ સાધવા એમણે બીજા કશાની પરવા કરી નથી. તેમ કરવા જતાં બીજા લોકોના માનવઅધિકારો ભલે કચડાઈ જતા હોય, તેમ કરવા જતાં બીજા લોકોનું ભલે નિર્મમ શોષણ કરવું પડતું હોય, બીજા લોકોને ભલે દારુણ ગરીબીમાં સબડતા રાખવા પડતા હોય, તેમ કરવા જતાં બીજા દેશોમાં ભલે ચૂંટાઈને આવેલા લોકપ્રિય શાસકોનેય ઊથલાવી નાખીને લશ્કરી હાકેમોને અને ઘાતકી સરમુખત્યારોને ટેકો આપવો પડતો હોય. તેમ કરવા જતાં પર્યાવરણ વગેરેને ભારે નુકસાન થતું હોય તો તેનીયે પરવા નહીં. આપણે માત્ર એટલું જ જોવાનું કે આપણાં આર્થિક-રાજકીય હિતો કઈ રીતે જળવાય છે.

આનાં વિગતવાર અનેક ઉદાહરણો લેખકે આ પુસ્તકમાં આપ્યાં છે. ઇન્ડોનેશિયાનું ઉદાહરણ આંખો ખોલી નાખે એવું છે. કુદરતી સાધન-સંપત્તિથી ભરપૂર એવો આ દેશ દુનિયા આખીમાં એક ભારે ધનવાન દેશ બની શકે એટલી ક્ષમતા ધરાવે છે. અને એટલે સ્તો અમેરિકાની સરકારનો અને તેનાં મોટાં મોટાં કોર્પોરેશનોનો ડોળો તેના ઉપર હતો. સામ્રાજ્યવાદના કટ્ટર વિરોધી એવા સુકર્ણનું પતન થતાં જ જાતજાતના કાવાદાવા કરીને અમેરિકાની સરકારે તેમ જ રાક્ષસકાય ઔદ્યોગિક કોર્પોરેશનોએ ઇન્ડોનેશિયા ઉપર પોતાનો સંપૂર્ણ આર્થિક કબજો જમાવ્યો.

હવે અમેરિકાના કહ્યાગરા એવા સુહાર્તોના હાથમાં દેશનું શાસન હતું. તેણે વિદેશી ઉદ્યોગો ને વિદેશી મૂડી માટે દ્વાર ખોલી નાખ્યાં. તેણે વિદેશી ઉદ્યોગોને પાંચ વરસ સુધી આવકવેરામાંથી સંપૂર્ણ માફી તેમ જ અન્ય અનેક લાભો આપ્યા. અમેરિકન ઉદ્યોગોએ આનો ભરપૂર લાભ ઉઠાવ્યો અને વરસોવરસ પોતાના મૂડી-રોકાણના ૪૦ થી ૫૦ ટકા જેટલો ગંજાવર નફો ઘરભેગો કર્યો. દેશની કુદરતી સાધન-સંપત્તિની બેફામ લૂંટ ચલાવી. તેલ, રબર, લાકડું, કોફી વગેરેની બેસુમાર નિકાસ કરીને ભરપૂર કમાણી કરી.

આ બધાંને પરિણામે ઇન્ડોનેશિયાનું ઇકોલૉજીનું સંતુલન ખોરવાઈ ગયું તેની પરવા નહીં. અનાજની બાબતમાં આજ સુધી જે દેશ લગભગ સ્વાવલંબી હતો, તે હવે ચોખાની આયાત કરતો થઈ ગયો. અને ઇન્ડોનેશિયાની એકલાની આ ગંજાવર આયાત ચોખાના દુનિયાના કુલ વેપારના ચોથા ભાગ જેટલી થવા જાય છે ! આજે ઇન્ડોનેશિયાને માથે વિદેશી દેવું ૨૬૨ અબજ ડોલરનું છે ! ત્યાં જે EPZ – એક્સ્પોર્ટ પ્રોસેસિંગ ઝોન બન્યા, તેમાં કારખાનાંઓમાં હજારો મજૂરો દળદરી જીવન ગુજારી રહ્યા છે. એક અમેરિકન મુલાકાતી જોહ્ન પિલ્ગરના શબ્દોમાં : તેમના ખોરાકમાં પૂરતું પ્રોટીન નથી. તેમને પીવા માટે શુદ્ધ પાણી નથી. ખુલ્લી ને ઊભરાતી ગટરો વચ્ચે મચ્છરોના અત્યંત ત્રાસ સાથે તેઓ રહે છે. કમર તોડી નાખતા ડેન્ગ્યુ તાવથી અવારનવાર પીડાય છે. પોતાની ભૂમિમાંથી તેઓ મૂળસોતા ઊખડી ગયા છે. તેઓ unpeople છે – જેમની કશી ગણના નથી એવા આ લોકો છે.

આજે બિહામણી વાસ્તવિકતા છે કે જેમની કશી ગણના જ ન હોય એવા લોકોથી દુનિયા ઊભરાય છે. ઈરાકમાં આવા જ, કશી ગણના વિનાના લોકોને પહેલાં ઉજાડી નાખીને, પહેલાં એમનાં ઘરબાર, એમનાં ગામડાં ને શહેરોને એમની સમાજવ્યવસ્થાનો મનફાવે તેમ બેલગામ વિનાશ કરી નાખીને હવે ફરી પુનર્નિર્માણનું કામ હાથ ધરાયું છે. અગાઉ વિનાશની યુદ્ધખોરીથી શસ્ત્રાસ્ત્રોના વેપારમાં રાક્ષસી કોર્પોરેશનોના ખજાના ભરાયા અને ફરી પાછા પુનર્નિર્માણના આ દયાળુ કામથી એમના ખજાના ભરાઈ રહ્યા છે !

આ કાંઈ નાનુંસૂનું થોડુંક અમથું પુનર્નિર્માણ નથી. બધું જ બધું વિનાશ પામ્યું છે. બધાંનો જ મન ફાવે તેમ નિર્દયપણે બેલગામ ધ્વંસ કરી નખાયો છે. તે બધું ફરી ઊભું કરવાનું છે. ઈરાકનાં બંદરો ને ગોદીઓ ને નૌકાઘાટો, વીજળી ને પાણીની આખીયે વ્યવસ્થા, સંદેશાવ્યવહારનું ને વાહનવ્યવહારનું આખુંયે માળખું, રસ્તાઓ, પુલો, જાહેર ઈમારતો, વગેરે વગેરે. આખા દેશને ફરી બેઠો કરવાનો છે. આ દયાળુ કામ માટેના કરોડો ડોલરના કોન્ટ્રાક્ટ અમેરિકાનાં રાક્ષસી કોર્પોરેશનો મેળવી રહ્યાં છે.

આ નરદમ આસુરી વૃત્તિ છે. તેની સામે ખુદ અમેરિકામાં પણ માણસના અંતરાત્માનો વિદ્રોહનો અવાજ ઊઠ્યો છે. અનેક પ્રબુદ્ધ નાગરિકો, લેખકો, કલાકારો, કેળવણીકારો વગેરેએ મળીને ૫૫ હજાર અમેરિકનોની સહી સાથે એક નિવેદન બહાર પાડ્યું છે – 'ના, અમારા નામે હરગિજ નહીં.' નિવેદનમાં કહ્યું છે : ''અમારા નામે બુશનું વહીવટી તંત્ર ગમે ત્યારે અને ગમે ત્યાં લશ્કરી આક્રમણ કરી રહ્યું છે. અમેરિકાના રાજકર્તાઓને આવી રીતે મનફાવે તેમ હત્યાઓ કરવાનો ને બૉમ્બવર્ષા કરવાનો કોરો ચેક મળી જશે, તો આખી દુનિયા કેવી બની જશે ! આ એક નવી ખુલ્લેઆમ સામ્રાજ્યવાદી રીતીનીતિ છે. ઘર આંગણે પણ બહારનો ભય ઊભો કરીને આપણા મૂળભૂત અધિકારોને મારી મચડી નાખવા જાતજાતની ચાલબાજી ખેલાઈ રહી છે. પ્રમુખ આપણને કહે છે કે તમે કાં તો અમારી સાથે છો, કાં અમારી વિરુદ્ધ છો. તો લો, અમારો જવાબ છે – અમે તમને આખી અમેરિકન પ્રજા વતી બોલવા દેવાનો ઇનકાર કરીએ છીએ. તમને પડકારવાનો અમારો અધિકાર અમે બિલકુલ છોડીશું નહીં. અમે અમારો અંતરાત્મા તમારે હવાલે કરી દઈશું નહીં. અમે કહીએ છીએ કે ના, અમારા નામે હરગિજ નહીં. તમારાં આ કરતૂકોમાં અમે તમારી સાથે નથી, નથી ને નથી જ.''

લેખકે આ પુસ્તક લખવા પાછળની પોતાની ભાવના પ્રગટ કરવા લખાણના અંતે મહાત્મા ગાંધીનું અવતરણ ટાંક્યું છે : ''પશ્ચિમનું જગત આજે પોતાની રાજકીય સત્તા તેમ જ ભૌતિક આધિપત્ય દ્વારા એમનાથી

(જુઓ પાન નં. ૨૦)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ડૉ. પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ - ૫

■ **સૂક્ષ્મ અને વિરાટનું વિશ્વ-વિજ્ઞાન**

પંકજભાઈ આપણી સમક્ષ વિશ્વવિજ્ઞાનનો થોડો અભ્યાસક્રમ રજૂ કરે છે :

❍ **બ્રહ્માંડનું અવલોકન કરો**

આ અવલોકનમાં સૂર્ય, તેની ગ્રહમાળા - કરોડો તારાઓ, જેમાં ઘણા તો સૂર્ય કરતાં પણ ઘણા મોટા છે તેમજ સૂર્ય કરતાં લાખો ગણા વધુ પ્રકાશવાળા છે, અબજો તારાઓનું તારાવિશ્વ છે જેને આપણે ગેલેક્સીઓ તરીકે ઓળખીએ છીએ. આજે શક્તિશાળી દૂરબીનોથી આપણે તેને જોઈ શકીએ છીએ.

વિરાટ વિશ્વનો વિચાર કરતાં માનવ તો અતિ નાનો ગણાય. પણ તેની પાસે બુદ્ધિ છે, ચિત્ત છે, અંતઃકરણ છે. આપણે તેને કુદરતની ભેટ ગણીએ કે ઈશ્વરની દેન પણ ગણી શકીએ છીએ જેના થકી સમગ્ર બ્રહ્માંડનું દર્શન કરી તેના વિષે વિચારી શકીએ છીએ.

❍ **સઘળા વિશ્વનું સંચાલન કરતાં બળોને તપાસો**

સૂર્યની આસપાસ સર્વ ગ્રહો કેવી રીતે ફરે છે ? તેની પાછળ કયું બળ કામ કરે છે ?

અણુ, પરમાણુના ઈલેક્ટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોનમાં કેવાં બળો કામ કરે છે ?

વિશાળ જગતમાં તેમજ સૂક્ષ્મ સ્તરના અણુ-પરમાણુમાં શું એક જ પ્રકારનાં બળો કામ કરે છે ?

❍ **આજનું વિજ્ઞાન**

આજનું વિજ્ઞાન દાયકાઓની મહેનતના અંતે આપણી સમક્ષ જે વાત મૂકે છે તેને સમજવાની જરૂર છે. વિજ્ઞાનીઓએ ગહન એકાગ્રતા દ્વારા વિશ્વનું અને તેમાં બનતી ઘટનાઓનું અવલોકન ઘણી ચોક્સાઈપૂર્વક કરવાનો પ્રયત્ન કર્યો છે. અને સમજાયું કે વિશ્વ જાણે કોઈ ચોક્કસ ગણિતીય નિયમો દ્વારા અને ચોક્કસ પદ્ધતિએ કામ કરે છે.

વિજ્ઞાનીઓનો સમગ્ર વિશ્વને પૂરેપૂરું સમજી લેવાનો ઉત્સાહ વધતો ગયો છે. વિશેષ મોટા પ્રશ્નો પણ નજર સમક્ષ આવતા રહે છે. પણ ગણિત, પ્રયોગો અને અવલોકન પદ્ધતિના સહારે વિજ્ઞાનયાત્રા આગળ વધી રહી છે, જે આજની માનવસંસ્કૃતિનું મહત્ત્વનું અને પાયાનું પાસું બની રહ્યું છે.

❍ **શું સ્થૂળ જગતના અને નરી આંખે ન દેખી શકાય તેવા અણુ-પરમાણુને લગતા વિજ્ઞાનના નિયમો એક છે ?**

આ એક મહત્ત્વનો પ્રશ્ન છે અને આ બરાબર સમજી લઈએ તો આપણા માટે જ્ઞાનની નવી ક્ષિતિજો ખૂલી શકે છે.

પંકજભાઈ લખે છે -

ન્યુટનનું યંત્રશાસ્ત્ર અથવા તો જેને ક્લાસિકલ ફિઝિક્સ કહેવાય છે તે સ્થૂળ જગત એટલે કે મોટા પદાર્થોની દુનિયા અંગેના નિયમો સારી રીતે સમજી અને વર્ણવી શકે છે. પરંતુ જ્યારે સૂક્ષ્મ દુનિયા - અણુ પરમાણુ જગતમાં જઈએ ત્યારે આ નિયમો કામ લાગતા નથી. ન્યુટનનું આવું યંત્રશાસ્ત્ર જાણે ભાંગી પડે છે. આ સૂક્ષ્મની દુનિયાને સમજવા માટે નવો જ સિદ્ધાંત અને માળખું ઊભું થયું, જેને કોન્ટમ મિકેનિક્સ અથવા કોન્ટમ યંત્રશાસ્ત્ર કહેવાય છે. તેના નિયમો ક્લાસિકલ ફિઝિક્સ કરતાં અત્યંત જુદા અને આપણે સરળતાથી સમજી ન શકીએ તેવા, અત્યંત નવાઈ લાગે એટલા જુદા અને ભિન્ન જણાયા છે.

❍ **ન્યુટનના યંત્રશાસ્ત્રે આપણને શું આપ્યું ?**

આપણી મોટાભાગની ભૌતિક સગવડોમાં યંત્રોનું ખૂબ મહત્ત્વ છે. આપણે મોટા પાયે ઔદ્યોગિક ક્રાંતિ કરી. અવનવાં યંત્રો, વિમાનો, જહાજો, મિલો, સ્ટીમરો, સબમરીનો, મોટરકારો બનાવ્યાં. આવાં સાધનો વાપરી કેટલાક દેશોએ તેમનું સામ્રાજ્ય વિસ્તાર્યું, કેટલાક દેશોને ગુલામ બનાવ્યા.

❍ **ભારતીય વેદાંત વિચારણા - દૃષ્ટા અને દૃશ્ય : ઓબઝર્વર એન્ડ ઓબ્ઝર્વ્ડ**

આ એક ગહન વિષય છે. વેદાંત તેના દર્શનને વિજ્ઞાનના ક્ષેત્રે નાના પટલ પર ચકાસી રહ્યું છે. સમાનતા શોધી રહ્યું છે. અને વિજ્ઞાન તેના નવા દર્શનને વેદાંત દર્શનના સંદર્ભમાં ચકાસી રહ્યું છે. આ બંને ક્ષેત્રના ઊંડા અભ્યાસના અંતે કદાચ આપણને થોડું સમાધાન થાય.

(અહીં નોંધવું જોઈએ કે આપણાં શાસ્ત્રોને પહેલાંથી જ બધી ખબર હતી તેવા આત્મગૌરવનું વલણ અપનાવ્યા વગર આપણે નમ્રતા સાથે સમજ વધારવાની છે.)

આપણે આપણા અભ્યાસક્રમને આગળ ધપાવવાનો છે.

- ૦ સૂક્ષ્મ જગતના વિજ્ઞાનને સમજવું.
- ૦ અણુ અને પરમાણુના કણોના વર્તનને સમજવું.
- ૦ આ વર્તન સ્થૂળ જગતના સિદ્ધાંતોથી ભિન્ન છે ?
- ૦ તરંગો, કણો અને પ્રકાશના વિજ્ઞાનને સમજવું પડે.

ડાબેથી બીજા નંબરે આઇનસ્ટાઇન અને ત્રીજા નંબરે મેક્સ પ્લાન્ક

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

o કોઈ પણ પદાર્થને આપણે કઈ રીતે જોઈએ છીએ ?

o શું આ જ પ્રમાણે સૂક્ષ્મ કણોને પણ જોવાનું થાય છે ?

ઉપરોક્ત અભ્યાસક્રમમાંથી પસાર થયા પછી ન્યુટનના યંત્રશાસ્ત્રથી આપણી યાત્રા ક્વોન્ટમ યંત્રશાસ્ત્ર ભણી આગળ વધે છે.

○ **મેક્સ પ્લાન્ક**

આપણે આઇન્સ્ટાઇન અને મેક્સ પ્લાન્કની વાતોને સમજવી પડશે. ક્વોન્ટમ થિયરીની શરૂઆત કરવાનું શ્રેય જર્મન વિજ્ઞાની મેક્સ પ્લાન્કને અપાય છે.

તેમનો જીવનકાળ ૧૮૫૮થી ૧૯૪૭નો રહ્યો હતો. વર્ષ ૧૯૧૮માં તેમને ક્વોન્ટમ થિયરી માટે નોબેલ પ્રાઈઝ મળ્યું હતું. તેમણે થર્મોડાયનામિક્સનો અભ્યાસ કર્યો હતો. એન્ટ્રોપી (Entropy)નો વિચાર તેમણે વહેતો કર્યો હતો.

વર્ષ ૧૯૦૫માં આઇનસ્ટાઇને થિયરી ઓફ રીલેટીવીટી પર ૩ લેખો લખ્યા. પ્લાન્કને તે લેખો પસંદ પડ્યા હતા. મેક્સ પ્લાન્કે Quantum Theory પર પુસ્તકો પણ લખ્યાં છે. તે ઉપરાંત થર્મોડાયનામિક્સ પર પણ પુસ્તકો લખ્યાં છે.

પંકજભાઈ મેક્સ પ્લાન્કનો પરિચય આપતાં લખે છે : તેઓ પ્રતિભાશાળી સંગીતકાર પણ હતા. તેમણે આઇન્સ્ટાઇન સાથે વાયોલિન પર યુગલ ગીતો પણ રજૂ કર્યાં હતાં અને તેઓ બંને સાથે જુગલબંધી કરતા હતા.

સૂક્ષ્મની દુનિયામાં ક્વોન્ટમ થિયરી સિવાય ચાલતું નથી. ૧૯મી સદીના અંતમાં વિજ્ઞાનીઓએ મોટા સ્તરે અને અતિ નાના એટલે સૂક્ષ્મ સ્તરે વિશ્વમાં એવી ઘટનાઓ શોધી કાઢી, જેને ન્યૂટનનું સામાન્ય યંત્રશાસ્ત્ર સમજાવી શકતું ન હતું.

આ બધી અવલોક્તિ ઘટનાઓ અને ન્યુટનના યંત્રશાસ્ત્રીય સિદ્ધાંત વચ્ચેની અસંગતતાઓને ઉકેલવાના પ્રયત્નો દ્વારા ફિઝિક્સમાં ક્વોન્ટમ સિદ્ધાંતની એક નવી ક્રાંતિ ઊભી થઈ. તેમાંથી જ પછી આજે ક્વોન્ટમ ફિલ્ડ થિયરી, ક્વોન્ટમ ટેકનોલોજી અને ક્વોન્ટમ માહિતી વિજ્ઞાન જેવાં અવનવાં ક્ષેત્રો ઊભાં થયાં છે. આજે આપણે જેનો ઉપયોગ કરીએ છીએ એવી રોજબરોજની ટેકનોલોજીકલ એપ્લિકેશન તે બધું ક્વોન્ટમ સિદ્ધાંતો પર આધારિત છે. આજે કમ્પ્યુટર અને મોબાઈલ ફોન, એલઈડી સ્ક્રીન, લેસર, સોલર પેનલ, એમઆરઆઈ, સ્કેનર્સ આ બધું આજે ક્વોન્ટમ વિજ્ઞાન પર આધાર રાખે છે. આજે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ - એ.આઈ. પણ ક્વોન્ટમ સિદ્ધાંતો આધારિત છે. ભવિષ્યની બધી ટેકનોલોજીને ક્વોન્ટમ વિજ્ઞાન સિવાય ચાલવાનું નથી.

– રેવારજ

અમેરિકાનું આજનું....

(પાન ૧૮નું ચાલુ)

જુદી એવી વિચારધારા, જીવનશૈલી, જીવનમૂલ્યો વગેરેને સમૂળગા કચડી નાખવા માગે છે. આ એમની તદ્દન બાલિશ ઘમંડમાંથી ઊભી થયેલી ગુંડાગીરી છે. આની સામે હું મારો અવાજ ન ઉઠાવું, તો હું મારી પોતાની પ્રજાનો જ નહીં બલ્કે, તમારો પશ્ચિમવાસીઓનો પણ દ્રોહ કરું.''

ભારતને ઘડનારા કોણ.....

(પાન ૧૫નું ચાલુ)

એવું આપણે માનતા હોઈએ તો પ્રત્યેક શિક્ષિત માટે આ પ્રકારનાં પુસ્તકોનું વાંચન ફરજિયાત ગણાવું જોઈએ. આપણી ખરી સમસ્યા જ એ છે કે આપણા લોકોનું નાગરિકમાં, સરકારી કર્મચારીનું જાહેર સેવકમાં અને ચૂંટાયેલા પ્રતિનિધિનું પ્રજાસેવકમાં રૂપાંતર થતું નથી. બૌદ્ધિક વર્ગમાંથી 'જાહેર બૌદ્ધિક'ની કક્ષાએ બહુ ઓછા પહોંચે છે. આ બધી બાબતોના અભાવે દેશની દશા અને દિશાનું જે સાતત્યપૂર્ણ ચિંતન થતું રહેવું જોઈએ તે થતું નથી, યોગ્ય દિશાનું માર્ગદર્શન પ્રાપ્ત થતું નથી. વિવિધતામાં એકતાની વાતો થાય છે પણ દેશનું રાજકારણ અને ચૂંટણીઓ નિયમિતપણે એકતાના કિલ્લાને તોડ્યા જ કરે છે. ક્યારેક એવું લાગે છે કે એક દિશામાં ઘડતરનું કામ ચાલે છે તો બીજી દિશામાં નફરત – તોડફોડ અટક્યા વિના ચાલ્યા જ કરે છે !

નાગરિક તરીકે પોતાની ફરજો સમજાવી જોઈએ અને બંધારણની મર્યાદામાં તેનું યોગદાન થવું જોઈએ, એ સંદેશ વ્યાપકપણે સમાજમાં ઊતરતો નથી. અલબત્ત, ભારત એક રાષ્ટ્ર તરીકે અને જેવી તેવી પણ લોકશાહી તરીકે ટકી ગયું છે એ નાનકડી સિદ્ધિ નથી. સવાલ જો હોય તો એમાં ગુણવત્તાના ઉમેરણનો છે અને રાષ્ટ્રની મજબૂતીનો છે. ઘડતરની પ્રક્રિયા કદી સમાપ્ત થતી હોતી નથી. એ કુટુંબમાં, શિક્ષણસંસ્થાઓમાં અને સાહિત્યના પ્રચાર-પ્રસારમાં ચાલતી જ રહેતી હોય છે. સવાલ એ પ્રક્રિયામાં સામેલ થવાનો અને શક્ય તેટલું પ્રદાન કરવાનો હોય છે. આ પ્રકારનાં પુસ્તકો એમાં સહાયભૂત બને છે.

– ઉર્વીશ ઓઝા

વાંચનથાળ....

(પાન ૨૨નું ચાલુ)

આ નવલકથા મનોરંજન આપવા નથી લખાઈ. શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલતા રાજકારણની વાતને તેમાં ઉજાગર કરી છે.

શિક્ષણજગત સાથે સંકળાયેલ વ્યક્તિઓએ તો વાંચવી જ રહી. પણ કોર્પોરેટ જગતમાં, રાજકારણમાં, સ્વૈચ્છિક સંસ્થાઓમાં પણ આ નવલકથા જેવાં પાત્રો અવશ્ય મળી આવતાં હોય છે. બીજાને નાનો દેખાડી પ્રમોશન મેળવવાની માનસિક વૃત્તિના લોકો જોવા મળે છે.

– રશાંસ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વાંચન થાળ

■ **અરુણોદય પ્રકાશન,** ૨૦૨, હર્ષ કોમ્પ્લેક્સ, ખત્રીપોળ, પાડાપોળ સામે, ગાંધીરોડ, અમદાવાદ-૧. ફોન નં.: ૦૭૯-૨૨૧૧૪૧૦૮.

○ કબીર ઉપનિષદ - હરેશ ધોળકિયા, પૃષ્ઠ-૧૨૦ રૂ. ૧૮૫/-.

પુસ્તકની પ્રસ્તાવનામાં લેખક નોંધે છે - કબીર એટલે કબીર. સમગ્ર ભારતીય સંત સાહિત્યમાં કબીર ટોચ પર છે. તેમના દોહાઓમાં સત્ય એટલું તો ઠાંસી ઠાંસીને ભર્યું છે કે તે સમજતાં વર્ષો નીકળી જાય. જેટલી ઊંચાઈ ઉપનિષદોમાં વ્યક્ત કરેલ અનુભૂતિઓની છે, તેટલી જ ઊંચાઈ કબીરના દોહાઓમાં પણ છે. ઉપનિષદની ઊંચાઈને કબીરે ખૂબ સરળતાથી વ્યક્ત કરી છે. પુસ્તકમાં ૧૮ લેખો આવરી લેવામાં આવ્યા છે. કેટલાક લેખો 'કચ્છ મિત્ર', 'અખંડ આનંદ'માં પ્રકાશિત થયેલા છે.

કબીરનો જીવનકાળ ૧૩૯૮થી ૧૫૧૮ - ૧૨૦ વર્ષનો મનાય છે. તેઓ સંત, ભક્ત, જ્ઞાની, યોગી, રહસ્યવાદી હતા. ગૃહસ્થ તરીકે સંસારમાં રહ્યા. વણકરનું કામ કર્યુ. તેઓ હિંદુ છે કે મુસ્લિમ, કોઈ જાણતું નથી. તેઓ સમાજના દંભ પ્રત્યે ભયંકર કઠોર હતા.

લેખ નં.૨માં લેખક બાહ્ય જગત અને આંતર જગતની વાત નોંધે છે. આંતરજગતને સમજનારો જ બહારના જગતને ન્યાય આપી શકે છે. આંતર જગતનો પ્રભાવ બાહ્ય જગત પર પડે છે. આંતર જગતમાં પ્રવેશ કરવા સાધના કરવી પડે છે. પણ તે સાધના બહાર નહીં, પોતાનામાં - કરવાની છે. મનને સાધવાનું છે. નહીં તો -

'પાની બિચ મીન પિયાસી, મોહિ સુન સુન આવત હાંસી' જેવું માત્ર કબીરને નહીં, અન્યને પણ થવું જોઈએ.

કબીર આત્માને ઓળખવાનું કહે છે -

'આતમ જ્ઞાન બિના જગ જુઠા ક્યા મથુરા ક્યા કાશી !' કબીર ક્રિયાકાંડ, બાહ્ય વિધિવિધાનોને વ્યર્થ માને છે. - ક્યા સંધ્યા તર્પન કે કીન્હે, જો નહીં તત બિચારા - તત - તત્ત્વ - સત્યનો વિચાર કરવાનું કહે છે. પરંતુ કહે છે, લોકો 'સાર સત કો છાંડ કે અસત સંગ રાચા - લોકો બિનજરૂરી બાબતો પર ધ્યાન આપે છે.

પુસ્તકનું છેલ્લું પ્રકરણ - 'પ્રેમ ઉપનિષદ' કેટલાક દોહાની સમજ દ્વારા સારા પ્રેમની સમજ આપે છે. સાંસારિક પ્રેમ અને આધ્યાત્મિક પ્રેમનો તફાવત કબીર સમજાવે છે.

હરેશભાઈ ખૂબ જ સરળ ભાષામાં કબીરના શબ્દોને સમજાવે છે. ભક્ત-સાધક-સંસારી સત્યશોધક સૌને માટે આ નાનું સરખું પુસ્તક મનન કરવા જેવું છે.

○ સુભાષચંદ્ર બોઝ - ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના સશસ્ત્ર ક્રાંતિકારી.



સંકલન : હરેશ ધોળકિયા, પૃષ્ઠ ૭૨, રૂ.૧૧૦/-

સુભાષચંદ્ર વિષે ગુજરાતી ભાષામાં ખૂબ ઓછું લખાયું છે. જે લખાયું છે તેમાં તેમના જીવન પર વધુ ભાર આપવામાં આવ્યો છે. તેમના વિચારો પર ભાર આપવામાં નથી આવ્યો.

પુસ્તકનાં ૭ પ્રકરણોમાં સુભાષબાબુનું જીવનચરિત્ર, જીવનપ્રસંગો, તેમના વિચારો આઝાદ હિંદ ફોજ અંગે, દેશ બહારની રોમાંચક યાત્રાઓ, આઝાદ હિંદ ફોજનું રાષ્ટ્રગીત, જીવનરેખા વગેરેને આવરી લેવામાં આવેલ છે.

સુભાષ બોઝનો જન્મ ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭માં ઓરિસ્સાના કટક શહેરમાં થયો હતો. તેમના પિતા વકીલ હતા. સુભાષ બોઝ ૧૯૧૯માં ઇંગ્લેન્ડ જઈ કેમ્બ્રિજમાં અભ્યાસ કરી ૧૯૨૦માં આઈ.સી.એસ. ઑફિસર બન્યા. ૧૯૨૧માં ભારત આવી ગાંધીજીને મળ્યા. ગાંધીજીની ચળવળમાં ઝુકાવ્યું. ૧૯૨૧થી ૧૯૪૧નાં ૨૦ વર્ષમાં ૧૧ વખત જેલવાસ ભોગવ્યો. ૧૯૩૪ થી ૧૯૩૬ સુધી વિયેના ગયા. યુરોપના નેતાઓના સંપર્કમાં આવ્યા. હરિપુરાના કૉંગ્રેસના ૫૧ના અધિવેશનના પ્રમુખ બન્યા. બીજા વિશ્વયુદ્ધ શરૂ થવાની શરૂઆતના ગાળામાં તેમણે વિશ્વના વિવિધ દેશોમાં યાત્રા કરી.

'આઝાદ હિંદ ફોજ'ની સ્થાપના કરી. જાપાન-જર્મનીની મદદ લઈ અંગ્રેજ સામે ૧૯૪૩માં યુદ્ધ કરવાની જાહેરાત કરી. આ રોમાંચક ઇતિહાસ જાણવા જેવો છે. રંગુનમાં રહી પોતાની ફોજની મદદથી ભારતમાં દાખલ થઈ દેશને આઝાદ કરવા માંગતા હતા. પરંતુ ૧૬ ઑગસ્ટ ૧૯૪૫ના રોજ વિમાનયાત્રામાં વિમાન તૂટી પડતાં તેમનું મૃત્યુ થયું. તેઓ મર્યા નથી તેવી અફવા ખૂબ ચાલી.

નાના સરખા પુસ્તકને વાંચતાં વાચકને સુભાષચંદ્ર બોઝના જીવનની એક ઝલક મળે છે. હરેશભાઈનું પુસ્તક વાચકને સુભાષબાબુ વિષે અન્ય પુસ્તકો વાંચવા પ્રેરશે તેવું અવશ્ય લાગે છે.

■ **ગૂર્જર સાહિત્ય ભવન,** રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. મો.: ૯૨૨૭૦૫૫૭૭૭



○ શ્રી નિસર્ગદત્ત મહારાજ - વીસમી સદીના પ્રખર જ્ઞાની. સંકલન : હરેશ ધોળકિયા, પૃષ્ઠ ૬૪, રૂ. ૧૨૦/-.

હરેશભાઈ પાસે એક પુસ્તક આવ્યું "I am that". આ પુસ્તકમાંનાં વાક્યો તેમને ઉપનિષદોનાં વાક્યો જેવાં લાગ્યાં. આ પુસ્તક શ્રી નિસર્ગદત્ત મહારાજ સાથેના વાર્તાલાપ આધારિત તૈયાર કરવામાં આવ્યું છે. હરેશભાઈએ મહારાજનાં અન્ય પુસ્તકોનો પણ અભ્યાસ કર્યો.

નિસર્ગદત્ત મહારાજ વિષે હરેશભાઈએ ૬૫ પાનાંમાં આપણને જરૂરી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

માહિતી ઉપલબ્ધ કરાવી છે, જેમાં મહારાજના જીવન વિષે, તેમના સાક્ષાત્કાર વિશે, તેમની સાધનાપદ્ધતિ વિશે, તેમજ તેમના વાર્તાલાપો વિષે ટૂંકાણમાં રજૂઆત કરી છે. મહારાજનો જીવનકાળ ૧૮૯૭ થી ૧૯૮૧ સુધીનો ૮૪ વર્ષનો રહ્યો. પિતા શિવરામ પંત, માતા પાર્વતીબાઈના તેઓ સંતાન હતા. મહારાજનો ઉછેર ગામડામાં થયો. પિતા ૧૯૧૫માં મહારાજના ખોળામાં માથું મૂકીને મૃત્યુ પામ્યા. ત્યાર બાદ મહારાજ ૧૯૨૦માં મુંબઈ આવ્યા. ૧૯૨૪માં તેમનાં લગ્ન થયાં. શ્રી સિદ્ધ રામેશ્વર મહારાજે નિસર્ગદત્ત મહારાજને દીક્ષા આપી. તેમની હાજરીમાં સમાધિ લાગી ગઈ અને તેમના મનમાં ઊઠતા સઘળા પ્રશ્નોનું સમાધાન થઈ ગયું. ગુરુ નાથસંપ્રદાયના હતા. સિદ્ધ રામેશ્વર મહારાજનો ૧૯૩૬માં સ્વર્ગવાસ થયો. વર્ષ ૧૯૩૭માં નિસર્ગદત્ત મહારાજે મુંબઈ છોડી પંઢરપુરની વાટ પકડીને ભ્રમણ ચાલુ કર્યું. પગપાળા ચાલતાં ચાલતાં ગાણગાપુર, રામેશ્વર, મથુરા, વૃંદાવનથી દિલ્હી પહોંચ્યા. ત્યાંથી હિમાલયમાં તપ કરવા જવાના હતા. પણ તેમના એક ગુરુબંધુએ તેમને મુંબઈ પાછા જવાનું કહ્યું. તેઓ મુંબઈ પાછા ગયા. મુંબઈ જઈ ભજન ચિંતન સાથે વેપાર ધંધો ચલાવવા લાગ્યા, સાથે સાથે તેમણે દાસબોધ, યોગ વાશિષ્ટ, જ્ઞાનેશ્વરી તેમજ શંકરાચાર્ય વગેરેનાં પુસ્તકો વાંચ્યાં. મહારાજને અપરોક્ષ સ્વરૂપ જ્ઞાનનો પોતાના અંગમાં સાક્ષાત્કાર થયો. મૂળ આત્મસ્થિતિ સ્વ-પ્રતીતિથી સિદ્ધ થઈ.

૧૯૪૨થી ૧૯૪૮ના ગાળામાં મહારાજનાં માતુશ્રી, પત્ની, તેમજ પુત્રીનું અવસાન થયું.

લોકોના આગ્રહથી ૧૯૫૧થી નામમંત્ર આપવા લાગ્યા. મહારાજનું નિવાસ-સ્થાન ખેતવાડી વિસ્તારમાં આશ્રમ બની ગયો. મહારાજને વૃદ્ધાવસ્થામાં ગળાનું કેન્સર થયું. બોલવાનું મુશ્કેલ બનવા લાગ્યું. છેલ્લે ૧૯૮૧ની ૧૦મી સપ્ટેમ્બરના રોજ તેમણે મહાસમાધિ પ્રાપ્ત કરી. બાણગંગાના સ્મશાનમાં તેમના પુત્રે અગ્નિદાહ આપ્યો.

મહારાજના શિષ્ય પોલેન્ડના ઇજનેર મોરિસ ફ્રિડમેને મહારાજના વાર્તાલાપો પરથી "I am That" પુસ્તક પ્રકાશિત કર્યું, જે વિશ્વમાં 'બેસ્ટ સેલર' થઈ ગયું.

હરેશભાઈએ પુસ્તકમાં મહરાજનાં ઘણાં બધાં મહત્ત્વનાં વચનો છાપ્યાં છે. મહારાજના અંગ્રેજી પુસ્તકમાંથી થોડી પ્રસાદી વહેંચી છે.

માનવ વિકાસ કેન્દ્રે (વલ્લભ વિદ્યાનગર) વર્ષ ૨૦૦૭માં પુસ્તિકા 'આત્મબોધ' પ્રવેશિકા તૈયાર કરી હતી. મહારાજનું મૂળ પુસ્તક 'I am that' ૪ ભાગમાં અક્ષરભારતી - ભૂજ પ્રકાશિત કરવાનું હતું. હાલમાં તે ઉપલબ્ધ નથી ત્યારે હરેશભાઈનું આ પુસ્તક આપણી જિજ્ઞાસાને સંતૃપ્ત કરે છે.



○ શ્રી શારદા મણિદેવી (મહિલા સંત ચરિત્રની મહેક). સંકલન : હરેશ ધોળકિયા, પૃષ્ઠ ૬૮, કિંમત રૂ. ૧૨૦/-.

આ પુસ્તકનાં ૭ પ્રકરણોમાં શ્રી શારદામણિ દેવીના જીવન અંગે, તેમના પ્રસંગો, તેમની માતૃવાણી, તેમના વાર્તાલાપો, તેમના શિષ્યોની દૃષ્ટિએ દેવી અંગેની વાતો, દેવીને આપેલી અંજલિઓ તેમજ શારદામણિ દેવી અંગેના સંદર્ભગ્રંથોની યાદી આપવામાં આવી છે.

શ્રી શારદાદેવીનો જન્મ ૨૨ ડિસેમ્બર ૧૮૫૩માં બંગાળમાં કોલકાતાથી ૬૦ માઈલના અંતરે આવેલા બાંકુડા જિલ્લામાં આવેલા જયરામવાટી ગામે થયો હતો. તેમના પિતા રામચંદ્ર મુખોપાધ્યાય પૂજારી હતા. તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હતી. માતા શ્યામાસુંદરદેવી દેવભક્ત હતાં.

રામકૃષ્ણનાં માતા પિતાનું નામ ચંદ્રમણિદેવી અને ખુદીરામ હતું. તેમનું નાનપણનું નામ ગદાધર હતું. તેમણે ૭ વર્ષની વયે પિતા ગુમાવ્યા હતા. મોટા ભાઈ રામકુમાર સાથે કલકત્તા આવી દક્ષિણેશ્વર મંદિરમાં પૂજા કરતા હતા. મોટા ભાઈના મૃત્યુ બાદ ગદાધર પૂજારી બન્યા. થોડા સમય પછી માતાજીનાં પ્રત્યક્ષ દર્શન ન થતાં તલવાર ઉપાડી ગળા ઉપર ઝીંકી. તે જ પળે જાણે જગદમ્બાએ પ્રગટ થઈને ગદાધરનો હાથ પકડી લીધો. ત્યારથી તેમના અને માતાજીના મા-બાળક જેવા સંબંધો થઈ ગયા. ગદાધરની ૨૭ વર્ષની વયે પાંચ વર્ષના શારદાદેવી સાથે ધામધૂમથી લગ્ન કરવામાં આવ્યાં. શારદાદેવીએ મોટા ભાગનો સમય પોતાના પિયર જયરામવાટીમાં પસાર કર્યો. કામારપુકુરમાં રહેતાં થયાં ત્યારે વાંચતાં લખવાનું શીખવા લાગ્યાં. રામાયણ વાંચતાં થયાં. રામકૃષ્ણે તેમને ગૃહ સંસાર ચલાવવાની તાલીમ આપી. ૧૮૭૨માં શારદામણિ દેવી રામકૃષ્ણ સાથે રહેવા દક્ષિણેશ્વર આવ્યાં.

રામકૃષ્ણના ગુરુ તોતાપુરીએ કહેલ કે - ''સ્ત્રી પાસે હોવા છતાં જે પોતાના મનને નિર્વિકાર રાખી શકે અને સ્ત્રીને બ્રહ્મના એક સ્વરૂપ સિવાય બીજી વિકારી દેહદૃષ્ટિથી ન જુએ તે જ સાચો બ્રહ્મનિષ્ઠ છે. બીજા બધા ભલે સાધક હોય, પણ અદ્વૈત વિજ્ઞાનથી તેઓ બહુ દૂર છે.''

રામકૃષ્ણ - શારદાદેવીનો સમય આત્મસંયમમાં પસાર થતો હતો. સહશયન કરવા છતાં કોઈ શરીરભોગની કામનાનો થોડો પણ ભાવ થયો નહીં. રામકૃષ્ણ શારદાદેવીના સંયમી અને પવિત્ર ભાવનાની કદર કરે છે. રામકૃષ્ણ નિષ્કલંક અને કામરહિત શારદાદેવીની ષોડશી પૂજા કરી તેમને દેવી સ્વરૂપે પૂજવા લાગ્યા - ગણવા લાગ્યા, તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

૧૮૮૫માં શ્રી રામકૃષ્ણને ગળાનું કેન્સર થયું. શારદાદેવી તેમની સેવામાં રહ્યાં. રામકૃષ્ણે મનમાં મહાસમાધિનો નિર્ણય લઈ લીધો હતો. આની જાણ શારદાદેવીને થતાં તેમણે સંથારો કરવાનો માર્ગ પકડ્યો. ત્રણ દિવસ પસાર થયા. તેમને મળેલા સંકેતથી જળ ગ્રહણ કરી લીધું.

૧૮૮૬ના છેલ્લે દિવસે શ્રી રામકૃષ્ણે શારદાદેવીને કહ્યું - ''જુઓ બ્રહ્મભાવનું ઉદ્દીપન થાય છે.... તેમણે મૃત્યુનો સંકેત કર્યો. રડતાં શારદાદેવીને કહ્યું, તમે ચિંતા ન કરો, નરેન (સ્વામી વિવેકાનંદ) વગેરે

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તમારી સંભાળ રાખશે. ૧૮૮૬ની ૧૬મી ઑગસ્ટે મધરાતે શ્રી રામકૃષ્ણે મહાસમાધિમાં પ્રવેશ કર્યો.

શ્રી રામકૃષ્ણે પ્રગટ થઈને શારદાદેવીને હાથનાં કંકણ કાઢી નાંખવાની ના કહી. દેવીની ઉંમર તે વખતે ૩૩ વર્ષની હતી. શ્રી રામકૃષ્ણના દેહત્યાગ પછી ૧૯૨૦, ૨૧ જુલાઈને રોજ તેઓ મહાસમાધિમાં ચાલ્યાં ગયાં. આમ તેઓ ૩૪ વર્ષ એકલાં જીવ્યાં. આ ગાળામાં વૃંદાવન-હરદ્વારની - બોધગયાની યાત્રા કરી. કેટલાંક વર્ષો અત્યંત ગરીબીમાં વિતાવ્યાં. સાધના કરતાં દિવ્ય દર્શન થયું. ચહેરો તેજસ્વી બન્યો. રામકૃષ્ણના શિષ્યોએ તેમના માટે રહેવાની સારી સગવડ કરી. વિવેકાનંદજી અમેરિકાની સફળ યાત્રા કરીને આવ્યા પછી બેલુર મઠની સ્થાપના કરી. દેવીજી ત્યાં રહેવા આવ્યાં. ત્યારબાદ કલકત્તામાં ૧૯૦૯માં રહ્યાં જેમાં રામકૃષ્ણ મંદિર પણ બનાવ્યું.

દેશ વિદેશના ભક્તો તેમને મળવા આવતા. મા સારો એવો સમય જપ-તપમાં વિતાવતાં. બધા જ ધર્મના લોકો દીક્ષા લેવા આવતા હતા.

તેમના અંતિમ શબ્દો હતા - જો શાંતિ ઇચ્છતા હોવ તો કોઈના દોષ ન જોતા. જગતને પોતાનું કરી લેતાં શીખો. કોઈ પારકું નથી - જગત તમારું જ છે.



○ અંગદનો પત્ર - હરેશ ધોળકિયા, પૃષ્ઠ ૧૬૪, વીસમી સંવર્ધિત આવૃત્તિ : ડિસેમ્બર ૨૦૨૪, કિં.રૂ. ૨૦૦/-.

'અંગદનો પત્ર' આયન રેન્ડના દર્શનને નવલકથામાં ઢાળવાના હેતુથી તૈયાર કરવામાં આવી છે. પહેલી આવૃત્તિ જૂન ૨૦૦૬માં પ્રગટ થઈ હતી. નવલકથા અંગે ઘણું લખાયું છે. સેંકડો નકલ લોકોના હાથમાં પહોંચી છે. લેખક હરેશભાઈએ પણ પુસ્તક પર પ્રવચનો આપ્યાં છે. વગર જાહેરાતે પુસ્તક વેચાય છે, વંચાય છે.

અંગદ 'રામાયણ'નું એક પાત્ર છે. અંગદ જ્યાં પણ પગ ખોડીને ઊભો રહે તેને કોઈ પણ ઈંચ ભર ખસેડી શકતું નહીં. પ્રતિભાશાળીની પ્રતિભાને કોઈ અવગણે તેને નીચે ઉતારવાના પ્રયાસો કરનારા સફળ થતા નથી. નવલકથામાં એક પ્રતિભાશાળી શિક્ષક છે. પણ તે જ સ્કૂલમાં એક અન્ય મહત્ત્વાકાંક્ષી શિક્ષકમાં ઈર્ષ્યાનો ભાવ રહે છે. તે પ્રતિભાશાળી શિક્ષક સામે નવા નવા પેંતરા રચ્યા કરે છે, અને તેને પાછો પાડવા પ્રયત્ન કરે છે. પરંતુ જીવનના આખરી તબક્કે તેને પસ્તાવો થાય છે, અને આત્મહત્યા કરે છે.

આ નવલકથાને સ્વ. મોતીભાઈ પટેલ, ઈશ્વરભાઈ પરમાર (દ્વારકા), શશીકાંત શાહ (સુરત), ભદ્રાયુ વછરાજાની, દીપક સોલીયા, બકુલ દવે, નવનીત પટેલ, અશોક ઉપાધ્યાય, દિલિપ શાહ (સુરત) વગેરેએ આવકારી છે, વખાણી છે. મિત્રોને ભેટ પણ આપી છે.

(જુઓ પાન નં. ૨૦)

શંકરાચાર્યની અપ્રતિમ..... (પાન ૦૩નું ચાલુ)

મળ્યા છે કે જેઓ પુનર્જન્મમાં નથી માનતા અને કેટકેટલાય મુસલમાનો અને ખ્રિસ્તી લોકો મળ્યા કે જેઓ કહે છે કે આ વિચારમાં સાર છે. ધર્મ આત્માનો વિષય છે. એ ધર્મનો પ્રચાર ચિંતનથી, જ્ઞાનથી, તપશ્ચર્યાથી અને અનુભવ દ્વારા જ થાય છે.

ગાંધીજીએ આપણા માટે એક ઉદાહરણ આપ્યું છે. પ્રાર્થના સમયે એમને રક્ષણ આપવાની વાત નીકળી ત્યારે એમણે કહ્યું કે પ્રાર્થના સમયે તો હું ભગવાનના જ હાથમાં હઈશ. એ સમયે બીજા રક્ષણની હું વાત સહન નહીં કરી શકું. કેમ કે પ્રાર્થના જો રક્ષણની અંતર્ગત થતી હોય તો તે પ્રાર્થના જ મટી જાય છે. એને પ્રાર્થના જ ન કહેવાય. જ્યારે આપણે બીજું રક્ષણ લઈએ છીએ ત્યારે આપણે ભગવાનને છોડી દઈએ છીએ. એટલા માટે ધર્મને સત્તા સાથે જોડવાની વાતો છોડી દેવી જોઈએ. એ બંનેને જોડવા જઈએ તો ધર્મને હાનિ થાય છે.

न कर्मणा, न प्रजया, धनेन । त्यागेनैके अमृतत्वमानशुः (કૈવલ્યોપનિષદ). આ ઉપનિષદના વચનનો આધાર લઈને શંકરાચાર્ય લોકોને ધર્મ સમજાવતા રહ્યા.

શંકરાચાર્યનો સંદેશ

શંકરાચાર્ય જે જમાનામાં થઈ ગયા એ દિવસોમાં વિશેષ સાધન-સુવિધા-સવલતો નહોતી. તેમ છતાં એક આઠ-દશ વર્ષનો છોકરો ઘર છોડીને પગપાળા ફરવા લાગ્યો. એણે બ્રહ્મચર્યાશ્રમમાંથી જ સંન્યાસની દીક્ષા લીધી. એમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને અસાધારણ ગ્રંથો લખ્યા. એમણે સામાન્ય જનતા માટે સ્તોત્ર લખ્યાં છે, તે અમૃત કરતાં પણ મીઠાં છે.

એકતા, સત્યતા અને ત્યાગનો સંદેશ લઈ તેઓ એક ગામમાંથી બીજા ગામ - ફરતા જ રહ્યા. ત્યાગથી ચઢિયાતી બીજી કોઈ વસ્તુ નથી એવું એટલા માટે કહેતા કે આ દુનિયા એક માયા છે. આમ તો માયાવાદ ઘણો જૂનો, પ્રાચીન, પુરાતન છે. પણ શંકરાચાર્યે માયાવાદને લોકપ્રિય બનાવ્યો. એમણે આપેલ ઉપદેશ પર સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ-પરમહંસ જેવા સત્પુરુષો જીવનભર ચાલ્યા. શિવોઽહમ્ - અમે તો શિવ છીએ, સેવક છીએ.

(ક્રમશઃ)

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં૰ મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૩૦૦
આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૩૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બાપ કે દલાલ?

પ્રબોધરાયની ઊંઘ અડધી રાતે ઊડી ગઈ ત્યારે એ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. કેટલું વિચિત્ર સપનું આવ્યું હતું! પોતે કાતર, હથોડી, ચપ્પુ બધાં સાધનો લઈને પ્રિયાના શરીરનાં અંગોને મઠારી રહ્યા હતા. કાનને મોટા બનાવવા પક્કડથી ખેંચ્યા તો હોઠને પતલા કરવા કાનસથી ઘસ્યા. હાથની આંગળીઓને લાંબી કરવા ચિપિયો લઈને આંગળી ખેંચવા ગયા ત્યાં જાગી જવાયું. શું થઈ ગયું હતું પોતાને? રમીલા તો રોજ કહેતી હતી, ''પ્રિયાને પરણાવવાનું આ શું ભૂત વળગ્યું છે તમને? જ્યારે જુઓ ત્યારે એ જ વાત. હજી તો હમણાં એને વીસ પૂરાં થયાં. એને ભણવા દો ને!''

''તને સમજ નથી પડતી. વખતસર એને વરાવી નહીં દઈએ તો આખી જિંદગી ઘરમાં બેસાડી રાખવાનો વારો આવશે.''

સવાર પડે ને પ્રબોધરાય છાપું લઈને બેસી જતા. 'મુરતિયો જોઈએ છે' કોલમ હેઠળ છપાયેલી વિગત ઝીણવટથી જોતા. છાપામાં લાલ પેનથી નિશાની કરતા અને ડાયરીમાં ફોન નંબર લખતા રહેતા. પ્રિયાને પપ્પાનું આ વર્તન સમજાતું નહોતું. બજારમાંથી લેટેસ્ટ ફેશનનાં કપડાં લાવીને કહેતા, ''આજ-કાલની છોકરીઓની જેમ અપ-ટુ- ડેટ રહેતાં શીખ. થોડા થોડા વખતે બ્યુટી પાર્લરમાં જવાનું રાખ ને ઈંગ્લીશ બોલતાં શીખવે છે એ ક્લાસમાં જઈને સડસડાટ અંગ્રેજી બોલતી થઈ જા. હમણાંના છોકરાઓને સ્માર્ટ છોકરી જ ગમે.''

એમની આવી બધી વાતો પ્રિયાને એટલી અપમાનજનક લાગતી કે, હવે એને પપ્પાની સામે આવવાનું મન નહોતું થતું. અરીસામાં જોતી ત્યારે એને પોતાનો નમણો ચહેરો નહીં પણ જાડા હોઠ અને ચુંચી આંખો દેખાતા. એને થતું કે કોઈ પ્લાસ્ટિક સર્જનને જઈને કહે કે, મારાં અંગેઅંગ પર કાપકૂપ કરીને મને એવી સુંદરી બનાવી દો કે જેનામાં કોઈ, કશી ખામી ન કાઢી શકે. એ પપ્પાને ફોન પર વાત કરતા સાંભળતી, ''અમારી પ્રિયામાં કંઈ કહેવાપણું નથી. ઘરકામમાં એક્કો. રસોઈ તો એવી બનાવે કે, આંગળાં ચાટતાં રહી જઈએ. એ ગાય ત્યારે આંખ બંધ કરીને સાંભળીએ તો એમ જ લાગે કે, જાણે લતા મંગેશકર ગાય છે...'' પ્રિયાને બૂમો પાડીને કહેવાનું મન થતું, 'આ બધું ખોટું છે. પપ્પાને માથા પરથી મારો બોજો ઉતારવો છે એટલે આ વાક્યો ગોખી રાખ્યાં છે.'

આવું બનતું ત્યારે એની નજર સામે હંમેશાં એક દશ્ય આવતું. ભાઈના જન્મદિવસે એ ચારે જણાં હોટેલમાં જમવા ગયાં હતાં. ભાઈએ વેઈટરને પૂછેલું, ''યહાં કી સ્પેશિયાલીટી ક્યા હૈ?'' અને વેઈટર જાણે આ સવાલની રાહ જોઈને ઊભો હોય એમ બોલવા લાગેલો, ''અરે સાહબ, હમારે યહાં કી હર ચીઝ સ્પેશિયલ હૈ. પંજાબી, ચાઈનીઝ, સાઉથ ઇંડિયન – કુછ ભી ખાઓગે, ખુશ હો જાઓગે.'' પપ્પામાં એને એ વેઈટર દેખાવા લાગતો. એને પપ્પાને કહેવાનું મન થતું, ''પપ્પા, પ્લીઝ, મારું પ્રદર્શન કરવાનું બંધ કરો. મને મારા નસીબ પર છોડી દો.'' પણ પપ્પાની સામે આવતી ત્યારે એનું મોઢું સિવાઈ જતું.

મમ્મી પપ્પાને સમજાવવાની કોશિશ કરતી, ''જુઓ, તમે આમ ને આમ કરતા રહેશો તો ઊલટા સમાજમાં આપણે હલકા પડી જઈશું. મુન્નીમાં જે છે તે છે ને નથી તે નથી. એમાં ખોટો ઢાંકપિછોડો કરવાની શી જરૂર છે?'' પણ પ્રબોધરાય એવા ચીડિયા થઈ ગયા હતા કે, પત્નીની વાત સાંભળવા ને સમજવાને બદલે જોર જોરથી ઘાંટા પાડવા લાગતા,

''તારી અક્કલ તારી પાસે રાખ. મને સલાહ આપવાની જરૂર નથી, સમજી?'' રમીલા પાસે ચૂપ થઈ જવા સિવાય બીજો ઉપાય નહોતો.

જેમ જેમ દિવસો પસાર થતા હતા એમ પ્રમોદરાયની નિરાશા વધતી જતી હતી. કોઈ ભગત, ભુવા, સાધુ, સંત જે બતાવે એ બધું કરવા તૈયાર થઈ જતા. એક દિવસ સવારનાં ચા-નાસ્તો પત્યાં કે એમણે રમીલાને કહ્યું, ''પ્રિયાના જન્માક્ષર આપ તો!''

''કેમ, અત્યારમાં જન્માક્ષરનું શું કામ પડ્યું?''

''કામ વગર તો નહીં કહેતો હોઉં ને? અમારી ઑફિસનો ગુપ્તા કહેતો હતો કે, એના ઘરે એક મહાન બાબા પધારવાના છે. એ જન્માક્ષર જોઈને એટલું સચોટ ભવિષ્ય ભાખે છે કે, આજ સુધી એમની કોઈ વાત ખોટી નથી પડી. એટલે મને થયું કે...''

''હા હા, સમજી ગઈ. તમને થયું કે, પ્રિયાના જન્માક્ષર એ બાબાને બતાવી આવું, કેમ, ખરું ને?'' એમના હાથમાં જન્મપત્રી મૂકતાં રમીલાએ કહ્યું, ''ભલે, એ તો તમારે જે કરવું હોય એ કરો, પણ જાવ જ છો તો બજારમાંથી એક-બે શાક પણ લેતા આવો ને! ઘરમાં કંઈ શાક નથી.'' એમ કહીને એણે પતિના હાથમાં શાકની થેલી પકડાવી.

ગુપ્તાના ઘર તરફ જતાં પ્રબોધરાયને વિચાર આવ્યો કે, ગુપ્તાએ તો દસ વાગ્યાનો સમય આપ્યો હતો અને અત્યારે તો હજી પોણા નવ થયા છે. ચાલ, પહેલાં બજારનું કામ પતાવીને પછી ત્યાં જાઉં એ ઠીક રહેશે. હજી તો શાકવાળા સાથે રકઝક કરીને એ શાક લેવા જતા હતા ત્યાં ફોનની રીંગ વાગી. સ્ક્રીન પર નામ દેખાયું, 'રમણલાલ એમ.' જે કોઈ મુરતિયાની બાતમી મળી હોય એના પિતાશ્રીનું નામ સેવ કરવાની એમની આ રીત હતી. પહેલાં ભાવિ વેવાઈનું નામ અને પછી મુરતિયાનો એમ. એ ખુશ થઈ ગયા. 'વાહ, બાબાએ તો એમને મળવા પહેલાં જ પરચો બતાવી દીધો!' ઉત્સાહમાં આવીને એ આજુબાજુનો વિચાર કર્યા વિના બોલવા લાગ્યા,

''કેમ છો રમણલાલ? તમારે પ્રિયાને જોવી છે ને? હા, તો મુલાકાત ગોઠવીએ. બાકી એનામાં જોવા જેવું કંઈ છે જ નહીં. ગોરો વાન, સુડોળ શરીર, લાંબા, ઘટાદાર વાળ, મોટી, પાણીદાર આંખો અને...''

બાજુમાં ઊભા રહીને એમની વાત સાંભળી રહેલો એક ગુંડા જેવો દેખાતો માણસ પીળા પડી ગયેલા દાંત દેખાડતો ભદ્દું હસ્યો અને બોલ્યો, ''એક રાત કા કિતના લેતી હૈ?''

પ્રબોધરાયને લાગ્યું જાણે કોઈએ માથા પર પથ્થર ઝીંકી દીધો હોય! ધબ્બ દઈને એ બાજુના બાંકડા પર બેસી પડ્યા અને વિચારવા લાગ્યા, ''આ મેં શું કર્યું?'' દીકરી માટે મુરતિયો શોધતાં શોધતાં બજારમાં આવી ગયો!

ગુપ્તાને ઘરે જવાને બદલે એ નીચી મૂંડી કરીને પોતાના ઘર તરફ જવા લાગ્યા.

(જયશ્રી રાયની હિંદી લઘુકથાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org